# વિકાસનો પર્દાફાસ

જોન પરકીન્સનું પુસ્તક
Confessions of an Economic Hit Man
''આર્થિક હત્યારાની કબૂલાતો''નાં આંશિક ભાવાનુવાદ,
અનુવાદકની ટીપ્પણીઓ તથા
તેના લેખો સાથે.

: ભાવાનુવાદક :
વેલજીભાઈ દેસાઈ
ફોન : ૦૯૨ ૨૭૬૦૬૫૭૦
E-Mail: energy@tinytechindia.com

: પ્રકાશક :
રાજકોટ નાગરિક સેવા સમિતિ
૯૨, સમર્થ ટાવર, અક્ષર માર્ગ, રાજકોટ–૩૬૦ ૦૦૧



**VIKAS NO PARDAFAS**
Author : Veljibhai Desai
Published by : Rajkot Nagarik Seva Samiti

આ પુસ્તક કોઈપણ વ્યકિત છપાવી શકે છે, નકલ કરી શકે છે તથા આમાંના લખાણોનો અન્ય લેખોમાં છૂટથી ઉપયોગ કરી શકે છે. લેખક, પ્રકાશકે કોઈ કોપીરાઈટનો હકક રાખ્યો નથી.

પ્રકાશક :
**રાજકોટ નાગરિક સેવા સમિતિ**
૯૨, સમર્થ ટાવર, અક્ષર માર્ગ,
રાજકોટ–૩૬૦ ૦૦૧

**કિંમત : રૂા. ૨૫**

મુદ્રક :
કોન્ટેક એડ્ઝ
૭/૧૧, ભક્તિનગર સ્ટેશન પ્લોટ, રાજકોટ
dineshtilva@gmail.com

# પ્રસ્તાવના

આજે આપણે જેને વિકાસના નામથી ઓળખીએ છીએ તેને ૧૦૦ વરસ પહેલા લોકો સુધારો કહેતા. ભૌતિક સુખ–સગવડ જેનાથી વધે છે એમ આપણે માનીએ છીએ તે બધી વસ્તુઓ વિકાસની એટલે કે સુધારાની નિશાનીઓ ગણાય. જેમ કે મોટા રસ્તા, હાઈવે, મોટરગાડીઓ, રેલવે, વિમાનો, સ્ટીમરો, મકાનો, શહેરો, બંગલા, હોસ્પીટલો, ટેલીફોન, ટીવી, ઈન્ટરનેટ, કારખાના, મશીનો વગેરેથી સુખ મળે છે અને તેથી આ બધી વસ્તુઓ વિકાસની નિશાનીઓ છે, એટલે કે સુધારાની નિશાનીઓ છે.

આ સુધારાને ગાંધીજીએ આજથી ૧૦૦ વરસ પહેલા ૧૯૦૯માં 'હિંદ સ્વરાજ' નામનું પુસ્તક લખીને સખત શબ્દોમાં ધુત્કારી કાઢયો હતો. ગાંધીજીના જ શબ્દોમાં થોડા વાકયો જોઈએ.

''સુધારામાં નીતિની કે ધર્મની વાત છે જ નહીં.''

''શરીરનું સુખ કેમ મળે એ જ સુધારો શોધે છે.''

''આ સુધારો તે અધર્મ છે.''

''આ સુધારો એવો છે કે જો આપણે ધીરજ રાખી બેસીશું તો સુધારાની હડફેટમાં આવેલા માણસો પોતે સળગાવેલા અગ્નિમાં બળી મરશે.''

''તે સુધારો નાશકારક અને નાશવંત છે.''

આજથી ૧૦૦ વરસ પહેલાં ગાંધીજીએ ઉપર મુજબ આક્રોશ સાથે જે આગાહી કરી હતી તે સાચી સાબિત થવાની તૈયારીમાં છે. સુધારાના મોહમાં આખું યુરોપ અને અમેરિકા ફસાયા અને તેમણે આખી દુનિયાને પણ વિકાસના નામે લૂંટી. આમ કરવા માટે અમેરિકાએ કેવા કાળા કામો કર્યા, કેવી રીતે દુનિયાની સરકારોને ફસાવી અને અંતે દુનિયાની તમામ સમૃધ્ધિ અમેરિકા અને યુરોપ લૂંટી ગયું અને અવિકસિત દેશોમાં ભૂખમરો વધ્યો, ગરીબી વધી અને બેકારી વધી અને આમજનતા દુ:ખી દુ:ખી થઈ ગઈ. બીજી બાજુ યુરોપ–અમેરિકામાં પુષ્કળ સમૃધ્ધિ હોવા છતાં, પ્રજા રેઢિયાળ થઈ ગઈ, કુટુંબ વ્યવસ્થા તૂટી ગઈ, શાંતિ ના રહી અને નેતાઓ યુધ્ધખોર થઈ ગયા. લાખો નિર્દોષ માણસોનો ભોગ લેવાયો.



યાદ રાખો કે આપણે સૌ શહેરોમાં સુખ માણતા લોકો સુધારાની હડફેટમાં આવેલા માણસો છીએ અને આપણે સળગાવેલા અગ્નિમાં બળી મરવાની તૈયારીમાં છીએ. ગમે ત્યારે યુધ્ધ ફાટી નીકળે, એટમ બોમ્બ ફેંકાય, પેટ્રોલ ડીઝલ બંધ થઈ જાય, પાણી વીજળી બંધ થઈ જાય, રાંધવાનો ગેસ ન મળે, મોટે પાયે ખુનામરકી ફાટી નીકળે, અનાજ ન મળે એવી પરિસ્થિતિ તરફ ઝડપથી ધસી રહ્યા છીએ.

આ સુધારાએ એટલે વિકાસે છેલ્લા ૫૦–૬૦ વરસમાં કેવું ભયાનક રૂપ ધારણ કર્યું છે તે જોન પરકીન્સે પોતાના પુસ્તક **'CONFESSIONS OF ECONOMIC HITMAN'** (આર્થિક હત્યારાની કબૂલાતો)માં વિસ્તારથી વર્ણન કર્યું છે. તેમાંથી થોડાક જ ચૂંટેલા પેરેગ્રાફનો અનુવાદ કરીને ગુજરાતી પ્રજા સમક્ષ આજે મૂકું છું. મને આશા છે કે આજનો વિકાસ કેટલો ભયાનક છે, કેટલો જોખમી છે, કેટલો અન્યાયી છે, કેટલો અનીતિમય છે અને કેટલો નાશવંત છે તેનો પર્દાફાશ જોન પરકીન્સના થોડાક વાકયોથી પણ થઈ જશે. જેમને વધુ રસ પડે અને જેમને અંગ્રેજી ભાષા ઉપર બહુ જ પ્રભુત્વ હોય તેણે જોન પરકીન્સનું મૂળ પુસ્તક વાંચવા ભલામણ છે.

– વેલજીભાઈ દેસાઈ

રાજકોટ.
હોળી સંવત ૨૦૬૫

# વિકાસનો પર્દાફાશ

કોઈ માણસ મોટી ફેકટરી કરે તો તેમાં ફેકટરી મેનેજર, સેલ્સ મેનેજર, ખરીદીનો મેનેજર, કામદારોનો મેનેજર એવા જુદા જુદા હોદા ઉભા કરે. એવી રીતે કોલેજ સ્થાપે તો પ્રીન્સીપાલ, પ્રોફેસરો, વ્યાખ્યાતા, લાઈબ્રેરીયન, વહીવટી અધિકારી એવા હોદા ઉભા કરે. આ બધુ સૌ જાણતા હોય છે.

પરંતુ લૂંટારાઓ ગામના ગામ લૂંટવાનું વ્યવસ્થિત આયોજન કરે અને તેને માટે જુદા જુદા હોદાઓ ઉભા કરીને મોટા મોટા માણસોની બહુ ઉંચા પગારે ભરતી કરે એવી કલ્પના કોઈ પણ માણસને આવે જ નહીં. વળી, લૂંટારાઓનું આખુ કામ જ ગેરકાયદેસર ગણાય. તેથી તેઓ પોતાની પ્રવૃત્તિ ખુલ્લંખુલ્લા ના કરી શકે. ખાનગીમાં જ કરવું પડે. વળી, સરકારથી ડરીને ચાલવું પડે. કયારેક પકડાય જાય તો જેલમાં જવું પડે અને લૂંટારાઓની પ્રવૃત્તિ ભાંગી પડે.

પરંતુ અમેરિકા–યુરોપના લૂંટારાઓ એવડા મોટા નીકળ્યા કે હિન્દુસ્તાનનો એક પણ માણસ તેની કલ્પના પણ કરી શકે નહીં. આ લૂંટારાઓએ ગામના ગામ લૂંટવાને બદલે આખે આખા દેશના દેશ લૂંટી લેવાના વ્યવસ્થિત વિશ્વવ્યાપી કાવતરા ઘડયા. તેમની પ્રવૃત્તિ ખુલ્લંખુલ્લા કરવા માટેના નુસ્ખા શોધી કાઢયા અને તેને "વિકાસ" એવું નામ આપ્યું. અને આખી દુનિયાને સુખી સુખી કરી આપવાની લાલચ આપી. તેને માટે વિશ્વવ્યાપી સંસ્થાઓ સ્થાપી. તેમના નામ "વિશ્વ બેંક", "આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ" અને "વિશ્વ વ્યાપાર સંસ્થા" એવા નામ આપ્યા અને તેમાં હજારો હોશિયાર માણસોની ખૂબ જ ઉંચા પગારે ભરતી કરી અને જુદા જુદા હોદાઓ આપ્યા અને દેશેદેશમાં તેની શાખાઓ સ્થાપી અને કલ્પી જ ના શકાય એવી જંગી લૂંટ દુનિયા આખીની કરવા મંડી. આખી દુનિયાને લૂંટીને અમેરિકા યુરોપે પોતાને ત્યાં સ્વર્ગ જેવી સગવડો ઉભી કરીને દુનિયાનાં બધા દેશોને લલચાવ્યા કે અમારા જેવી સુખ સગવડો તમારે ત્યાં જોઈતી હોય તો અમે કહીએ એમ કરો. એમ કરીને આ લૂંટારાઓએ દુનિયાની તમામ સરકારો ઉપર પણ કાબૂ જમાવ્યો. અને દુનિયાની સરકારો પાસે એવા કાયદા કાનૂન કરાવ્યા કે તેઓ ગમે એટલી ધન સંપતિ લૂંટી લ્યે, પ્રજા પાયમાલ થઈ જાય તો પણ સરકાર કાંઈ બોલી ના શકે, તેમને કાંઈ કરી ના શકે, એટલું જ નહીં તેમની લૂંટમાં તમામ સરકારોએ પૂરો સાથ આપવાનો. દેશ આખાને લૂંટી લેવામાં જે તે દેશની સરકારોએ જ તમામ સગવડ પૂરી પાડવાની.

ગામને લૂંટવા માટે લૂંટારાઓ આવે અને સરપંચને ઘરે જ ઉતરે, ત્યાં જ ખાય પીએ અને સરપંચ આગળ ચાલીને ખમતીધર માણસોના ઘર બતાવતો જાય



અને લૂંટારાઓને પૂરો સાથ આપતો જાય, પોતાની રીવોલ્વર પણ લૂંટારાઓને જ આપી રાખે અને લૂંટેલો માલ લૂંટારાઓને જયાં લઈ જવો હોય ત્યાં સુધી વાહનની સગવડ પણ ગામને પૈસે કરી આપે તો ગામની શું દશા થાય? બસ આવી જ સ્થિતિ આપણા દેશની અને વિકાસની પાછળ લલચાયા તે તમામ દેશોની થઈ છે.

આ વિશ્વવ્યાપી કલ્પનાતીત લૂંટ માટે હજારો લૂંટારા જોઈએ. હજારો માણસોને લૂંટારાઓની ખાનગી તાલીમ આપવાનું કામ અઘરુ, અટપટુ અને ખર્ચાળ થઈ પડે. છતાં ૧૯૬૮ થી અમેરિકામાં આવી ખાનગી તાલીમ આપીને "આર્થિક હત્યારા" નો ખાનગી હોદો આપવામાં આવતો હતો અને આર્થિક હત્યારાઓની તમામ પ્રવૃત્તિ અતિશય ખાનગી રાખવામાં આવતી હતી. પરંતુ પછીથી આ લૂંટારાઓએ ગજબનાક તરકીબ શોધી કાઢી. જગતની તમામ શિક્ષણ સંસ્થાઓમાં લૂંટની તાલીમના કોર્સ વિકાસને નામે દાખલ કરાવી દીધા, જેથી શિક્ષણ સંસ્થાઓમાંથી નીકળેલા માણસો કરોડો માણસોને લૂંટવાનું કામ વિકાસને નામે કર્યા કરે. અત્યારે આપણી મેનેજમેન્ટની સ્કૂલો, એન્જીનિયરીંગ કોલેજો વગેરેમાં ભણેલા યુવાનો આ લૂંટારાઓએ નકકી કરેલા કોર્સ ભણીને આર્થિક હત્યારાઓ તરીકે જ કામ કરે છે અને વિકાસના ગુણગાન ગાયા કરે છે અને કરોડો દેશવાસીઓ વધુને વધુ ગરીબ થતા જાય તેમની તેમને કાંઈ પડી નથી હોતી. આ રીતે વિશ્વવ્યાપી લૂંટારાઓ વિશ્વવ્યાપી લૂંટ કરવામાં સંપૂર્ણ સફળ થયા છે અને આપણે તેનો ભોગ બન્યા છીએ.

આ લૂંટારાઓના વિશ્વવ્યાપી કાવતરામાં "આર્થિક હત્યારા" ના ખાનગી હોદા ઉપર વરસો સુધી જોન પરકીન્સ નામના એક માણસે કામ કર્યું છે. પરંતુ તેના હૃદયમાં રામ વસ્યા અને તેણે આખે આખુ કાવતરુ પોતાનું ખૂન થવાની બીક હતી છતાં પણ પુસ્તક લખીને ખુલ્લુ કરી નાખ્યું. તેના પુસ્તકનું નામ છે "આર્થિક હત્યારાની કબૂલાતો." મેં તેના મુખ્ય અંશોનું જ ભાષાંતર કર્યું છે. (૧) થી (૫૮) પેરેગ્રાફ " આર્થિક હત્યારાની કબૂલાતો" માંથી લીધા છે. છેલ્લા પાંચ (૫૯) થી (૬૩) સુધી જોન પરકીન્સનું બીજુ પુસ્તક - SECRET HISTORY OF AMERICAN EMPIRE (અમેરીકન સામ્રાજયનો ખાનગી ઈતિહાસ) માંથી લીધા છે. અને પાછળ મારા થોડાક લેખો ઉમેર્યા છે. તેથી મેં નામ આપ્યું છે "વિકાસનો પર્દાફાશ.

રાજકોટ

**– વેલજીભાઈ દેસાઈ**

# "આ સુધારો એવો છે કે જો આપણે ધીરજ રાખી બેસીશું તો સુધારાની હડફેટમાં આવેલા માણસો પોતે સળગાવેલા અગ્નિમાં બળી મરશે."

ગાંધીજીનું 'હિન્દસ્વરાજ' – ૧૯૦૯



## અનુક્રમ


| | | |
|---|---|---|
| (૧) | પ્રસ્તાવના | ૩ |
| (૨) | વિકાસનો પર્દાફાશ | ૫ |
| (૩) | આર્થિક હત્યારાની કબૂલાતો | ૯ |
| (૪) | ગાંધીજીનું વાક્ય–હિન્દ સ્વરાજમાંથી | ૬૧ |
| (૫) | વિકાસ વિષે ગાંધીજીના વિચારો | ૬૨ |
| (૬) | આર્થિક ગુલામોનો દેશ અમેરિકા | ૬૪ |
| (૭) | અમેરિકાનું પતન નિશ્ચત છે | ૬૮ |
| (૮) | અમેરિકાની અગવડો | ૭૦ |
| (૯) | અમેરિકન પ્રમુખ ઓબામાને પત્ર | ૭૩ |
| (૧૦) | મેં જોયુ વિકૃતિથી પીડાતું યુરોપ | ૭૪ |
| (૧૧) | યુરોપનું આંતરિક દર્શન | ૭૭ |
| (૧૨) | અનર્થશાસ્ત્રીઓનો વિકાસ અને કેળવાણી | ૮૪ |
| (૧૩) | વિકાસ–ગુલામીનો, ગરીબીનો, ગુનાખોરીનો | ૮૮ |
| (૧૪) | પેટ્રોલિયમ ખૂટ્યુ જાણજો | ૯૨ |
| (૧૫) | સાચો વિકાસ આવો હોઈ શકે | ૯૫ |
| (૧૬) | હૃદયમાં કોતરાઈ ગયેલી માન્યતાઓ | ૯૮ |
| (૧૭) | ગાંધીજીના પુસ્તકો | ૧૦૦ |

# Confessions of Economics Hit Man

# આર્થિક હત્યારાની કબૂલાતો

**(૧) આર્થિક હત્યારાઓ ઘણાં ઉંચા પગારદાર માણસો હોય છે. તેઓ આખી દુનિયાને છેતરીને હજારો અબજ ડોલરની લૂંટ કરે છે. વિશ્વબેંક, આંતર રાષ્ટ્રીય વિકાસ માટેની યુ.એસ. એજન્સી અને વિદેશી "મદદ" માટે સ્થપાયેલી સંસ્થાઓમાંથી તમામ નાણાં આર્થિક હત્યારાઓ પૃથ્વીની કુદરતી સંપતિનો અંકુશ જેમના હાથમાં છે તેવા જંગી કોર્પોરેશનોની તિજોરીઓમાં અને થોડાંક અબજપતિ કુટુંબોનાં ખીસ્સામાં લઈ જાય છે. આર્થિક હત્યારાઓ છેતરામણાં નાણાંકીય રીપોર્ટો તૈયાર કરીને ચૂંટણીઓમાં પ્રપંચોથી હારજીત કરાવીને, પુષ્કળ લાંચરૂ✓ત આપીને, જોરજુલ્મ કરીને, સેકસ માટે સ્ત્રીઓનો ઉપયોગ કરીને તથા જરૂર પડયે ખૂન કરાવીને પોતાની પ્રવૃત્તિઓ કરે છે. જુના જમાનામાં સામ્રાજ્યો જે ગંદી રમતો રમતાં તેનાં કરતાં આજના વૈ✓ીકરણના યુગમાં આ ગંદી રમતો કલ્પી ના શકાય એવા ભયાનક પ્રમાણમાં વધી ગઈ છે.**

**હું આવો જ એક આર્થિક હત્યારો હતો**

**– જોન પરકીન્સ**

*વેલજીભાઈ દેસાઈની નોંધ :*

*જોન પરકીન્સની આ વાત આપણે ખૂબ ગંભીરતાથી અને ચોકસાઈથી વિચારીએ. એણે Trilions of dollors - એટલે કે હજારો અબજ ડોલરની વાત કરી છે. Billions of dollors - નથી કીધું. બીલીયન એટલે અબજ. Trilion - એટલે કે હજાર અબજ. એક અબજ એટલે ૧૦૦ કરોડ. એક હજાર અબજ એટલે એક લાખ કરોડ. આવા લાખો કરોડ ડોલર દુનિયાને છેતરીને અમેરિકા ધૂતી લ્યે છે. તો આ આંકડો આપણી કલ્પના બહારનો મોટો છે. હવે આ નાણાં જગત આખામાંથી લૂંટે છે. પરંતુ તેમાં ભારતમાંથી કેટલું નાણું – સમૃધ્ધિ જતા હશે તેનો અંદાજ આપણે ચોકસાઈથી કાઢી શકીએ. દુનિયા આખીમાં ૨૦૧ દેશ છે. તેમાંથી ૪૨ દેશો એટલા નાના છે કે હિન્દુસ્તાનને હાથી ગણીએ તો આ ૪૨ દેશો કીડી, મકોડા જ ગણાય. આ કુલ ૪૨ દેશોની કુલ વસ્તી અર્ધા મુંબઈ શહેર જેટલી જ થાય છે.*



*એટલે એ તો નામ માત્રના દેશો છે. બીજા ૧૦ લાખથી ૫૦ લાખની વસ્તી ધરાવતા દુનિયામાં ૪૪ દેશો છે. તે હિન્દુસ્તાનના હાથી પાસે ઉંદર બિલાડી જેવડા ગણાય. તો આ ૪૪ દેશોનું પણ ખાસ મહત્વ ના ગણાય. તેનાથી મોટા ૫૦ લાખથી પાંચ કરોડની વસ્તીના દુનિયામાં ૮૩ દેશો છે. તે પણ હિન્દુસ્તાનના હાથી પાસે ઘેટાં, બકરાથી વિશેષ નથી. તેનાથી મોટાં ૫ કરોડથી ૨૦ કરોડની વસ્તીવાળા કુલ ૧૯ દેશો છે તે પણ હિન્દુસ્તાનના હાથી પાસે બહુ બહુ તો મદનિયા જેવડા ગણાય. આમાં પાકિસ્તાન, બાંગ્લાદેશ, ઈન્ડોનેશિયા, બ્રાઝીલ, રશિયા અને જાપાન સહિતના દેશો આવી ગયા. હવે બાકી રહ્યા ત્રણ દેશ – ભારત, ચીન અને અમેરિકા. જો કે અમેરિકા પણ વસ્તીની દ્રષ્ટિએ તો થોડુંક મોટું મદનિયુ જ ગણાય. હવે આ મદનિયુ આખી દુનિયાને ચૂસી લ્યે, લૂંટી લ્યે, દબાવે તે શરમજનક ગણાય. પરંતુ તેમાં આપણે કયાં ઊભા છીએ તે વિચારીએ. ચીન તો હિન્દુસ્તાનથી મોટો હાથી છે. અમેરિકા તેને દબાવી શકતું નથી. ઉલ્ટુ ચીન તેને દબાવે છે. વળી યુરોપમાં ૪૫ નાના મોટા દેશો છે તેને અમેરિકા લૂંટી શકતું નથી. યુરોપના દેશો પણ દુનિયાને લૂંટે છે અને અમેરિકાની હરિફાઈ કરે છે. વળી જાપાન, ઓસ્ટ્રેલિયા, કેનેડા વગેરેને પણ અમેરિકા લૂંટતુ નથી, કારણ કે તે પણ દુનિયાને લૂંટી શકે એટલા સમૃધ્ધ છે. તો કીડી, મકોડા, ઉંદર, બિલાડી જેવડા દેશોને કાઢી નાંખીએ, યુરોપને બાદ કરીએ, ચીન, જાપાન, ઓસ્ટ્રેલિયાને બાદ કરીએ તો લૂંટવા માટે હિન્દુસ્તાન સહિત અમેરિકા પાસે આફ્રિકાના ૩૨, એશિયાના ૨૭ અને દક્ષિણ અમેરિકાના ૧૬ દેશો બચે છે. એટલે આ કુલ ૩૨+૨૭+૧૬=૭૫ દેશોમાંથી હિન્દુસ્તાનનો એક હાથી, પાકિસ્તાન, બાંગ્લાદેશ, ઈન્ડોનેશિયા જેવા ૧૨ મદનિયા અને બાકીના ૬૨ ઘેટા બકરા છે. આ ૬૨ ઘેટા બકરા એક હાથીની બરાબર થાય. અને ૧૨ મદનિયા બે હાથી બરાબર ગણીએ તો કુલ ૪ હાથી થયા. એટલે આપણે સહેજે કલ્પના કરી શકીએ કે અમેરિકા આખી દુનિયાની જેટલી સમૃધ્ધિ લૂંટે છે તેમાંથી ૨૫ ટકા ફકત હિન્દુસ્તાનની છે. આ લૂંટમાંથી કેમ છૂટવું તે દરેક શાણો ભારતીય વિચારે. ચીન જેમ લૂંટમાંથી નીકળી ગયું, ઉલ્ટુ અમેરિકાને દબાવવા માંડયું, તેમ આપણે લૂંટમાંથી તો જરૂર છૂટવું જોઈએ.*

*અહીં આપણે ખાસ યાદ રાખવાનું છે કે અમેરિકાની આ વિશ્વવ્યાપી લૂંટના જે સાધનો છે તેમાં સૌથી મુખ્ય સાધન ભ્રષ્ટાચાર અને લાંચ રુશ્વત છે.*

*દેશના વિકાસના તરકટી ભ્રામક રીપોર્ટ તૈયાર કરીને આપણાં દેશના નેતાઓને કરોડો રૂપિયા આપીને ફોડી નાંખવામાં આવતા હશે અને તેઓ દેશની આમપ્રજાની વિરુધ્ધ કાવતરામાં સામેલ થઈ જતાં હશે, એમ માનવું રહ્યું. ખૂન કરવા, સ્ત્રીઓમાં નેતાઓને ફસાવવા વગેરે મર્યાદિત પ્રમાણમાં જ શકય હોય છે. વ્યાપક પ્રમાણમાં દેશના અનેક નેતાઓને ફોડી નાંખવા માટે લાંચરુશ્વત અને ભ્રષ્ટાચાર જ વ્યાપક પ્રમાણમાં આચરવામાં આવતો હશે એમ આપણે માનવું રહ્યુ. એટલે આપણાં મોટાભાગના સત્તા ઉપરના નેતાઓ ભ્રષ્ટ હશે એમ માનવામાં બહુ જોખમ નથી.*

*હવે આપણે જોન પરકીન્સની આ વાત આગળ સાંભળીએ*

*– વેલજીભાઈ દેસાઈ*

(૨) **ઈકવેડોર દેશના પ્રમુખ જેઈમ રોલ્દોસ અને પનામાના પ્રમુખ ઓમાર ટોરીજોસ આ બન્ને વિમાન સળગવાથી મૃત્યુ પામ્યાં. તેઓના મૃત્યુ અકસ્માતને કારણે થયા ન હતાં. તેમને મારી નાંખવામાં આવ્યા હતા. કારણ કે વૈશ્વિક સામ્રાજ્ય સ્થાપવા માગતા કોર્પોરેશનો, અમેરિકન સરકાર અને બેંકોના વડાઓને સાથ આપવાનો એમણે વિરોધ કર્યો હતો. રોલ્દોસ અને ટોરીજોસને સીધા કરવાના આર્થિક હત્યારાઓના પ્રયાસ નિષ્ફળ ગયેલા, તેથી અમેરિકન જાસૂસી સંસ્થા (CIA) માન્ય ખુની ગુંડાઓએ તે કામ હાથમાં લીધું હતું.**

**– જોન પરકીન્સ**

*દેશના પ્રમુખ કે વડા પ્રધાન જેવા ઉચ્ચ નેતાઓના અમેરીકાએ ખૂન કરાવ્યા છે તેમ જોન પરકીન્સ ખુલ્લમ્ખુલ્લા કહે છે. આવા નેતાઓના ખૂનોની યાદી ઘણી લાંબી છે. અમેરીકાના કાળા કામો એટલા બધાં કાળા છે કે હિમાલયના તમામ શિખરોને કાળા કરી દેવા સમર્થ છે.*

*ઉપરોકત બન્ને પ્રમુખો દેશપ્રેમી હતા, હિંમતવાળા હતા. તેમનું ખૂન થશે એ જાણતા હતા છતાં દેશને ખાતર ફના થયા અને અમેરિકન ગુંડાગીરીને વશ ન જ થયા. તો અત્યારે તેનું સુંદર પરિણામ જોઈ શકાય છે. દક્ષિણ અમેરિકાના આવા ચારપાંચ નાના દેશો અમેરિકાની સામે ખુલ્લં ખુલા પડયા છે અને અત્યારે અમેરિકન પ્રમુખ બુશ તેમને કાંઈજ કરી શકયા નથી.*

*– વેલજીભાઈ દેસાઈ*



(૩) **મને આ પુસ્તક લખવાનું બંધ કરવા માટે સમજાવવામાં આવ્યો. છેલ્લાં ૨૦ વરસમાં મેં આ પુસ્તક લખવાનું ચાર વખત ચાલું કર્યુ. પરંતુ ધમકીઓ અથવા લાંચરુશ્વતથી પુસ્તક લખવાનું બંધ કરવા હું માની ગયો હતો. જ્યારે મેં લખી લીધું તો એક મોટાં પબ્લીશરે તે છાપવાની હિંમત ના બતાવી. તેણે કીધુ કે આને નવલકથા કરી નાંખો તો છાપું. પરંતુ મે કીધુ કે આ કાંઈ નવલકથા નથી. મારાં જીવનની આ સત્ય ઘટના છે. હું આજે જે સ્થિતિમાં છું તે આર્થિક હત્યારા તરીકે કામ કરીને કેવી રીતે પહોંચ્યો તેની સત્ય હકીકતો છે. જેનો કોઈ ઉકેલ ના કાઢી શકાય એવી કટોકટીમાં જગત કેમ આવી ગયું તેની સત્ય હકીકતો છે. જગતમાં દરરોજ ખોરાકના અભાવે ૨૪,૦૦૦ માણસો મૃત્યુ પામે છે. આવું કેમ બન્યું તેની હકીકતો છે. જગતના ઈતિહાસમાં પહેલીજવાર એવું બન્યું છે કે એક જ દેશ પાસે દુનિયાને જેમ નચાવવી હોય તેમ નચાવી શકે એવી શકિત, સત્તા અને નાણાં આવી ગયા છે. એ દેશ છે યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા, જ્યાં હું જન્મ્યો છું અને જ્યાં આર્થિક હત્યારાના હોદ્દા ઉપર મેં કામ કર્યુ છે.**

**– જોન પરકીન્સ**

*જગતમાં દરરોજ અમેરીકાના પાપી કાવત્રાથી ઉભા થયેલાં ભૂખમરાથી ૨૪ હજાર માણસો મૃત્યુ પામે છે. આ સત્ય હકીકત જોન પરકીન્સે ખુલ્લી પાડી છે. દરરોજના ૨૪ હજાર એટલે વર્ષના ૮૫,૦૦૦૦૦ એટલે ૮૫ લાખ માણસો ભૂખમરાથી મરી જાય છે એ કેટલી ભયાનક પરિસ્થિતિ છે. આ પરિસ્થિતિ અમેરીકાએ ઉભી કરી છે. બીજું જોન પરકીન્સ કહે છે કે, પોતાની ચોપડી છાપવાની કોઈ માણસની હિંમત ન હતી. જોન પરકીન્સને પણ ખૂન થવાની બીક હતી. એટલે સત્ય જાહેર કરવામાં ખૂન થઈ જવા સુધીની બીક લાગે છે. તો અમેરીકાની લોકશાહી ખરેખર એક પ્રકારની લશ્કરશાહી છે એમ જ માનવું પડે ને?*

*– વેલજીભાઈ દેસાઈ*

(૪) **આ પુસ્તકના પ્રકાશકે મને પૂછયું કે તમે ખરેખર જ "આર્થિક હત્યારા" કહેવાઓ છો ? મેં ખાત્રી આપી કે હા અમે આર્થિક હત્યારાઓ તરીકે જ ઓળખાઈએ છીએ. પરંતુ Economic Hit Men આખું નામ બોલવાને બદલે EHM ટૂંકમાં જ બોલીએ છીએ. અમારી પ્રવૃત્તિની જાણ અમારી પત્નીને પણ ના કરી શકીએ.**

**એકવાર અમે "આર્થિક હત્યારા" તરીકે દાખલ થયા, તે આખી જીંદગી માટે અંદર જ રહેવાનું ફરજિયાત છે.**

**– જોન પરકીન્સ**

*અમેરીકાની તમામ મોટી કંપનીઓમાં આર્થિક હત્યારાનો હોદો હોય છે અને તેનું કામ ગુંડાગીરી કરીને ગરીબ દેશોમાંથી ધન અને સમૃધિ તાણી લાવવાનું હોય છે. આ કેટલું મોટું કાવત્રુ છે? ૧૯૬૮ થી આ કાવત્રા ચાલે છે અને આપણો દેશ તેનો ભૂંડે હાલ ભોગ બનેલ છે.*

*– વેલજીભાઈ દેસાઈ*

(૫) **મારું કામ દુનિયાના નેતાઓને એમ સમજાવવાનું હતું કે અમેરિકાએ દુનિયાને લૂટીને વિશ્વ સામ્રાજ્ય ઊભુ કરવાની જે જાળ બીછાવી છે તે લૂંટવાની રમતમાં તે નેતાઓએ સામેલ થઈ જવું. આખરે એ નેતાઓ દેવાની જાળમાં ફસાય જાય છે, જે તેમની વફાદારીની ખાત્રી ગણાય છે. પછી ગમે ત્યારે અમે અમારી રાજકીય, આર્થિક કે લશ્કરી જરૂરિયાતો માટે તેમની પાસે ધાર્યુ કામ કરાવી શકીએ, બદલામાં તેઓ ઔદ્યોગિક વસાહતો, પાવર પ્લાન્ટ, એરપોર્ટ વગેરે પોતાના દેશમાં સ્થાપીને વિકાસનો ભ્રમ ઊભો કરીને પોતાની રાજકીય સ્થિતિ મજબૂત કરે, પણ અમેરિકાની એન્જિનીયરીંગ અને બાંધકામની કંપનીઓના માલિકો કલ્પના બહાર ધનવાન બની જાય.**

**– જોન પરકીન્સ**

*વિકાસના ભ્રમમાં આખી દુનિયા કેવી રીતે ફસાણી અને વિકાસના મોહનો અમેરિકાએ કેવો દુરુપયોગ કર્યો તે જોન પરકીન્સે ખુલ્લું પાડયું. મોટા મોટા કારખાના, મોટા મોટા પાવર હાઉસ, મોટા રસ્તા, હાઈવે, બંદરો, મકાનો, એરપોર્ટ વગેરે થશે એટલે આપણે બધા ખૂબ જ સુખી થઈ જઈશું એવા ભ્રામક વચનો આપીને જ નેતાઓ પોતાની રાજકીય સ્થિતિ મજબૂત કરે છે, કારણ કે પ્રજા છેતરાય છે અને વિકાસની લાલચમાં સપડાય જાય છે અને નેતાઓને ખોબે ખોબે મત આપીને ચૂંટી કાઢે છે. પરંતુ વિકાસની આ માયાજાળ પાછળ ખાનગીમાં તો બધા દેશના નેતાઓ લૂંટારું કંપનીઓની ધમકી નીચે પોતાના દેશની પ્રજાને દગો દઈને લૂંટારાઓની તરફેણમાં કામ કરતા હોય છે. એમ કરવા માટે અલબત આ નેતાઓને કરોડો રૂપિયાની લાંચ લૂંટારું કંપનીઓના આર્થિક હત્યારા ચૂકવતા હોય છે. નેતાઓ બહુ અભ્યાસી અને હોશિયાર હોય તો સમજતા હોય છે કે આ વિકાસથી ગરીબ માણસોને કંઈ લાભ થતો નથી. ઉલ્ટુ ગરીબી ખૂબ વધે છે અને ભૂખમરો વધે છે. પરંતુ નેતાઓ ભોળા હોય તો વિકાસના ભ્રમમાં હોય એમ બને. પરંતુ લૂંટારાઓની લૂંટવાની રમતમાં નેતાઓને શામેલ થવું પડે છે. આમ કરીને દેશને દેવામાં ડૂબાડી દે તો જ તે લૂંટારાઓને વફાદાર છે. એટલે નેતાઓએ દેશના હિતની વિરુધ્ધ દેશદ્રોહી કામ કરવું જ પડે છે એ વાત જોન પરકીન્સે બહુ સ્પષ્ટતાથી કરી દીધી છે.*

*– વેલજીભાઈ દેસાઈ*

(૬) **આજે અમે, ઝનૂનથી ચાલતી આ હિંસક પધ્ધતિના પરિણામો જોઈ શકીએ છીએ. અતિશય સન્માન પામતા અમારી કંપનીઓના અધિકારીઓ એશિયામાં ગુલામ જેટલા નજીવા પગારે અમાનવીય સ્થિતિમાં લોકો પાસે કામ કરાવે છે. ઓઈલ કંપનીઓ જાણી જોઈને સ્વચ્છ નદીઓમાં ટોકક્ષીન ઠાલવે છે અને પ્રજાને, પ્રાણીઓને અને વનસ્પતિઓને સમજપૂર્વક મારી નાંખીને પ્રાચીન સંસ્કૃતિનો વંશ ઉચ્છેદ કરવાનું કામ કરે છે. દવાની કંપનીઓ એઈડઝ્ થી પીડાતા લાખો આફ્રિકન લોકોને જીવન રક્ષક દવાઓ આપવાનો ઈન્કાર કરે છે. અમારાં પોતાનાજ દેશ અમેરિકામાં ૧૨૦ લાખ માણસો સાંજે શું ખાશું એવી ચિંતામાં જીવે છે. ઉર્જાક્ષેત્રે એનરોન અને હિસાબીક્ષેત્રે એન્ડરસન જેવી અપ્રમાણિક અને લૂટારું કંપનીઓ પેદા થાય છે. ૧૯૬૦માં દુનિયાની વસ્તીના સૌથી વધુ ધનવાન ૨૦% લોકોની આવક સૌથી ગરીબ ૨૦% લોકોની આવક કરતાં ૩૦ ગણી હતી તે ૧૯૯૫માં ૭૪ ગણી થઈ ગઈ. અમેરિકા ઈરાકનાં યુધ્ધ પાછળ ૮૭ અબજ ડોલર ખર્ચે છે. તેનાંથી અર્ધી રકમમાં દુનિયા આખીની પ્રજાને ચોખ્ખું પાણી, પૂરતો ખોરાક, આરોગ્યની સેવાઓ અને પાયાની કેળવણી આપી શકાય એમ યુનાઈટેડ નેશન્સની ગણતરી છે.**

**– જોન પરકીન્સ**

*અહીં જોન પરકીન્સે આખી દુનીયાના આંકડા સાથે જાહેર કર્યુ છે કે ધનવાનોની આવક કેટલી બધી વધી અને ગરીબ માણસોની આવક ખૂબ ઘટી. વિકાસનું આ ચોખ્ખું પરિણામ છે. અમેરીકન કંપનીઓ ખુલ્લી દાદાગીરી કરીને નદીઓ બગાડી મારે, જંગલો કાપી નાખે, લોકાના જીવન ચુથી નાખે, ખેડુતોની જમીનો પડાવી લ્યે આ બધામાં જે તે દેશની સરકારો પૂરો સાથ*

*આપતી હોય છે. વિકાસના નામે આ બધુ ડીંડક ચાલે છે. એટલે વિકાસ એ આમ જનતાનો ખરો દુશ્મન છે.*

*– વેલજીભાઈ દેસાઈ*

**(૭) અમને નવાઈ લાગે છે કે ત્રાસવાદીઓ અમારાં પર શા માટે હુમલો કરે છે ?**

અમે જે વ્યવસ્થિત કાવતરા ચલાવીએ છીએ તેને લીધે ત્રાસવાદ જન્મે છે એમ કેટલાંક લોકો દોષ દેશે. એટલી જ સીધી સાદી વાત હોય તો તો સારું. કાવતરાંખોર માણસોને શોધીને તેનો ન્યાય તોળી શકાય. પરંતુ આ પદ્ધતિ કાવતરા કરતાં ઘણી જ વધારે ભયંકર એવી કોઈ ચીજ વડે વિકસી રહી છે. એ કાંઈ થોડાંક માણસોની  ટોળીથી નથી ચાલતી, પણ એ એક વિચાર કે સિધ્ધાંતથી ચાલે છે જે સનાતન સત્ય વેદવાકયની જેમ બધે જ તે સ્વીકારાય છે. એ સિધ્ધાંત આ છે :-

"કોઈપણ આર્થિક વિકાસ માનવજાતને લાભદાયી છે. જેમ આર્થિક વિકાસ મોટો, એમ વધુ વિશાળ પ્રમાણમાં લાભ". આ સિધ્ધાંતમાંથી એક બીજો ફલિત સિધ્ધાંત ઊભો થયો છે. "જે લોકો આ આર્થિક વિકાસના અગ્નિને પ્રજ્વલિત રાખવામાં ચડિયાતા છે, તેમને ગૌરવ અને સંપત્તિ મળવા જોઈએ, જ્યારે જેઓ સામાન્ય માણસ તરીકે જન્મ્યા છે તે બધા શોષણને લાયક છે."

આ સિધ્ધાંત જો કે ભયાનક છે. અમે જાણીએ છીએ કે ઘણાં દેશોમાં આર્થિક વિકાસ વસ્તીના મુઠ્ઠીભર ધનવાનોને લાભ કરે છે, જ્યારે બહુમતી પ્રજા માટે અત્યંત ખરાબ સંજોગો પેદા કરે છે. પેલા ફલિત સિધ્ધાંતની માન્યતા એવી છે કે આ પધ્ધતિ ચલાવતા ઉદ્યોગોના કેપ્ટનોને ખાસ સ્ટેટ્સ મળવું જોઈએ તેને લીધે આ અસર વધુ મજબૂત બનતી જાય છે. આ માન્યતામાંજ આપણી હાલની ઘણી બધી સમસ્યાઓના મૂળ રહેલાં છે. જાત જાતના દુનિયાને લૂંટવાના કાવતરા થવાનું કારણ પણ આ માન્યતા જ છે. જ્યારે ધનના લોભને જ મોટો બદલો આપવામાં આવે ત્યારે લોભ પોતે જ સમાજને બગાડનારું પરિબળ બની જાય છે. જ્યારે આપણે પૃથ્વીના સંસાધોનોના ખાઉધરા વપરાશને સંત જેવું બિરુદ આપીએ, જ્યારે આપણે આપણાં બાળકોને અસાધારણ સુખી જીવન જીવવાની હરિફાઈ કરવાનું શીખવીએ અને જ્યારે આપણે



મોટાંભાગની વસ્તીને એક નાનકડી પૈસાદાર લોકોની લઘુમતીના ગુલામ તરીકે તુચ્છ ગણીએ ત્યારે આપણે મુશ્કેલીઓ માગી લઈએ છીએ.

વૈશ્વિક સામ્રાજ્ય ઊભું કરવાની ઘેલછામાં કોર્પોરેશનો, બેન્કો અને સરકારો (આ બધા મળીને કોર્પોરેટોક્રેસી) પોતાની નાણાંકીય અને રાજકીય વગ વાપરીને ઉપર જણાવ્યો તે ખોટો સિધ્ધાંત અને તેમાંથી ફલિત થતાં ઉપસિધ્ધાંતને જ આપણી સ્કૂલોમાં ભણાવાય, બિઝનેસમાં એ જ પ્રચલિત રહે અને મીડીયામાં પણ એના જ ગુણગાન ગવાય તેનું ખાસ ધ્યાન રાખે છે. આ કોર્પોરેટોક્રેસી એટલે કે કંપનીશાહી આપણને એવી કક્ષાએ ખેંચી લાવી છે કે આપણી વૈશ્વિક સંસ્કૃતિ એક રાક્ષસી મશીન બની ગયું છે, જે સદાય વધુને વધુ બળતણ માંગ્યા કરે છે, એટલે સુધી કે તે તમામ વસ્તુ ખાય જાય અને આપણો જ નાશ કરે. આ કોર્પોરેટોક્રેસીનું સૌથી અગત્યનું કાર્ય આ પધ્ધતિને સતત મજબૂત કર્યા કરવી તથા તેને વિસ્તાર્યા કરવાનું છે. આ કામ માટે મારાં જેવા આર્થિક હત્યારાને કલ્પના બહાર મોટો પગાર આપવામાં આવે છે. આમ છતાં અમે જ્યાં કાચા પડીએ ત્યાં ખરેખરા ખૂની ગુંડા માણસોને કામ સોંપી દેવાય છે અને તેઓ પણ નિષ્ફળ જાય તો લશ્કરી ચડાઈ કરવામાં આવે છે.

**– જોન પરકીન્સ**

*અમેરીકાએ સૌથી મોટું કાવત્રુ એ કર્યું છે કે, આપણાં બધાંના મન ભમાવી દીધા કે વિકાસ બહુ સારી ચીજ છે, મોટામોટા કારખાના, મોટામોટા પાવર હાઉસ વગેરેથી લોકો સુખી થશે. સાચી વાત એ છે કે, આમ જનતાની બધી સમૃધિ લૂંટી લેવા માટે કારખાના, પાવર હાઉસ, રસ્તા, વગેરે કામમાં આવે છે. પરંતુ આપણે બધા ખોટા મોહમાં ફસાયા. સાચું ઉત્પાદન, સાચી સમૃધિ ઘરેઘરમાં નાના નાના ઉદ્યોગ સ્થાપીને આવી શકે એ ગાંધીજીની વાત આપણે સાંભળી નહીં તેનું ભયંકર ખરાબ પરિણામ આજે આપણે ભોગવીએ છીએ. આપણાં દેશમાં ૪૦ કરોડ માણસો ભુખે મરે છે. આવી ભયાનક સ્થિતિ હોવા છતાં આપણાં દેશના નેતાઓ અમેરીકાએ શિખવાડેલા વિકાસની વકીલાત કરે છે અને આપણી શિક્ષણ સંસ્થાઓમાં પ્રજાને લુંટવાના ખોટા શાસ્ત્રો ભણાવાય છે. આ આપણી ગુલામીની પરાકાષ્ઠા છે.*

*– વેલજીભાઈ દેસાઈ*

(૮) હું જયારે આર્થિક હત્યારા તરીકે કામ કરતો હતો ત્યારે પ્રમાણમાં મારાં જેવા માણસો બહુ ઓછાં હતાં. હવે તો આર્થિક હત્યારાઓ બહુ મોટાં પ્રમાણમાં રાખવામાં આવે છે. મોટાં મોટાં છેતરામણાં હોદ્દાઓના નામ સરસ રાખવામાં આવે છે. અને તેઓ મોનસેન્ટો, જનરલ ઈલેકટ્રીક, નાઈકે, જનરલ મોટર્સ, વોલમાર્ટ જેવી લગભગ દુનિયાની દરેક મહાકાય કંપનીઓમાં કામ કરતાં હોય છે. "આર્થિક હત્યારાની કબૂલાતો"નું આ પુસ્તક મને જેટલું લાગું પડે છે એટલું જ આ બધી કંપનીઓમાં કામ કરતાં આર્થિક હત્યારાઓને પણ લાગું પડે છે. આ ખરેખરી વાસ્તવિકતા છે. આ બધુ તમને પણ લાગું પડે છે, કારણ કે તમારું જ શોષણ કરીને અમેરિકાનું વૈશ્વિક સામ્રાજ્ય બન્યું છે. ઈતિહાસ આપણને કહે છે કે જો આપણે આ બદલશું નહીં તો એટલી પાકી ખાતરી માનજો કે બહુ જ ખતરનાર પરિણામો આવવાના છે. આવા સામ્રાજ્યો કાયમને માટે કદી ટકે નહીં. દરેક સામ્રાજ્ય બહુ ભૂંડી રીતે પડી ભાંગ્યું છે. પોતાનો સામ્રાજ્યવાદ વિસ્તારવા જતાં તેઓ ઘણી સંસ્કૃતિઓનો નાશ કરે છે, અને પછી પોતાનું પણ પતન થાય છે. બીજું, ઘણાં બધા દેશોનું શોષણ કરીને ફકત એક જ દેશ આબાદ રહી શકે નહીં. મને ચોક્કસ લાગે છે કે જો આપણે બધાં એટલું સમજતા થઈ જઈએ કે આ આર્થિક તંત્ર આપણને કેવી રીતે લૂંટે છે અને કુદરતી સંપતિઓને લૂંટવાની કદી સંતોષીના શકાય એટલી મોટી ભૂખ ઊત્પન્ન કરે છે અને અંતે તેમાંથી ગુલામીને જ મજબૂત કરે છે તો આપણે તેને ચલાવી નહીં લઈએ. જે વ્યવસ્થામાં થોડાંક માણસો જ સમૃધ્ધિમાં આળોટતા હોય અને અબજો માણસો ગરીબી પ્રદુષણ અને હિંસામા ડૂબી મરતાં હોય એ વ્યવસ્થામાં આપણે શું કરવું જોઈએ તેની આપણે સમીક્ષા કરવી જોઈએ.

– જોન પરકીન્સ

*જોન પરકીન્સ જે સમજે છે તે આપણે સમજવાની જરૂર છે. કરોડોના ભોગે મુઠીભર માણસોનો વિકાસ તે વિકાસ નથી પણ વિનાશ છે. તે કાયમને માટે કદી ના ટકે. તેથી આપણાં મોટા શહેરો, મોટા મોટા બંગલા અને તેમાં જલ્સા કરતા થોડા માણસો એ ખૂબ જ અન્યાયી અને પાપી વ્યવસ્થા છે. આ બધુ કાયમી કદી ના નભે એમ સમજીને આમજનતાનો સાચો વિકાસ કેમ થાય તેના રસ્તા વિચારવા જોઈએ અને થોડાક માણસના હાથમાં આખા દેશનું ધન આવી જાય તે પરિસ્થિતિ કેમ તોડી પાડવી એ વિચારવું જોઈએ. આ માટે ગાંધીજીએ સ્વદેશીની હિમાયત કરીને ગામડાઓનો વિકાસ કરવાની જે વાત કરી છે તે સ્વીકાર્યા વિના છુટકો નથી. આ માટે આજની ભયંકર કેન્દ્રિત વ્યવસ્થા, ભયંકર અન્યાયી કરવેરાની પધ્ધતિ અને તેમાંથી ભેગા થતા લાખો અબજ રૂપિયા અબજપતિઓ અને નોકરશાહી જ ખાય જાય છે તે આખી વ્યવસ્થા તોડવા માટે ગાંધીજીના સ્વદેશીના પાયા ઉપર સમાજની આખી આર્થિક વ્યવસ્થા ગોઠવવાની તાતી જરૂરિયાત છે, જેમાં રાજકારણીઓના હાથમાં તથા નોકરશાહીના હાથમાં કાંઈ જ સત્તા ના રહે, ધનવાનો કે વિદેશી તત્વો દેશનું કાંઈપણ શોષણ કરી જ ના શકે. આમ કરવા માટે નવા જ પ્રકારની કેળવણી જોઈએ તથા ભારતીય સંસ્કૃતિના મૂળ આધાર ઉપર નવેસરથી આખી વ્યવસ્થા વિચારવી જરૂરી છે. આ કામમાં ડગલે ને પગલે ગાંધીજીના વિચારો ઉપયોગી થઈ પડશે.*

*– વેલજીભાઈ દેસાઈ*

(૯) અમે આર્થિક હત્યારાઓ વૈશ્વિક સામ્રાજ્ય ઊભુ કરીએ છીએ. અમે બધાં ખૂબ શાણા સ્ત્રી પુરુષો છીએ જે બધા આંતર રાષ્ટ્રીય નાણાંકીય સંસ્થાઓનો ઉપયોગ કરીને બીજા દેશો માટે એવી મુશ્કેલ સ્થિતિ પેદા કરીએ છીએ કે જેમાં બીજા દેશો અમારી કોર્પોરેટોક્રેસી–એટલે મહાકાય કંપનીઓ, બેંકો અને અમારી સરકારના તેઓ ગુલામ બને. અમારાં માફિયા સહભાગીદારોની જેમ અમે આર્થિક હત્યારાઓ લાલચ આપીએ છીએ. દેશમાં વિકાસને નામે વિજળીના મથકો, હાઈવે, રસ્તા, બંદરો, એરપોર્ટ અને ઔદ્યોગિક વસાહતો વિકસાવવા માટે લોનો આપીએ છીએ. આ તમામ લોન સાથે શરત કરેલી હોય છે કે ફકત અમારાં દેશની એન્જિનીયરીંગ અને બાંધકામની કંપનીઓને જ તેના કોન્ટ્રાકટ આપવા, એટલે અમે જે લોનો આપીએ તેના મોટાંભાગના નાણાં અમેરિકાની બહાર કદી જતાં જ નથી ! લોનોના એ નાણાં વોશિંગ્ટનની બેંકોમાંથી ન્યુયોર્ક, હસ્ટન અને સાન્ફ્રાન્સીસ્કોની એન્જિનીયરીંગ ઓફિસોમાં ફકત ટ્રાન્સફર થાય છે ! પરંતુ લોન લેનાર દેશ તો લોનની બધી રકમ તથા તેના ઉપરનું વ્યાજ પણ ચૂકવવા બંધાય છે, અને તેથી દેવામાં ડૂબી જાય છે. જો આર્થિક હત્યારો પૂરેપૂરો સફળ થાય તો એણે એવડી મોટી લોન આપી હોય કે લોન લેનાર દેશ તે કદી પણ પાછી ચૂકવી શકે નહીં અને થોડાંક જ વરસમાં લોન અને વ્યાજના હપ્તા ચૂકવી ના શકાય એવી સ્થિતિમાં આવી જાય. આવી લાચાર સ્થિતિમાં માફિયાઓની જેમ અમે

પૂરો લાભ ઉઠાવીએ છીએ. પછી અમે તેનાં દેશમાં લશ્કરી થાણું સ્થાપવાની માંગણી કરીએ કે તેમની કુદરતી સંપત્તિ-પેટ્રોલિયમ ખનીજ વગેરે પડાવી લઈએ અને છતાં પેલું દેવું તો ઊભું જ રહે. આ રીતે દેશને ગુલામ બનાવીએ અને અમારું વૈશ્વિક સામ્રાજ્ય વધારીએ.

**- જોન પરકીન્સ**

*દુનીયા આખીને લૂંટી લેવા માટેની અમેરીકાની તરકીબ સમજવા જેવી છે. ગજાબહાર લોનો આપીને દેશને દેવાદાર બનાવી દેવો. જે લોનો આપી તે તરતોતરત પોતાના દેશમાં મોટી કંપનીઓના હાથમાં કોન્ટ્રાકટના રૂપમાં આવી જાય અને છતાં લોન લેનાર દેશ દેવાદાર બની જાય. લોનના નાણાં અમેરીકાની ઈચ્છા મુજબ મોટામોટા કારખાના સ્થાપવા માટે વપરાય તથા આ કારખાના ચલાવવા માટે વીજળીના મથકો, રસ્તા, ટ્રાન્સપોર્ટ, રેલવે, બંદરો, શહેરો, વગેરે જે જોઈએ તે ઉભું કરવા માટે લોનો આપવી. આમ કરવાથી સમગ્ર પ્રજાનો વિકાસ થશે એવો ભ્રમ ઉભો કર્યો. ખરેખર વિકાસ ઉપલા બે-પાંચ ટકા વર્ગનો જ થયો. આમ પ્રજા ગરીબ બની. મોંઘવારી અને મુશ્કેલીઓ વધી. મોટા કારખાના મારફત જે ધનવાનો થયા, અબજપતિઓ થયા તેમની સાથે સાંઠગાંઠ કરીને દેશને વધુ લૂંટયો. આ રીત આપણાં દેશમાં વધુ ભયંકર પ્રમાણમાં આચરવામાં આવી. તેથી ભારતમાં ભૂખમરો અને ગરીબી આખી દુનિયામાં સૌથી વધારે છે. આને માટે કહેવાતો વિકાસ કારણભૂત છે. આપણું દેવું કલ્પનાતીત છે. આપણું અરધું બજેટ ફકત દેવાના વ્યાજમાં જાય છે.*

*- વેલજીભાઈ દેસાઈ*

(૧૦) **મેં અને મારાં જેવાં આર્થિક હત્યારાઓએ ઈકવેડોર (દક્ષિણ અમેરિકાનો દેશ)માં છેલ્લાં ૩૫ વરસમાં આધુનિક અર્થશાસ્ત્ર, બેન્કો અને એન્જિનીયરીંગના વિકાસને નામે જે કામ કર્યુ તેનાથી ગરીબી જે ૫૦% હતી તે ૭૦% થઈ જાહેર દેવું ૨૪ કરોડ ડોલર હતું તે ૧૬૦૦ કરોડ ડોલર થયું. બેકારી ૧૫% હતી તે વધીને ૭૦% થઈ, રાષ્ટ્રીય સંપતિના ૨૦% ગરીબો માટે ખર્ચાતા હતાં તે ઘટીને ૬% ખર્ચાતા થઈ ગયા ! ૩૫ વરસ પહેલા શુધ્ધ નદી, પાણી વગેરે હતાં તે ગંધાતી ગટરમાં ફેરવાઈ ગયા, કારણ કે ઓઈલ કંપનીઓ દરરોજ ૪૦ લાખ ગેલન ગંદુ, ગંધાતુ તેલવાળું અને કેન્સરયુકત પાણી દરરોજ આ સુંદર નદીઓમાં ઠલવતી હતી. આ કંપનીઓએ ૩૫૦ જેટલી ખાણો ખોદીને ખુલ્લી મૂકી દીધી જેમાં માણસો**



**અને પશુઓ પડી જતાં મૃત્યુ પામતા રહે છે.**

**ઈકવેડોરની એકલાની આ દશા નથી. અમે આર્થિક હત્યારાઓએ જે જે દેશને અમેરિકન વૈશ્વિક સામ્રાજ્યના ગુલામ બનાવી દીધા છે તે દરેક દેશની આવી જ હાલત છે. ત્રીજા વિશ્વનું દેવું વધીને ૨૫૦૦ અબજ ડોલરે પહોંચ્યુ છે. અને દેવાનું વ્યાજ દર વરસે ૩૭૫ અબજ ડોલર થાય છે. બધા વિકસતા દેશો મળીને વિદેશી મદદને નામે જેટલી રકમ મેળવે છે તેનાંથી આ વ્યાજની રકમ ૨૦ ગણી થાય છે ! અત્યારે (૨૦૦૪માં) દુનિયાની અર્ધી વસ્તી દૈનિક બે ડોલરથી પણ ઓછું કમાય છે. આટલી કમાણી તો ૧૯૭૦માં પણ હતી જ. પરંતુ અત્યારે ત્રીજા વિશ્વના ફકત એક ટકા લોકો પોતાના દેશની કુલ નાણાંકીય સમૃધ્ધિ તથા મિલ્કતોનાં ૭૦ થી ૯૦ % હિસ્સો ધરાવે છે.**

**- જોન પરકીન્સ**

*જે ઈકવેડરમાં બન્યું તે જ ભારતમાં બન્યું છે. ગરીબી પુષ્કળ વધી છે. કરોડપતિઓ અબજોપતિઓ બની ગયા. અસમાનતા ખૂબ વધી છે. ભૂખમરો ખૂબ વધ્યો છે. એટલે ભારતની સ્થિતિ ઈકવેડર કરતા પણ ઘણી ખરાબ છે. આપણાં નેતાઓ આપણને ખોટું ચિત્ર સમજાવે છે. વિકાસનો ભ્રમ ઉભો કરેલો છે. ખરેખર આખી પ્રજા ખૂબજ ગરીબીમાં અને મોંઘવારીમાં સબડે છે. વિકાસ ફકત ઉપરના એક ટકા વર્ગનો કલ્પના બહાર થયો છે. ઉપરાંત ઉપરનો ૨૦% વર્ગ સુખી થયો છે. પરંતુ તે ગરીબોના ભોગે, ગામડાને ભોગે અને આમ જનતાના ભોગે બધું થયું છે. નિષ્ણાંત દેશ સેવકોએ આજના અર્થતંત્રના સાચા આંકડા કાઢીને આપણાં દેશમાં જે આર્થિક ગુલામી આવી છે, જે જંગી શોષણ થઈ રહયું છે તે ખુલ્લું પાડવાની જરૂર છે. ભારતના ૮૫% લોકો દરરોજ ફકત ૨૦ રૂપિયા જ કમાય છે. આટલી અફાટ ગરીબી દુનિયામાં કયાંય નથી. છતાં દેશના નેતાઓ વિકાસની લોભામણી વાતો જ કર્યા કરે છે.*

*- વેલજીભાઈ દેસાઈ*

(૧૧) **(૨૦૦૪માં) સુંદર નદીને કાંઠે પ્રવાસ કરતાં હતાં ત્યાં નદીની વચ્ચે રાક્ષસી દિવાલ રૂપે ઊભેલો ડેમ આવ્યો. આ ડેમના પાણીથી ૧૫૬ મેગાવોટનો હાઈડ્રોઈલેકટ્રીક પાવર પ્રોજેકટ ચાલતો હતો. આની વીજળી મોટાં ઉદ્યોગામાં વપરાતી હતી, જેનાંથી ઈકવેડોરના**

મુઠ્ઠીભર માણસો સમૃધ્ધ થતાં હતાં અને નદીને કાંઠે વસેલા ખેડૂતો અને સ્થાનિક લોકોના અકથ્ય દુઃખોનું કારણ આ ડેમ બન્યો હતો. આ હાઈડ્રોઈલેકટ્રીક પ્લાન્ટ અને એવા બીજા ઘણાં પ્રોજેકટ મેં અને મારાં જેવા આર્થિક હત્યારાઓના પ્રયત્નોને પરિણામે વિકસેલા હતાં. આવા પ્રોજેકટોને કારણે જ અમેરિકન વૈશ્વિક સામ્રાજ્યમાં ઈકવેડોર હાથો બન્યું છે. આને કારણે જ સ્થાનિક પ્રજાઓ અમારી ઓઈલ કંપનીઓ સામે યુધ્ધ છેડવાની ધમકીઓ આપે છે.

આર્થિક હત્યારાઓ મારફત સ્થપાયેલા પ્રોજેકટોને કારણે આજે ઈકવેડોર વિદેશી દેવામાં ધોવાઈ ગયું છે અને તેથી તેનાં રાષ્ટ્રીય બજેટનો મોટો ભાગ દેવું ભરપાઈ કરવામાં જ વપરાય જાય છે અને પોતાના દેશમાં ભયાનક ગરીબીમાં સપડાયેલાં કરોડો લોકો માટે વાપરવાને બદલે દેવું ભરપાઈ કરવામાં બધુ તણાય જાય છે. ઈકવેડોર માટે હવે એક માત્ર રસ્તો એ છે કે દેવાના બદલામાં ઓઈલ કંપનીઓને કુદરતી જંગલો જ વેંચી દેવા, ખરેખર, આર્થિક હત્યારાઓએ ઈકવેડોર ઉપર સૌથી પહેલી નજર માંડી તેનું મુખ્ય કારણ એ જ હતું કે એમેઝોન પ્રદેશની નીચે તેલનો સમુદ્રભંડાર પડેલો છે તે આરબ રાષ્ટ્રોના તેલ ભંડાર જેટલો જ છે, તે પડાવી લેવાનો જ મુખ્ય ઉદેશ હતો. દુનિયાભરમાં ઈકવેડોરને આર્થિક હત્યારાઓએ આર્થિક અને રાજકીય રીતે વાંકુ વાળી દીધું. ઈકવેડોરમાંથી દર ૧૦૦ ડોલરનાં તેલમાંથી ૭૫ ડોલર તો ઓઈલ કંપનીઓ લઈ જાય છે. બાકી રહેતા ૨૫ ડોલરમાંથી વિદેશી દેવું ભરપાઈ કરવામાં ૧૯ ડોલર જતાં રહે છે. બાકી રહેતા છ ડોલરમાંથી લશ્કર અને સરકારી ખર્ચ કાઢતાં ગરીબ માણસની પ્રગતિ, સ્વાસ્થ્ય સુખાકારી અને શિક્ષણને માટે અઢી ડોલર માંડ બચે છે. આ રીતે દર ૧૦૦ ડોલરનું તેલ ઈકવેડોરમાંથી કાઢી લેવામાં જેને પૈસાની સૌથી વધુ જરૂર છે, જેમની જીંદગી ડેમને લીધે તેલના શારકામને લીધે તથા પાઈપલાઈન ને લીધે બરબાદ થઈ છે અને જેઓ યોગ્ય ખોરાક અને ચોખ્ખા પાણી વગર મરી રહ્યાં છે તેમને માટે માંડ અઢી ડોલર રકમ ફાળવાય છે.

આ બધા લોકો-ઈકવેડોરમાં લાખો અને આખી દુનિયામાં કરોડો માણસો સંભવિત ત્રાસવાદીઓ છે. એ કોઈ સામ્યવાદીઓ નથી કે અરાજકવાદીઓ નથી અને મૂળભુત રીતે અનિષ્ટ લોકો નથી. પરંતુ તેઓ સંપૂર્ણપણે અન્યાયથી હતાશ થઈ ચૂકેલા છે.

– જોન પરકીન્સ



*બધા મોટા મોટા પ્રોજેકટ અમેરીકન આર્થિક હત્યારાઓ મારફત જે તે દેશને જબરદસ્તીથી વળગાડી દેવામાં આવે છે. અલબત, ગરીબ દેશોમાં પણ વિકાસની ઘેલછા તમામ માણસોને વળગી છે. વિકાસથી હમેંશા તમામ માણસોને લાભ છે એવું આપણે માની લીધું છે. આ મોટામાં મોટી ભૂલ છે એમ જોન પરકીન્સે બતાવી આપ્યું છે. મોટા મોટા ડેમ બાંધવાથી આમ જનતાને કંઈ ફાયદો થતો નથી. તમામ સમૃધિ વિદેશ તણાય જાય છે. પેટ્રોલીયમની કંપનીઓ કેટલું શોષણ કરે છે તેના આંકડા આંખ ઉઘાડનારા છે. પેટ્રોલીયમનો વપરાશ સતત વધતો જાય, ટ્રાન્સપોર્ટ સતત વધતું જાય, શહેરો મોટા મોટા થતા જાય એવી વ્યવસ્થા, એવી જીવન પધ્ધતિ આપણાં ઉપર ઠોકી બેસાડી છે. તેથી મોટા મોટા હાઈવે થતા જાય અને પેટ્રોલીયમનો વપરાશ વધતો જાય અને તેથી દેશનું શોષણ વધતું જાય એવી વ્યવસ્થા આપણા દેશમાં પણ કામ કરે છે. આમાં સામાન્ય જનતા અને ગરીબ પ્રજાનો મરો જ છે.*

*– વેલજીભાઈ દેસાઈ*

(૧૨) અમે આર્થિક હત્યારાઓ કાવાદાવા કરનારા લુચ્ચા માણસો હોઈએ છીએ. અમે ઈતિહાસમાંથી શિખેલા છીએ. અત્યારે અમે તલવાર રાખતાં નથી. અમે બખ્તર પહેરતા નથી, જેથી અમે જુદા તરી આવીએ. ઈકવેડોર, ઈન્ડોનેશિયા અને નાઈજિરીયા જેવા દેશોમાં અમે દુકાનદાર કે શિક્ષકના જેવો પહેરવેશ પહેરીએ છીએ. વોશિંગ્ટન અને પેરિસમાં અમે સરકારી અધિકારીઓ અને બેન્ક અધિકારી જેવા દેખાઈએ છીએ. અમે નમ્ર અને વિવેકી દેખાઈએ છીએ. અમે પ્રોજેકટ સાઈટની મુલાકાતો લઈએ અને ગરીબીમાં ગરકાવ ગામમાં પણ આંટો મારીએ છીએ. અમે પરોપકાર અને પરમાર્થની વકીલાત કરીએ અને સ્થાનિક અખબારોની સાથે અમે આશ્ચર્યજનક માનવતાવાદી કામકાજ કરતાં હોવાનો ડોળ કરીએ છીએ. સરકારી સમિતિઓના કોન્ફરન્સ ટેબલ ઉપર મોટાં કાગળોમાં બનાવેલા નાણાંકીય રીપોર્ટો પાથરીને તેની ચર્ચા કરીએ છીએ અને મોટાં ઉદ્યોગ ધંધાના ચમત્કારીક પરિણામો બાબત હાવર્ડ બિઝનેસ સ્કૂલમાં ભાષણો આપીએ છીએ. દસ્તાવેજો ઉપર ખુલ્લાં ખુલ્લાં અમારાં નામ હોય છે. અમે એવી રીતે અમને આર્થિક વિકાસના નિષ્ણાત તરીકે ચીતરીએ છીએ અને મોટાં નિષ્ણાતો તરીકે લોકો અમને સ્વીકારે છે. આવી રીતે આખી પધ્ધતિ કામ કરે છે. અમે ભાગ્યે જ કંઈ ગેરકાયદે કામ કરીએ, કારણ કે

**આખી આ પધ્ધતિ જ કાયદેસર છે અને તમામ પધ્ધતિઓ શોષણ માટે જ રચાયેલી છે. આમ છતાં અમે આર્થિક હત્યારા તરીકે નિષ્ફળ જઈએ, તો વધુ પાપી ગુંડા લોકો કામ હાથમાં લે છે, જેને અમે આર્થિક હત્યારાઓ "જેકલ" (એટલે ખૂની) કહીએ છીએ. આ લોકો જૂના સામ્રાજ્યના કાળા કામો કરનારનાં વારસદારો જ ગણાય. આ બધા જેકલ, અમારી પાછળ, અમારાં પડછાયાની જેમ સદાય ઊભેલા જ હોય છે. જ્યારે તેઓ ચિત્રમાં આવે છે ત્યારે દેશના પ્રમુખ હોય તેને પણ સત્તા ઉપરથી ફેંકી દેવાય છે અથવા તો તેઓ હિંસક અકસ્માતમાં મૃત્યુ પામે છે. અને કદાચ જેકલ પણ નિષ્ફળ જાય તો જુની રીતો અજમાવવી પડે છે એટલે કે યુધ્ધ કરવામાં આવે છે જેમાં યુવાન અમેરિકનોને મારવા કે મરવા માટે મોકલવામાં આવે છે.**

**– જોન પરકીન્સ**

*અંદરખાને આર્થિક હત્યારા હોય, પરંતુ બહારથી આપણી સાથે આપણાં દેશ સાથે મોટા પરોપકારી હોવાનો ડોળ કરીને દેશને લુંટવાનું કાવતરું કેવી રીતે પાર પડાય છે તે જોન પરકીન્સે બહુ સુંદર રીતે બતાવ્યું છે. અમેરીકા કેટલું કપટી છે અને દુનિયાના દેશો કેવા ભોળા નીકળ્યા અને કેવી રીતે છેતરાયા તે બધું કલ્પનાતીત છે. જો કોઈ દેશ આર્થિક હત્યારાની કપટ લીલાને વશ ન થાય તો જે તે નેતાને ખરેખર મારી નાખવામાં આવે, પછી ભલે તે વડા પ્રધાન હોય કે રાષ્ટ્રપતિ હોય. આટલી હદે આંતરરાષ્ટ્રીય ગુંડાગીરીની કલ્પના કોઈ પણ માણસે કરી જ ન હોય. પરંતુ આ વાસ્તવીક્તા છે.*

*– વેલજીભાઈ દેસાઈ*

(૧૩) **હું જે કંપનીમાં આર્થિક હત્યારા તરીકે નોકરી કરતો હતો તેમાં મોટાં ભાગના માણસો એન્જિનીયરો હતા. પણ અમારી પાસે બાંધકામના કાંઈપણ સાધનો ન હતા. અમે કદીપણ કોઈ છાપરું પણ બાંધ્યુ નથી. હું નોકરીમાં દાખલ થયો ત્યારે થોડાંક મહિના સમજી પણ શક્તો ન હતો કે મારી કંપની શું પ્રવૃત્તિ કરે છે. અમારે બધીજ બાબતો અતિશય ખાનગી રાખવી પડતી હતી. એક દિવસ મારી ઉપરી અધિકારી બાઈએ મને સમજાવ્યું કે તેનું કામ મને આર્થિક હત્યારો બનાવવાનું છે. તેણીએ સમજાવ્યું કે આપણે કયાંય જોવા ના મળે એવા વંશના માણસો છીએ. આપણે ખૂબ જ ખરાબ ધંધા કરવાના છે અને તેની જાણકારી કદી કોઈને**



**પણ થવી ન જોઈએ. તમારી પત્નીને પણ નહીં. તમે આ કામમાં અંદર દાખલ થયા તો આખી જીંદગીને માટે છે.**

**– જોન પરકીન્સ**

*દુનીયામાં કેવી પોલમ પોલ ચાલે છે તેનો આ નમુનો છે. હજાર બે હજાર માણસો જે કંપનીમાં કામ કરે, સેંકડો એન્જિનીયરો જે કંપનીમાં કામ કરે તેમણે કદી એક છાપરું પણ બાંધ્યું નથી તેઓ ફક્ત કરોડો અને અબજો ડોલરના કમીશન ખાઈ જાય.*

*આવી પોલમપોલ ખાલી અમેરિકામાં જ ચાલે છે એવું નથી. આપણાં દેશમાં પણ આવી લૂંટારું કંપનીઓ પાર વગરની ફૂટી નીકળી છે, જેમનું મુખ્ય કામ જ સંપૂર્ણ અનીતિ, દગાફટકા, છેતરામણીથી આમ પ્રજાને લૂંટવાનું હોય છે. અનેક કંપનીઓ દગાફટકા કરી, ધન સગેવગે કરીને દેવાળા કાઢે છે અને જેમણે તેના શેર લીધા હોય તે આખરે પાયમાલ થાય છે. હકીકતમાં કંપની સ્થાપવાનો કાયદો જ પ્રજાને છેતરવા માટે જ છે. મોટામાં મોટી સારી ગણાતી કંપનીઓ પણ લૂંટારું કંપનીઓ જ હોય છે તેમાં જરાપણ શંકા રાખવા જેવું નથી.*

*– વેલજીભાઈ દેસાઈ*

(૧૪) **મારું કામ જંગી આંતરરાષ્ટ્રીય લોનોને વાજબી ઠરાવવાનું હતું, જે લોનની રકમ બેથેલ, હલીબર્ટન, સ્ટોન એન્ડ વેબસ્ટર, બ્રાઉન એન્ડ રૂટ, મેઈન જેવી અમેરિકન કંપનીઓને એન્જિનીયરીંગ અને બાંધકામના પ્રોજેક્ટ મારફત મળી જવાની હતી. સાથે સાથે એ પણ જોવાનું હતું જે દેશ આવી લોનો લ્યે તે દેશો અમારી લોનો ભરપાઈ કરી દે પછી દેવાળિયા થઈ જવા જોઈએ, જેથી તેઓ હંમેશાંને માટે અમારાંથી દબાઈને રહે અને અમે એમનો અમારાં હિત સાધવા માટે મન પડે એવો ઉપયોગ કરી શકીએ. લોનોને વાજબી ઠરાવવા માટે મારે આંકડા કાઢીને કેટલો આર્થિક વિકાસ થશે તે ગણીને સમજાવવાનું હોય છે. આમાં મુખ્ય આંકડો (Critical Factor) GNP - એટલે ગ્રોસ નેશનલ પ્રોડકટ ગણી બતાવવાનો હતો. જે પ્રોજેકટમાં GNP સૌથી વધારે વધે એમ હોય તે પ્રોજેકટ જીતી જાય. મારે રેલ્વે લાઈનો નાંખવાના પ્રોજેકટો, ટેલી કોમ્યુનિકેશનની જાળ પાથરવાના પ્રોજેકટો, હાઈવે, બંદરો, એરપોર્ટના બાંધકામના પ્રોજેકટો વગેરે માટે લોનો લેવા માટે સમજાવવાનું હતું. જે કોઈ પ્રોજેકટ વાજબી ઠરાવવાનો હોય તેનાથી GNP બહુ વધશે એમ સમજાવી દઉ એટલે તે પ્રોજેકટ સ્વીકારાય જાય. આવા દરેક પ્રોજેકટ વિશે ખાનગી વાત એ હતી**

**કે અમારાં દેશના કોન્ટ્રાકટર કંપનીઓને જંગી નફો કમાવી દેવાનો ઉદેશ હતો અને લોન લેનાર દેશના મુઠ્ઠીભર ધનિક માણસો અને વગદાર કુટુમ્બો જ અતિ સુખી થશે એ અમે ખાનગી રાખતાં. સાથે સાથે અમે ખાત્રી કરી લેતાં કે લાંબે ગાળે નાણાંકીય લાચારીમાં દેશ ફસાઈ જશે જ, જેથી અમે તે દેશને રાજકીય પ્યાદુ બનાવી શકીએ. તેથી જેમ લોન જંગી હોય એમ વધારે સારું. જે તે દેશ ઉપર લાદવામાં આવનાર દેવાનો ડુંગર તે દેશના ગરીબમાં ગરીબ માણસોને મળતી આરોગ્ય, શિક્ષણ અને અન્ય સામાજિક સેવાઓ દાયકાઓ સુધી બંધ થઈ જશે એ બાબત ધ્યાનમાં મૂકવામાં આવતી ન હતી, એટલે કે અમે તે ખાનગી રાખતાં હતા.**

**– જોન પરકીન્સ**

*હવે આપણને સમજાવું જોઈએ કે અમેરીકા જે કોઈ લોન આપે તે રકમ તેમની મોટી કંપનીઓને તરતોતરત મોટા કોન્ટ્રાકટ મારફત પાછી મળી જતી હતી. એટલે તે આપણને વધુમાં વધુ રકમની લોન આપવા પ્રયાસ કરે. જેથી આપણે તે કદી ભરપાઈ ન કરી શકીએ અને આપણે દેવાળીયા બની જઈએ. લોનની રકમ તો તેમને કયારનીય કોન્ટ્રાકટના નાણાંરૂપે પાછી મળી ગઈ હોય છે. આવી લોનો આપવા માટે એમ સમજાવે કે તમારા દેશનો વિકાસ થશે. વિકાસ થશે એવું સમજાવવા માટે તરકટી આંકડા ઉભા કરે. જી.ડી.પી. અને જી.એન.પી. આવા તરકટી આંકડા છે. દેશમાં ગરીબી ખૂબ વધે, ભૂખમરો ખૂબ વધે, છતાં અબજપતિઓની આવક ખૂબ વધી હોય એટલે જી.ડી.પી. અને જી.એન.પી. વધેલા દેખાય. આજે પણ આપણી સરકારો આ જી.ડી.પી. અને જી.એન.પી. ના વધારાને જ વિકાસ ગણે છે અને તેના ગુણગાન ગાય છે. આ રીતે આપણી સરકારો આપણી પ્રજાને ખરેખર જ મૂર્ખ બનાવે છે.*

*– વેલજીભાઈ દેસાઈ*

**(૧૫) મારી ઉપલી અધિકારી બાઈ "કલાઉડીન" અને હું ખુલ્લી ચર્ચા કરતાં કે આ GNP ગ્રોસ નેશનલ પ્રોડકટનો આંકડો કેટલો બધો છેતરામણો છે, દાખલા તરીકે એક જ માણસ અબજપતિ બને તો પણ GNP તો વધે જ. કોઈ અબજપતિ માણસ વીજળીની કંપનીનો માલિક હોય તે અઢળક નાણું કમાય અને આખો દેશ દેવામાં ડૂબી જાય તો પણ GNP નો આંકડો મોટો થાય અને તે વિકાસ ગણાય. ગરીબો વધુ ગરીબ**



**થાય અને ધનવાનો વધુ ધનવાન થાય તો પણ GNP વધે અને આર્થિક વિકાસ થયો ગણાય !**

**– જોન પરકીન્સ**

*ગ્રોસ નેશનલ પ્રોડકટ ટૂંકમાં GNP –દુનિયાને લૂંટવા માટે ઊદભવેલો છેતરામણો આંકડો છે. ધનવાનો અતિ ધનવાન થાય અને ગરીબો અતિ ગરીબ થાય તો પણ GNP વધે અને GNP વધે એટલે સરકાર દાવો કરે કે દેશમાં વિકાસ થાય છે. આખા દેશની પ્રજાને મૂર્ખ બનાવવા માટે આ આંકડો વપરાય છે. આપણાં બજેટોમાં, સરકારી ગુણગાનના રીર્પોર્ટોમાં, રીઝર્વ બેન્કમાં અને મેનેજમેન્ટની ઉચ્ચ કોલેજોમાં, અર્થશાસ્ત્રમાં એમ બધી જગ્યાએ આ બદમાશ આંકડો જ વાપરવામાં આવે છે. આપણી શિક્ષણ સંસ્થાઓમાં પણ આ તદન ખોટું અર્થશાસ્ત્ર ઘૂસાડી દેવામાં આવ્યું છે. તેથી આપણાં તજજ્ઞો પણ ખોટાં આંકડા શીખીને તે પ્રમાણે દેશમાં અમલ કરે છે. તેથી ગરીબી અને ભૂખમરો વધતો જ જાય છે. છતાં આ GNP વધતો જાય છે એટલે વિકાસ થાય છે. એમ સરકારો આપણને મૂર્ખ બનાવતી રહે છે. યાદ રાખો કે આપણાં નાણાપ્રધાનો અને વડાપ્રધાનો પણ આ લૂટારાઓએ સ્થાપેલી અને લૂંટવા માટે જ સ્થાપેલી કેમ્બ્રીજ, હાવર્ડ જેવી યુનીવર્સીટીઓમાં આવા તરકટી અર્થશાસ્ત્રો ભણી આવીને તેનો અમલ કરે છે. પરિણામે ગરીબી વધતી જ જાય અને છતાં વિકાસ થયો ગણાય. રીલાયન્સ જેવા અબજપતિઓની સમૃધ્ધિ વધે એટલે GNP ખૂબ વધે એટલે ચોખ્ખું છે કે સરકાર જેને વિકાસ ગણે છે તે અબજપતિઓનો વિકાસ છે. આવી રીતે અબજપતિઓની તરફેણમાંજ આપણાં દેશની સરકારો ચાલે છે. સરકારો ગરીબો માટે કંઈપણ કામ કરે છે એ ભ્રમ વહેલામાં વહેલી તકે ભાંગી જવો જોઈએ.*

*ઈકવેડોરમાં જે બન્યુ છે તે દરેક દેશમાં બન્યુ છે. દરેક દેશમાં ગરીબો વધુ ગરીબ બન્યા છે અને ધનવાનો અતિધનવાન થયાં છે અને દેશ લૂંટાઈ ગયો છે. આપણાં દેશમાં પણ એમ જ થયું છે. સરકાર ગમે એટલું છુપાવે તો પણ સત્ય હકીકત એ જ છે કે ગરીબી અને ભૂખમરો ખૂબ વધ્યો છે. રીલાયન્સ જેવા મુઠ્ઠીભર અબજપતિઓ સો કે હજારગણાં ધનવાન થઈ ગયા છે. એટલે અમેરિકાનો આખો વિકાસ ગરીબોને વધુ ગરીબ બનાવીને, કરોડોને કંગાલિયતમાં ધકેલી દઈને થોડાંક માણસોનો જ વિકાસ છે. એ થોડાંક માણસોને બતાવીને તેમની જીવનપધ્ધતિ લોકોને બતાવીને લોકોને ભ્રમમાં નાંખીને, આંજી નાખીને બધાનો વિકાસ થશે એવી ખોટી આશામાં જ સરકાર*

*બધાને રાખે છે. પરંતુ આપણે ભ્રમમાંથી નીકળી જવું જોઈએ. વિકાસનું આખું મોડેલ ગરીબોને અને આમપ્રજાને માટે અતિ જોખમી છે અને મુઠ્ઠીભર માલેતુજારોને માટેનો જ એ વિકાસ છે. અમેરિકાની ગણતરી સ્પષ્ટ છે કે કોઈપણ હિસાબે સમૃધ્ધિ લૂંટીને અમેરિકામાં લઈ જવી. એ સમૃધ્ધિ આખી આમ પ્રજામાં સમાનરીતે પથરાયેલી હોય તો તેઓ લૂંટી શકે જ નહીં. જો સમૃધ્ધિ થોડાંકના જ હાથમાં હોય અને મોટાભાગની વસ્તી ગરીબ હોય તો જ સમૃધ્ધિ લૂંટી શકે. તેથી ગરીબી વધારવી, અસમાનતા ફેલાવવી, થોડાંક જ ધનપતિઓ ઊભા કરવા એ બધુ એમની લૂંટના કાવતરાનો જ એકભાગ છે. એમ કરવા માટે જંગી કારખાના, રાક્ષસી ડેમ, રાક્ષસી પાવર હાઉસો જેનો અંકુશ થોડાંક જ માણસોના હાથમાં હોય એવા કારસ્તાનો કરે છે. આપણે ભ્રમમાં એને વિકાસ માની બેઠાં છીએ.*

*– વેલજીભાઈ દેસાઈ*

**(૧૬) અમે દુનિયા આખીમાં અમારી એલચી કચેરીઓ સ્થાપીએ છીએ તેનું મુખ્ય કારણ અમારાં પોતાનાં જ હિતો સાધવાનું છે અને તેનો ખરો અર્થ છેલ્લાં ૫૦ વરસમાં અમેરિકન લોકશાહીને વૈશ્વિક સામ્રાજ્યમાં પલટી નાંખવાનું અમારું હિત સાધવાનો છે.**

**– જોન પરકીન્સ**

**(૧૭) અમે ઈન્ડોનેશિયામાં કામ કરતાં હતાં ત્યારે અમે ઈન્ડોનેશિયાની પ્રજાના ભલા માટે નહીં, પણ તેનું ધન લૂંટી લેવાના લોભમાં અમે તણાંતા હતાં. મારાં સાથી પ્રોફેસરો વગેરેને મેક્રો ઈકોનોમીકસ (જંગી પ્રોજેકટો વગરે)નું ખરું પરિણામ શું આવે તેનો ખાસ ખ્યાલ ન હતો. ઘણાં કિસ્સામાં જંગી પ્રોજેકટોના અમલને કારણે સમાજમાં આર્થિક પિરામીડમાં જે ટોચે બેઠેલાં છે તે અતિ ધનવાન બને છે અને જે નીચે તળિયે છે તેને વધારે દબાવી દેવાનું જ તે કામ કરે છે, એ હકીકતનો ખ્યાલ મારાં સાથીઓને ન હતો. હું વિચારતો રહેતો કે કોઈક દિવસ તો હું આ આખું કાવતરું ખુલ્લું પાડી દઈશ.**

**– જોન પરકીન્સ**

**(૧૮) દુનિયાનું ચિત્ર બદલી નાંખવાના નિર્ણયો જે માણસો લેતાં હતા એવડાં મોટાં મોટાં માણસોના સંપર્કમાં હું જેમ જેમ આવ્યો તેમ તેમ તેની શકિત અને તેમના ધ્યેયો વિષે હું નાસ્તિક અને નિરાશાવાદી બનતો ગયો.**

**– જોન પરકીન્સ**



*દુનિયામાં બધી જગ્યાએ આખા દેશ વિષે કે દુનિયા વિષે નિર્ણય લેનારા નેતાઓ કાં તો અભિમાની હોય છે, કાં તો પામર અને સ્વાર્થી હોય છે, કાં તો પ્રમાણિકપણે એવી ખોટી માન્યતા ધરાવતા હોય છે કે પોતાનો નિર્ણય આમજનતાના ખરેખર હિતમાં છે. પરંતુ આ નેતાઓના નિર્ણયોને કારણે કરોડો માણસો ગરીબ બની જતા હોય છે. તો આમાંથી શીખવાનું એ છે કે સરકાર પાસે વિશાળ સત્તાઓ હોવી જ ન જોઈએ. ગમે તેવા બેફામ કરવેરા નાખીને અબજો રૂપિયા ભેગા કરવાની સત્તા હોવી જ ન જોઈએ. અબજો રૂપિયાનો દુરુપયોગ જ થાય.*

*– વેલજીભાઈ દેસાઈ*

**(૧૯) યુધ્ધો અને શસ્ત્રોના જથ્થાબંધ ઉત્પાદનથી કોને લાભ થાય છે નદીઓ ઉપર ડેમ બાંધવાથી કે દેશનું પર્યાવરણ અને સંસ્કૃતિનો નાશ કરવાથી કોને લાભ થાય છે એના વિષે મને નવાઈ લાગવા માંડી. અપૂરતા ખોરાક, પ્રદુષિત પાણી અને મટાડી ન શકાય એવા રોગોથી લાખોને લાખો માણસોના મૃત્યુ થાય છે તેનાથી કોને લાભ થાય છે તેની મને નવાઈ લાગવા માંડી. ધીમે ધીમે મને સમજાવા માંડયુ કે લાંબે ગાળે તો કોઈને ફાયદો નથી, પણ ટૂંકા ગાળામાં પિરામીડની ટોચે બેઠેલાં મારાં જેવાં કે મારાં બોસ જેવાને ફાયદો થાય છે.**

**– જોન પરકીન્સ**

*મોટા મોટા ડેમ બાંધવાથી સમગ્ર ગ્રામ્ય પ્રજા સુખી થઈ જશે એવા ભ્રમમાં તમામ લોકો સપડાયા છે. આપણે ત્યાં નર્મદા ડેમમાં હજારો કરોડ રૂપિયા નાખ્યા. હવે ડેમ ભરાઈને પાણી છલકીને જાય છે. નદીઓ જેવડી કેનાલો પણ પાણીથી ભરપૂર છે. પરંતુ કેનાલને કાંઠે જેના ખેતર છે તેનો પાક અપૂરતા વરસાદથી નિષ્ફળ જાય છે છતાં કેનાલમાંથી ખેડૂતોને પાણી લેવા દેવામાં આવતું નથી. ખેડૂતોએ અરજીઓ કરીને પાણીના પૈસા ભર્યા છે છતા. હળવદ તાલુકામાં સરકારે કેનાલને કાંઠે ચોકીદારો રાખ્યા છે. કોઈ ખેડૂત કેનાલમાંથી પાણી ના કાઢી લ્યે તેનું ધ્યાન રાખવા માટે! નર્મદા ડેમ સિંચાઈ માટે, ખેડૂતો માટે બંધાયો છે છતાં! હવે ખેડૂતોએ સમજવું જોઈએ કે આવી જંગી યોજનાઓ પાછળ આંતરરાષ્ટ્રીય કાવતરા જ કામ કરતા હોય અને તેનો અંકુશ અમેરિકામાં હોય. હું ઘણા વર્ષોથી કહેતો કે નર્મદા ડેમની ચાવી વોશીંગ્ટનમાં રહેશે તે આજે સાચું પડયું છે.*

*– વેલજીભાઈ દેસાઈ*

**(૨૦) જ્યાં જ્યાં મૂડીવાદી પધ્ધતિઓ સફળ થાય છે તેમાં એક પ્રકારની નોકરશાહી કામ કરે છે, જેમાં સૌથી ઉપર બેઠેલા મુઠ્ઠીભર માણસો, પોતાની નીચે રહેલા માણસો પાસેથી સખત આદેશો મારફત ધાર્યું કામ લેતાં હોય છે અને તેઓ એમની નીચે રહેલા પાસે, એમ કરતાં સાવ તળિયે લાખો આર્થિક ગુલામ કહી શકાય તેવા કામદારોનાં જંગી સૈન્યને નિયંત્રણમાં રાખતા હોય છે. અંતે મને ખાત્રી થઈ ગઈ કે અમે આ પધ્ધતિને જ પ્રોત્સાહન આપ્યા કરીએ છીએ, અને મૂડીવાદી પિરામીડની ટોચે અમારાં માણસોને ગોઠવીને આ આખી પધ્ધતિ અમે દુનિયા આખીમાં નિકાસ કરીએ છીએ. આ સામ્રાજ્યવાદી અભિયાન જ મોટાભાગના યુધ્ધો, ભૂખમરો, પ્રદુષણ, પ્રજાઓનું નિકંદન વગેરે માટેનું મુખ્ય કારણ છે.**

**– જોન પરકીન્સ**

*નોકરશાહીની આખી પધ્ધતિ અત્યંત ખતરનાક છે. તલાટી ગામનો નોકર નથી. ગામ આખાને દબાવે, લાંચ લ્યે, છતાં ગામ તેને કાઢી ન શકે. આ ચોખ્ખી ગુલામી છે. તે મામલતદારને જવાબદાર છે. મામલતદાર કલેકટરને જવાબદાર છે. કલેકટર મુખ્ય સચિવને જવાબદાર છે. કલેકટર આખા જીલ્લાને હેરાન કરે છતાં તેને કંઈ ન થાય. આ આખી નોકરશાહીને કાઢવાની જરૂર છે. આ આખી નોકરશાહી મારફત આખા દેશને દબાવી શકાય, ગુલામ બનાવી શકાય. તલાટી ગામલોકોને જવાબદાર હોવો જોઈએ. ગામલોકો તેને કાઢી મુકી શકે તો જ સ્વરાજ ગણાય.*

*– વેલજીભાઈ દેસાઈ*

**(૨૧) ૧૯૩૦માં પ્રેસીડેન્ટ રુઝવેલ્ટે યુધ્ધ જહાજ મોકલીને પનામા ઉપર ચડાઈ કરી, સૈન્ય ઉતાર્યું, પનામાના લોકપ્રિય કમાન્ડરને પકડયો અને મારી નાંખ્યો અને પનામાને સ્વતંત્ર દેશ જાહેર કર્યો. પછી ત્યાં કઠપૂતળી સરકાર બેસાડી દીધી અને તેની સાથે પનામાની નહેરનો કરાર કર્યો. તે મુજબ નહેરની બન્ને બાજુનો પ્રદેશ અમેરિકન પ્રદેશ ઠરાવવામાં આવ્યો. અમેરિકન સૈન્યની દરમ્યાનગીરી કાયદેસર ગણવામાં આવી અને આ રીતે સ્વતંત્ર કરવામાં આવેલ પનામા દેશ ઉપર વોશિંગ્ટનનો સંપૂર્ણ અંકુશ સ્થાપવામાં આવ્યો.**

**ખૂબીની વાત એ છે કે આ કરાર ઉપર અમેરિકાના સેક્રેટરીની સહી કરવામાં આવી અને બીજા પક્ષે એક ફ્રેન્ચ એન્જિનીયરની સહી કરવામાં**



**આવી. કોઈ પનામાના નાગરિકની સહી એ કરાર પર ન હતી ! ટૂંકમાં, અમેરિકાનું હિત સાધવા માટે પનામાને કોલંબિયાથી ધરાર છૂટુ પાડવામાં આવ્યું. પચાસ વરસથી પણ વધારે સમય સુધી વોશિંગ્ટન સાથે ગાઢ સંબંધ હોય એવા ધનવાન કુટુંબોએ પનામા ઉપર રાજ્ય ચલાવ્યું. અમેરિકાના હિતોને જ પ્રોત્સાહન મળતુ રહે તે માટે જે કાંઈ કરવું પડે તે કરનારા આપખુદ સત્તાધીશોએ આવું રાજ પનામા ઉપર ચલાવ્યું.**

**– જોન પરકીન્સ**

*જેવું પનામામાં બન્યું એવું અનેક જગ્યાએ બને છે. આપણા દેશમાં આવા અનેક અંધેર ચાલતા હોય છે, જે પ્રકાશમાં આવતા નથી. અબજો રૂપિયા આવી જ રીતે ખોટા કરારો કરીને વેડફી નાખવામાં આવે છે. અને પ્રજાને ગુલામ રાખવામાં આવે છે. એટલે સરકાર પાસે કોઈને પણ પૂછયા વગર આંતરરાષ્ટ્રિય કરારો કરવાની સત્તા ન હોય એ જ સારો રસ્તો છે.*

*– વેલજીભાઈ દેસાઈ*

**(૨૨) હું વિચાર કરું છું કે મારાં દેશનું વલણ દુનિયા પ્રત્યે કેવું છે. પ્રેસીડેન્ટ જેમ્સ મનરોએ ૧૮૨૩માં મનરો સિધ્ધાંત જાહેર કરેલો કે અમેરિકાની નીતિને જે ટેકો આપવાની ના પાડે તે દેશ ઉપર ચડાઈ કરવાનો અમેરિકાને ખાસ હક્ક છે. મનરો પછીના પ્રમુખોએ જ્યારે બીજા દેશો ઉપર ચડાઈ કરી ત્યારે તેને વાજબી ઠરાવવા આ મનરો સિધ્ધાંતનું બહાનું આગળ કર્યુ છે.**

**– જોન પરકીન્સ**

*આ તો ચોખ્ખી દાદાગીરી છે. અમેરીકાની ઈચ્છા પ્રમાણે જે દેશ ના વર્તે તેના ઉપર ચઢાઈ કરવાની પણ અમેરીકાને સત્તા છે એ જાતનો તેનો મનરો સિધ્ધાંતનો અર્થ એ થયો કે દુનિયા આખીએ અમેરીકાના ગુલામ થઈને જ રહેવું.*

*– વેલજીભાઈ દેસાઈ*

**(૨૩) વિદેશી મદદની જે રમત છે તે બનાવટ છે. તેનાથી રાજકારણીઓ અતિ ધનવાન થાય છે અને દેશ દેવામાં ડૂબી જાય છે. આ પધ્ધતિ એવી ધારણા ઉપર રચાયેલી છે કે સત્તા ઉપરના તમામ ભ્રષ્ટચારી હોય છે અને કોઈ સત્તાધીશ જો પોતાના અંગત હિત માટે તેનો ઉપયોગ કરવા ન ઈચ્છે એવો પ્રમાણિક નીકળે તો તેને અમેરિકા**

**સામેની ધમકી રૂપે જોવામાં આવે છે, કારણ કે તેના એક પછી એક એવા પ્રત્યાઘાતો આવે કે આ દેશોને ચૂસવાની આ પધ્ધતિ જ તૂટી પડે.**

**– જોન પરકીન્સ**

*છેલ્લા ૬૦ વરસથી આપણને એવું સમજાવવામાં આવે છે કે વિદેશી મદદ લઈને આપણે દેશનો મોટો વિકાસ કરીએ છીએ. પરંતુ જોન પરકીન્સે ખુલ્લું કરી નાખ્યું કે વિદેશી મદદ ખરેખર બનાવટ છે. રાજકારણીઓ અને ઉચ્ચ સત્તાધીશોને પુષ્કળ લાંચ આપીને જ અમેરીકા વિકાસને નામે આખી દુનિયાને ચૂસવાની અને કરોડોને ગરીબીમાં ધકેલી દેવાની જે મેલી રમત રમે છે તેમાં કોઈ પ્રમાણિક રાજકારણી હોય તો તે અમેરીકા સામેની ધમકી ગણાય છે અને તેને મારી નાખવા સુધીના કાવતરા અમેરીકા કરે છે. તેથી આપણે એમ સમજવું રહયું કે આપણા દેશમાં પણ વિકાસની વાતો કરનારા મોટા ભાગના નેતા પ્રમાણિક નથી. શુધ્ધ પ્રમાણિકતાથી વિકાસનું ડીંડક ખોટું છે એમ કહેનારા ગાંધીજી સિવાય કોઈ પણ માણસને આપણે જોયા નથી. બેશક કેટલાંક નેતાઓ પ્રમાણિકપણે વિકાસની ઘેલછામાં રાચતા હોય છે અને લાંચ ના લેતા હોય એવું પણ બને. પરંતુ મોટા ભાગના નેતાઓ અમેરીકાની લાંચ લઈને અમેરીકાથી દબાઈને અમેરીકાનાં હિતમાં આપણા દેશની આમ જનતાના હિત વિરુધ્ધ કામ કરતા હોય તે વધારે સંભવ છે.*

*– વેલજીભાઈ દેસાઈ*

**(૨૪) રોબર્ટ મેકનામારા (ફોર્ડ કંપનીનો મેનેજર, જેને અમેરિકન પ્રમુખ કેનેડીએ સરકારમાં ડીફેન્સ સેક્રેટરી નીમેલો) આક્રમક નેતાગીરીની વકીલાત કરતા અને વિયેટનામ યુધ્ધ જીતવા માટે ગણિત ગણીને આંકડાકાઢીને તે મુજબ નાણાંકીય ફાળવણી કરતાં. આ પધ્ધતિ સરકાર અને મોટાં કોર્પોરેશનો ચલાવવાનો પાયો જ બની ગઈ અને તે પ્રમાણે દેશની ઉચ્ચમાં ઉચ્ચ મેનેજમેન્ટની સ્કૂલોમાં પણ ભણાવવાનું ચાલું થયું. તેમાંથી ચીફ એકઝીક્યુટીવ ઓફિસરોની એક નવી જાત પેદા થઈ, જેમણે અમેરિકાને વિશ્વ સામ્રાજ્ય બનાવવા માટે બધે ભાલાની જેમ ઘૂસ મારી દીધી. હું હવે જોઉં છું કે રોબર્ટ મેકનામારાનો ઈતિહાસમાં મોટાંમા મોટો પાપી ફાળો એ હતો દુનિયાએ કદી જોયું ન હોય એટલી હદે વિશ્વબેન્કને**



**વૈશ્વિસામ્રાજ્યની એજન્ટ બનાવી દીધી. ત્યાર પછી તો અનેક કોર્પોરેશનોના મેનેજરો સરકારમાં મોટા હોદાઓ ઉપર નીમાવા લાગ્યા, જે અમારાં જેવા આર્થિક હત્યારાની મદદથી અમેરિકાને વિશ્વ સામ્રાજ્યમાં પલટવા લાગ્યા**

**– જોન પરકીન્સ**

*વિશ્વ વ્યાપી શોષણની આખી પ્રક્રિયા શિક્ષણ પધ્ધતિમાં ઘુસાડી દેવામાં આવી છે. મેનેજમેન્ટની સ્કૂલો મોટી કંપનીઓને જોઈતા આર્થિક હત્યારા પેદા કરવાના કારખાના છે. તેને ઉચ્ચ પ્રતિષ્ઠા આપવામાં આવી છે. મેનેજમેન્ટની સ્કૂલોમાં ભણેલા, મોટી કંપનીને આખા દેશનું શોષણ કરવામાં અને દેશને લૂંટવામાં મદદરૂપ થાય છે અને બદલામાં જંગી પગાર મેળવે છે. આ લૂંટવાનું કામ પાપી કામ છે તેને જ પ્રતિષ્ઠિત કામ ગણવામાં આવે છે. આપણું નૈતિક અધઃપતન કેટલી હદ સુધી થયું છે તેનો નમુનો એટલે મેનેજમેન્ટની સ્કૂલો.*

*– વેલજીભાઈ દેસાઈ*

**(૨૫) ૧૯૭૪માં ટૂંકા સમય માટે પેટ્રોલિયમની કટોકટી આવી હતી. પણ તેની અસર ખૂબ મોટી થઈ તેનાથી કોર્પોરેટોક્રેસી – કંપનીશાહી ખૂબ મજબૂત થઈ. તેના ત્રણ આધાર સ્થંભો મોટો કોર્પોરેશનો, આંતરરાષ્ટ્રીય બેન્કો અને સરકાર એ ત્રણેયનું ગઠબંધન પહેલાં કદી ન હોય એવું મજબૂત થયું.**

**– જોન પરકીન્સ**

*આનું પરિણામ એ આવ્યું છે કે અબજોપતિઓનો વિકાસ અનેક ગણો થયો અને ગરીબી પણ પુષ્કળ વધી. સરકાર અબજોપતિઓના વિકાસને ચગાવ્યા કરે અને લોકોને ભ્રમમાં જ રાખે છે કે તેના જેવો બધાનો વિકાસ થશે. વાસ્તવમાં, ગરીબી અને બેકારી વધતી જ જાય છે તે બાબત સરકાર હમેશા છુપાવ્યા જ કરે છે.*

*– વેલજીભાઈ દેસાઈ*

**(૨૬) સાઉદી અરેબિયાના નબીરા કુટુંબો દુનિયા આખીમાં ફરતા, યુરોપ, અમેરિકાની સ્કૂલો, યુનિવર્સીટીઓમાં ભણતાં, તેઓ ફેન્સીકાર ખરીદતા અને પોતાના ઘરોને પશ્ચિમી પધ્ધતિથી સજાવતા, જુનવાણી ધાર્મિક માન્યતાઓને સ્થાને ભૌતિકવાદ પ્રસરી ગયો. આ ભૌતિકવાદને કારણે અમને ખાત્રી થઈ કે ભવિષ્યમાં હવે તેલની કટોકટી નહીં આવે.**

**– જોન પરકીન્સ**

*જેમ આખું સાઉદી અરેબીયા ભૈતિકવાદમાં તણાયું, અમેરીકાનું નકલખોર બન્યું, ધર્મ ભૂલ્યું અને આખરે અમેરીકન સરકારનું ગુલામ પણ બન્યું, એ જ રીતે આપણા દેશમાં થઈ રહયું છે. આપણે અમેરીકાના ગુલામ બની ગયા છીએ. ધર્મને ધુત્કારી કાઢયો છે. તેથી અમેરીકાને ખાતરી છે કે ભારત અમેરીકાની સામે આંખ ઉંચી કરી શકે એમ નથી. આપણે એટલા બધા અમેરીકાથી દબાઈ ગયા છીએ. ભૈતિકવાદ વિશે ગાંધીજીએ હિંદ સ્વરાજ પુસ્તિકામાં આપેલી ચેતવણી આપણે જરાપણ ગણકારી નથી તેનું પરિણામ હવે ભોગવીએ છીએ. હજી પણ જાગીએ તો રસ્તો નીકળે જ.*

*– વેલજીભાઈ દેસાઈ*

**(૨૭) મને કહેવામાં આવ્યું કે કરોડોને અબજો ડોલર સાઉદી અરેબિયાના અર્થતંત્રમાં ઘાલી દેવા માટે તેને વાજબી ઠરાવવાની દલીલો શોધી કાઢવી, જેમાં ખાસ શરત એ હોય જ કે અમારાં દેશની એન્જિનીયરીંગ અને બાંધકામની કંપનીઓને જ ઓર્ડરો મળે, જેથી તમામ નાણાં અમારાં દેશમાં જ આવી જાય. અને તેનું અર્થતંત્ર અમારાં ઉપર નિર્ભર બની જાય અને સાથે સાથે તેવાં લોકો પશ્ચિમની પધ્ધતિના ગુલામ બની જાય, જેથી ભવિષ્યમાં તે અમારી સામે ના થાય.**

**– જોન પરકીન્સ**

*આપણા દેશમાં પણ સેંકડો અમેરીકન કંપનીઓ મારફત આવું જ બની રહયું છે.*

*– વેલજીભાઈ દેસાઈ*

**(૨૮) અમે નક્કી કર્યુ કે સાઉદી અરેબિયામાં રાક્ષસી કદના ઉદ્યોગો વિકસાવવા. તેના રણમાં પેટ્રોલિયમ રીફાઈનરીઓ સ્થાપીને પેટ્રોલિયમ એકસપોર્ટ કરવું. તેમાંથી જંગી ઔદ્યોગિક વસાહત ઊભી કરવી, તેના માટે હજારો મેગા વોટના વિદ્યૂત મથકો બાંધવા, તેની ટ્રાન્સમીશન લાઈનો નાંખવી, હાઈવે, પાઈપ લાઈન, દૂર સંચારના નેટવર્ક, ટ્રાન્સપોર્ટ, નવા એરપોર્ટ સ્થાપવા, બંદરો વિકસાવવા, અનેક પ્રકારની સર્વિસ ઉદ્યોગશ્રેણી, અને આ બધું ચાલતું રાખવા જરૂરી ઈન્ફ્રાસ્ટ્રકચર માળખા ઊભા કરવાં. અમને ઉંચી આશા હતી કે આ પ્રકારનું મોડેલ ઊભું થાય તો બાકીની દુનિયાને દેખાડીને સાઉદીઓ અમારાં ગુણગાન ગાશે, અનેક દેશના નેતાઓને આમંત્રણ આપીને અમે કરેલો જાદુઈ વિકાસ બતાવશે અને બીજા દેશના નેતાઓ પોતાના દેશમાં આવું કરી દેવા અમને વિનંતી કરશે, અને પેટ્રોલિયમ નથી નીકળતું એવા દેશો વિશ્વબેંકની લોન લઈને આવું કરવા લલચાશે. એટલે લોનો આપીને તેમને દેવામાં ડૂબાવી દેવાની અમારી નીતિ જીતશે અને અમેરિકા વૈશ્વિક સામ્રાજ્ય સ્થાપવામાં સફળ થશે.**

**– જોન પરકીન્સ**

*જોન પરકીન્સનું ઉપરનું વર્ણન આપણા દેશને પણ એટલું લાગુ પડે છે. આપણે આંધળાભીત થઈને એટલું પણ જોતા નથી કે આ બધો વિકાસ તો કરોડપતિઓ અને અબજપતિઓનો જ થાય છે. અને આમ જનતા વધુ ને વધુ ગરીબીમાં અને ભૂખમરામાં સપડાતી જાય છે. નેતાઓ વૈભવી જીવન પધ્ધતિમાં રહેતા થયા, વિમાનોમાં જ ફરતા થયા. તેથી આમ જનતાનો સંપર્ક તૂટયો. ગરીબી વધે છે તેનું પણ ભાન ન રહયું. આમ ને આમ ૬૦ વરસમાં આમ જનતાનું નખ્ખોદ કાઢી નાખ્યું. પરિણામે આજે ૪૦ કરોડ માણસોને પૂરું ખાવાનું પણ મળતું નથી અને ભુખમરામાં અને કલ્પનાતીત ગરીબીમાં જીવે છે.*

*– વેલજીભાઈ દેસાઈ*

**(૨૯) આ વિચારમાંથી વળી ખૂબ વધારે વિકાસની તકો મળી, મજૂરો માટે ઘરો જોઈએ, તેના મોટાં મકાન બાંધકામ સંકૂલો જોઈશે, તેમના માટે બજારોના શોપીંગ મોલ, હોસ્પીટલો, ફાયર સ્ટેશનથી માંડી પોલીસ ચોકીઓ સુધીના બિલ્ડીંગો, પાણી પૂરવઠા અને ગંદા નિકાલના પ્લાન્ટ, વીજળી, સંદેશા વ્યવહાર, ટ્રાન્સપોર્ટેશનની માયાજાળ, આખા આધુનિક શહેરો જ નવા બાંધવાના થશે. વળી આ બધું રણમાં બાંધવાનું થશે. સમુદ્રના ખારાં પાણીને મીઠું બનાવવાના પ્લાન્ટ, આરોગ્યની સેવાના સંકુલો, કોમ્પ્યુટર ટેકનોલોજી વગેરે એટલે જંગી તકો મળશે. ઈતિહાસમાં કદી ન બન્યુ હોય એવડી જંગી તકો. વળી જેની પાસે પેટ્રોલિયમનું અઢળક નાણું છે જ. અમારો મુખ્ય હેતું તેમનું ધન બધુ અમેરિકામાં જ આવી જાય અને સાઉદી અરેબિયા અમારાં ઉપર નિર્ભર બની જાય એ જ હતું. અમે બાંધકામો જ કરી આપીએ**

એટલું જ નહીં, પરંતુ બધા તંત્રો ચલાવતાં રહેવાના મેઈનટેનન્સ કોન્ટ્રાકટ પણ ગોઠવી કાઢયા. એટલે એવું આયોજન કર્યુ કે મેઈન, બેચેલ, બ્રાઉન એન રૂટ, હલી બર્ટન, સ્ટોન એન્ડ વેબસ્ટર જેવી અનેક કંપનીઓને આવતા દાયકાઓ સુધી કમાણીના બખ્ખા થઈ જાય. વળી આમાંથી એક નવી વાત નીકળી. સાઉદી અરેબિયાનો વિકાસ થાય એટલે રૂઢિચુસ્ત મુસ્લિમોને તે નહીં ગમે. ઈઝરાયલ અને પડોશી દેશોને ધમકીરૂપ લાગશે. આમાંથી યુધ્ધોની બીકે મીલીટરીના મોટાં મોટાં કોન્ટ્રાકટ મળશે. વળી એ બધાના મેઈનટેનન્સ કોન્ટ્રાકટ મળ્યા કરશે. એમાંથી લશ્કરના થાણા, મિસાઈલની જગ્યાએ એરપોર્ટ અને મીલીટરી સાથે સંકળાયેલ માળખાકીય વ્યવસ્થાઓના કોન્ટ્રાકટ. સાઉદી અરેબિયાને વિકાસને નામે લૂંટી લેવાની આ આખી યોજનાને અમે **SAMA** નામ આપેલું **SAMA** એટલે સાઉદી અરેબિયન મની લોન્ડરીંગ અફેર. આ અમારું ખાનગી નામ હતું. પરંતુ સાઉદી અરેબિયન મોનેટરી એજન્સી એટલે **SAMA** નામ ત્યાં હતું જ. ટૂંકમાં અમને લાગતું કે અમે બધા નિવૃત્ત થઈ જઈએ ત્યાં સુધી ગાય દોહ્યા જ કરવાની છે ! એટલે ૧૯૭૩માં જે તેલની કટોકટી પેદા થઈ તે અમારાં માટે અણધાર્યા આશીર્વાદ બની ગઈ, જે અંતે અમને વૈશ્વિક સામ્રાજ્ય તરફ લઈ ગઈ.

– જોન પરકીન્સ

*મોટા શહેરો વિકસાવવા એ ભાંજગડ છે એમ ગાંધીજીએ કીધું છે. તેમાંથી શોષણ કરવાના કેટલા બધા નુસખા નીકળે તે ઉપરના વર્ણનમાંથી આપણે સમજી શકીએ છીએ. આપણા દેશમાં પણ ફક્ત શહેરોનો જ વિકાસ થયો છે અને તેનું પરિણામ પણ આપણી ગુલામીમાં અને ગરીબીમાં વધારો થયો એ જ આવ્યું છે. આમ જનતા અને ગ્રામ્ય પ્રજા બધી રીતે લૂંટાણી છે અને તેનો લાભ કરોડપતિઓએ ઉઠાવ્યો છે.*

*– વેલજીભાઈ દેસાઈ*

(૩૦) પ્રેસીડેન્ટ બુશ, સાઉદી અરેબિયાનું મુખ્ય ઘર અને ઓસામા બીન લાદેનના બિઝનેસ સંબંધો અંગે જે વાત બહાર પડી તેનાથી મને જરાપણ નવાઈ ના લાગી. મને તો તેના સંબંધો ઠેઠ ૧૯૭૪ની સાલ જુના છે તે ખબર હતી.

– જોન પરકીન્સ



*કેટલાંકને આ બાબતમાં શંકા હતી તો જોન પરકીન્સ જેવો માણસ પોતાના પુસ્તકમાં પ્રેસિડેન્ટ બુશના ઓસામા બીન લાદેન સાથેના સંબંધોની વાત વરસોથી જાણે છે એમ લખે છે એટલે હવે કોઈ શંકાનું કારણ રહેતું નથી.*

*– વેલજીભાઈ દેસાઈ*

(૩૧) ૧૧મી સપ્ટેમ્બરે બે ટાવર તોડી પડાયા તે પછી ધનવાન સાઉદી અરેબિયનો–જેમાં ઓસામા બીન લાદેનના કુટુંબીજનો પણ હતાં–તેમને પ્રાઈવેટ જેટ વિમાનો મારફત ઝડપથી અમેરિકા બહાર ભગાડી જવામાં આવ્યા. એ ફલાઈટોનું કલીયરન્સ પણ ના થયું. કોઈ પેસેન્જરોને કાંઈપણ પૂછવામાં ના આવ્યું. પ્રેસીડેન્ટ બુશના લાંબા સમયના કૌટુંબિક સંબંધે જ આમા મદદ કરી હોય ને ?

– જોન પરકીન્સ

(૩૨) એક દિવસ પૌલા (કોલંબિયાની એક સ્ત્રીનું નામ) એ મને ચોખ્ખુ કીધુ કે તમે જ્યાં ડેમ બાંધો છો તે નદી કિનારાના દેશી લોકો અને બધા ખેડૂતો તમને ધિક્કારે છે. અરે શહેરના લોકો–જેમને એ ડેમ સાથે કાંઈ સંબંધ નથી તે બધા પણ તમારાં બાંધકામના કેમ્પ ઉપર જે ગેરીલા લોકો હુમલો કરે છે તેમનાં પ્રત્યે સહાનુભૂતિ ધરાવે છે. તમારી સરકાર ભલે તેમને સામ્યવાદીઓ, ત્રાસવાદીઓ અને નાર્કોટીક જેવા ડ્રગ વેચનારા તરીકે ચીતરે, પણ સત્ય હકીકત એ જ છે તમારી કંપની જે જમીનોનો નાશ કરી રહી છે એ જમીનો ઉપર જીવનારા કુટુંબ કબીલાવાળા એ લોકો સીધા માણસો છે. આવી નીતિઓને કારણે મારે મારી સાથે જ જીવવાનું વધુને વધુ મુશ્કેલ બનવા માંડયું. પૌલાએ મારી સામે જ એક છાપું ખોલ્યું ને તેમાં છપાયેલો પત્ર મને વાંચી સંભળાવ્યો. તે પત્ર આ હતો. “આપણે બધા આપણાં પૂર્વજોના લોહીના સોગંદખાઈને પ્રતિજ્ઞા કરીએ છીએ કે આ નદી ઉપર કદી પણ ડેમ થવાં નહીં દઈએ. આપણી જમીન ઉપર પાણી ભરાઈ જાય તેનાં કરતાં આપણે મરી જવાનું પસંદ કરીશું. આપણે આપણાં કોલંબિયન ભાઈઓને ચેતવણી આપીએ કે ડેમ બાંધનારી કંપનીમાં કામ કે નોકરી કરવાનું બંધ કરો.”

મને એમ થઈ ગયું કે હું ગેરીલાના આક્રમણનો ભોગ બની ગયો હોત તો સારું થાત અથવા તો હું પોતે જ ગેરીલા બની જાઉં તો સારું. તેથી દરરોજ હું મારી નોકરીને વધુને વધુ તિરસ્કારવા લાગ્યો. પૌલાએ કીધુ

**કે તેમની લડતનું ધ્યેય બહુ સાચું છે. તમે ડેમ બાંધીને વીજળી પેદા કરશો તે તો થોડાંક ધનવાન કોલંબિયનોને મદદ કરશે. પણ હજારો કોલંબિયનો તો મરી જશે, કારણ કે પાણી પ્રદુષિત થશે, માછલાં પણ મરી જશે.**

**– જોન પરકીન્સ**

*જયાં જયાં મોટા પ્રોજેક્ટ થાય છે ત્યાં બધે આવું બને છે. સ્થાનિક પ્રજાનું નિકંદન નીકળી જાય છે. હજારો લોકો પોતાના ઘર અને જમીન ગુમાવે છે અને અસહય અન્યાય સહન કરે છે. તેથી કેટલાંક તેમાંથી ત્રાસવાદી બની જાય તો નવાઈ ન ગણાય. આપણે ત્યાં નર્મદા નદી ઉપર દુનિયાનો સૌથી મોટો ડેમ બાંધીને સરકારે લાખો આદિવાસીઓને ઘરબાર વગરના કરી મુકયા. ડેમનો લાભ તો ધનવાનોને જ મળે. તેમાંથી ઉત્પન થતી વીજળી કરોડપતિઓના કારખાનામાં વપરાય. તેથી ગાંધીજી પણ મોટા ડેમ બાંધવાના સખત વિરોધી હતા. સિંધુ નદી ઉપર સક્કરબેરેજ યોજનાનો ગાંધીજીએ સખત વિરોધ કરેલો. દુર્ભાગ્યે આજની સરકારો ગાંધીજીના વિચારોનું ક્ષણે ક્ષણે ખૂન કરે છે. અને તે પણ આમ જનતાના વિકાસના નામે. હમણાં જ બંગાળમાં નંદીગ્રામ તથા ઓરિસ્સામાં પણ અનેક માણસોને આવા પ્રોજેક્ટ કરવા માટે મારી નાખ્યા. એટલે ચોખ્ખું છે કે આજની સરકારો આમ જનતાની દુશ્મન બનીને વર્તે છે અને અબજોપતિઓને દેશને લૂંટવામાં મદદ કરે છે.*

*– વેલજીભાઈ દેસાઈ*

**(૩૩) પૌલાએ આગળ ચલાવ્યું "વિદેશી ઓઈલ કંપનીની ઓફિસની બહાર દેખાવો કર્યા, કારણ કે તેમની જમીનો ઉપર તમે તેલના કૂવા માટે શારકામ કર્યા તેનો વિરોધ કર્યો. લશ્કરે તેમને પકડીને માર્યા અને જેલમાં ઘાલ્યા. તેમણે કાંઈ ખોટું કર્યુ ન હતું. ફકત ઓફિસની બહાર ઊભીને પ્લેકાર્ડ હાથમાં લઈને ગાતા ગાતા ઊભા રહેતા. ફકત આટલા વિરોધ માટે તેમને ૬ મહિના સુધી જેલમાં રખાયા. જેલની બહાર આવ્યા પછી ત્યાં શું બન્યું તેની જરાપણ વાત તેણે ના કરી, પરંતુ તે જ્યારે જેલની બહાર આવ્યો ત્યારે જુદીજ જાતનો માણસ હતો (ત્રાસવાદી બનીને બહાર આવેલો).**

**– જોન પરકીન્સ**



*ત્રાસવાદીઓ કેમ બને છે તેનો આ જીવતો જાગતો દાખલો છે. આપણે ત્યાં જેલમાં કેટલાય માણસોને મારી નાખવામાં આવે છે. જે બચી જાય તે ત્રાસવાદી બને તેમાં શું નવાઈ?*

*– વેલજીભાઈ દેસાઈ*

**(૩૪) ઉપરની વાત સાંભળતા મારો આત્મા ચીરાઈ જતો હતો પણ છતાં પણ મારો પૈસાનો લોભ જતો ન હતો. (નોકરી છોડવાની હિંમત ચાલતી ન હતી).**

**– જોન પરકીન્સ**

*જેવું જોન પરકીન્સને મનોમંથન થતું હતું કે એક બાજુ પૈસાનો લોભ છોડી શકાતો ન હતો અને તેથી નોકરી છોડવાની હિંમત ચાલતી ન હતી અને બીજી બાજુ પોતાને હાથે કરોડો માણસોને જે અન્યાય થતો હતો તેનાથી તેનો આત્મા ચીરાઈ જતો હતો તેવું આપણા દેશના ઘણા અધિકારીઓ અને સત્તાધીશો અંતરમાં અનુભવતા હોય છે. પણ પૈસાના દાસ બનીને પોતાની જીંદગી ખોટા કાર્યમાં વેડફી નાખે છે. તેમાંથી કોઈ વિરલા જ નોકરી છોડીને સાચી સમાજ સેવા કરવા નીકળી પડે છે અને પોતાની જીંદગી સુધારી લ્યે છે.*

*– વેલજીભાઈ દેસાઈ*

**(૩૫) વૈશ્વિક સામ્રાજ્ય આત્મકેન્દ્રી છે, સ્વાર્થી છે, લોભી છે અને અતિ ભૌતિકવાદી, બધુ જ ખાઈ જવા ઈચ્છે છે, જે કાંઈ જોયું તે લઈ લેવા માંગે છે અને સત્તા અને ધન મેળવી લેવા માટે ગમે તે સાધન વાપરવા તૈયાર છે.**

**– જોન પરકીન્સ**

*આ વાત આપણે બધા સમજી લઈએ તો સારું. આત્મકેન્દ્રી છે એટલે ફકત પોતાનો જ વિચાર કરે. સામેનો માણસ ખતમ થઈ જાય તેની જરાપણ દયા તેમને ના આવે. સ્વાર્થી છે એટલે આપણા ભલાનો તે વિચાર કરે જ નહીં. લોભી છે એટલે ગમે એટલું ધન તે લૂંટી લ્યે છતાં તેને સંતોષ ના થાય. અતિ ભૌતિકવાદી છે. એટલે નીતિ, ધર્મ, સદાચાર, આધ્યાત્મિકતા પરોપકાર, ન્યાય, દયા એવી કોઈ જ વાત તે વિચારતા જ નથી. તેથી તે સંપૂર્ણ નિર્દય વ્યવસ્થા છે. જે કાંઈ જોયું તે લઈ લેવા માગે છે. એટલે તમારી જમીન, ખેતી, ખેતપેદાશો, પાણી, નદીઓ, પર્વતો, જંગલો, સમુદ્ર*

*તમામ વસ્તુ તે લઈ લેવા માગે છે અને એમ કરવા માટે ગમે તે સાધન વાપરવા માગે છે. એટલે એટમ બોંબ કે યુધ્ધ કરીને લાખો કરોડોને મારી નાખવામાં પણ તેમને જરાપણ આંચકો લાગતો નથી. ઈરાકમાં આજે જે કત્લેઆમ ચાલી રહી છે તે કલ્પનાતીત છે. તો આ વૈશ્વિક સામ્રાજ્ય કેટલું જોખમી છે તે બરાબર સમજી લેવું જોઈએ.*

*– વેલજીભાઈ દેસાઈ*

(૩૬) **મેં જોઈ લીધું કે જે માણસો અમેરિકન કોર્પોરેશનોમાં કામ કરે છે તે ભલે આર્થિક હત્યારાની માયાજાળમાં સામેલ ના હોય, છતાંપણ કોઈ વ્યવસ્થિત ઘડી કાઢેલ કાવતરાં કરતાં ઘણાં વધારે વિઘાતક કાર્યમાં ભાગ લઈ રહ્યાં છે.**

**– જોન પરકીન્સ**

*આ વાત ખાસ સમજવા જેવી છે. ઘણા માણસો સરકારમાં નોકરી કરે, મોટી કંપનીઓમાં નોકરી કરે અને એમ માને કે પોતે પ્રમાણિક જીંદગી જીવે છે તો તે સૌથી મોટી ભૂલ છે. સરકાર પોતે જ એક સૌથી મોટી ત્રાસવાદી સંસ્થા બની ગઈ છે. ફરજીયાત અન્યાયી કરવેરા મારફત આમ જનતાનું પુષ્કળ શોષણ કરે છે. અનેક અન્યાયી કાયદા ઠોકી બેસાડીને આમ જનતાને ત્રાસ આપે છે. આખી વ્યવસ્થા સડેલી છે. લાંચ, કૌભાંડોથી ભરેલી છે. સરકારનું અસ્તિત્વ જ આમ પ્રજાને માટે જોખમી બની ગયું છે. નિર્દોષ ખેડુતોની જમીનો આંચકી લઈને અબજોપતિઓને સોંપી દયે છે. આવી અન્યાયી સરકારમાં નોકરી કરવી તે પાપની કમાણી છે એ સ્પષ્ટ છે. ગાંધીજીએ પણ આમ જ કીધું છે. તેથી પ્રમાણિક માણસોનો આત્મા ડંખવો જોઈએ. મોટી કંપનીઓનો હેતુ તો ચોખ્ખે ચોખ્ખો શોષણ કરવાનો છે. આમ જનતાના શોષણમાં ભાગીદાર બનવું તે પાપની કમાણી છે. દુરભાગ્યે મોટી સરકારી નોકરીઓ અને મોટા પગારવાળી કંપનીની નોકરીઓને સમાજમાં પ્રતિષ્ઠા મળે છે તે ખોટું છે. ખરા નીતિમાન માણસોએ આવી નોકરીઓ ન કરવી જોઈએ.*

*– વેલજીભાઈ દેસાઈ*

(૩૭) **મેં એવા કરારો કરવામાં મદદ કરેલી કે જેનાંથી અમેરિકાને પેટ્રોલિયમ સતત મળ્યાં કરે તેની ગેરંટી મળે. સાઉદના ઘરનું રાજ સાઉદી અરેબિયામાં સલામત રહે, ઓસામા બીન લાદેનને નાણાંકીય સહાય મેળવવામાં મદદ કરી અને યુગાન્ડાના ઈદી અમીન જેવા આંતરરાષ્ટ્રીય ગુનેગારોના રક્ષણ માટે મદદ મળે એવા કરારો કરવામાં હું સહાયભૂત થયો. છતાં હું બહારથી તો મેઈન કંપનીનો ચીફ ઈકોનોમીસ્ટ જ ગણાતો રહ્યો, જ્યારે ખરેખર ખાનગીમાં હું આર્થિક હત્યારો હતો. ખરેખર હું સાચો ઈકોનોમીસ્ટ હતો જ નહીં. ગણિત અને આંકડાશાસ્ત્રમાં હું સાવ નબળો હતો. અમે તો ગરીબ અને તવંગર વચ્ચેની ખાઈ પહોળી થતી જ જાય એમાં જ ભાગ ભજવ્યો છે. અમે ફર્સ્ટ કલાસ હોટેલોમાં સૂતા હોઈએ કે સારામાં સારી રેસ્ટોરન્ટમાં ખાતા હોઈએ અને અમારાં નાણાંકીય હિતો સાધતા હોઈએ ત્યારે હું ભૂખે મરતાં લોકો વિષે વિચારતો.**

**– જોન પરકીન્સ**

*મોટા હોદાવાળા માણસો કેવા કાળા કામો કરે છે તેનો આ દાખલો છે. જોન પરકીન્સે બધું કબૂલ્યું, પરંતુ હજારો માણસો સત્ય કબૂલતા નથી અને અંતર ડંખતું હોય તો પણ પાખંડી જીવન જીવ્યા કરે છે.*

*– વેલજીભાઈ દેસાઈ*

(૩૮) **હું એમ વિચારતો કે મેં જે લોકોને તાલીમ આપી એ લોકો આર્થિક હત્યારાની રેન્કમાં જોડાઈ ગયા છે. મે તેમની ભરતી કરી અને તાલીમ આપી. પરંતુ હું જ્યારે જોડાયો તેવી સ્થિતિ હવે નથી. દુનિયા બદલાઈ ગઈ છે. કોર્પોરેટોક્રેસીએ ઘણી પ્રગતિ કરી છે. અમે વધુ વિઘાતક અને જોખમી બન્યા છીએ. નવા માણસો પાસે એવી અપેક્ષા રખાય છે કે અમેરિકાનું વૈશ્વિક સામ્રાજ્ય બનાવવાનાં ધ્યેયમાં આગળ વધવું, તેમણે હવે ઈકોનોમીક હીટમેન (EHM) એટલે આર્થિક હત્યારો એવો શબ્દ પણ સાંભળ્યો નથી. તેઓ ફક્ત મારાં દાખલા ઉપરથી શીખ્યા છે. તેમને એટલી ખબર છે કે મારે જેવા રીપોર્ટ જોઈએ, તેના અભ્યાસ અને તારણો જેવા જોઈએ છે એવા કરીને આપવા. તેમના પગાર, બોનસ વગેરે બધુ જ મને ખુશ કરવા ઉપર અવલંબે છે. મોટાં આંકડા મુકીને જંગી લોનો આપી દેવી. GNP વધશે તેવા આંકડા ગોઠવી કાઢવા, બધું શાંતિથી થાય, પણ બ્રેઈનવોર્શીંગ થાય, તેઓ દુનિયા આખીમાં ફરે અને વૈશ્વિક સામ્રાજ્ય સ્થાપવા માટે કામ કરે. સાચા અર્થમાં મેં તેમને આર્થિક હત્યારા બનાવી દીધા, પરંતુ તેમને જાણ નથી કરી કે તેઓ આર્થિક હત્યારા તરીકે જ કામ કરે છે !**

**– જોન પરકીન્સ**

*આજની આપણી મેનેજમેન્ટ સ્કૂલોમાંથી એમ.બી.એ. થઈને જે નીકળે છે તે બધાં જ આર્થિક હત્યારાઓ જ હોય છે. પરંતુ તેમને ખબર નથી કે તેઓ આર્થિક હત્યારા છે. તેમના કાર્યોનું અંતિમ પરીણામ આમ જનતાના શોષણમાં પરીણમે છે. આ વાત બધાને સમજાય જાય તો કેવું સારું?*

*– વેલજીભાઈ દેસાઈ*

**(૩૯) હું હવે સમજ્યો છું કે દુનિયાને છેતરવાના એક એવા તબક્કે અમે પહોંચ્યા છીએ કે તેમાં અમારો પોતાનો પણ નાશ રહેલો છે, ફક્ત નૈતિક નાશ નહીં, પણ ભૌતિક અને સાંસ્કૃતિક નાશ પણ.**

**– જોન પરકીન્સ**

*અમેરીકા અને યુરોપ આખી દુનિયાનું શોષણ કરીને ખરેખર જ ભરાઈ પડયા છે. તેમના કુટુંબ જીવન ચુથાઈ ગયા છે. સ્ત્રીઓ સૌથી વધારે દુઃખી છે. અમેરીકામાં ૧૦ કરોડ સ્ત્રી પુરુષો મોટી કંપનીઓના વેઠીયા ગુલામ તરીકે જ કામ કરે છે. ભૌતિક સમૃધ્ધિ હોવા છતાં લગભગ બધાને અસંતોષ છે. કૌટુંબિક ઝગડા, છુટાછેડા, ટેન્શન, હતાશા વગેરે જોતાં એમ લાગે કે આના કરતા તો આપણા ગામડાના માણસો સુખી છે.*

*– વેલજીભાઈ દેસાઈ*

**(૪૦) માફિયા સરદારો પહેલા તો શેરીના ઠગ તરીકે કારકીર્દી ચાલુ કરે. પણ સમય જતાં જેઓ ટોચે પહોંચી જાય તેઓ પોતાનો દેખાવ બદલી નાંખે છે. તેઓ સુંદર મજાના સુટ પહેરે, તેઓ કાયદેસરના ધંધાના માલિક હોય, ઉચ્ચ સમાજના ઓઠા હેઠળ તેમાં ભળેલા હોય, તેઓ દાન પણ કરતાં હોય અને તેમના સમાજમાં માનપાત્ર વ્યકિત ગણાતા હોય, અતિ મુશ્કેલીમાં હોય તેમને પૈસાની ધીરધાર તેઓ તત્કાળ કરતાં હોય. જેમ હું જોન્સ પરકીન્સ બહારની દુનિયામાં ઉચ્ચ અને પ્રતિષ્ઠિત માણસ ગણાઉ છું તેમ આવા માણસો નમુનેદાર નાગરિકો ગણાતા હોય છે. આમ છતાં આ દેખાવની નીચે લોહીના લીસોટા હોય છે. જ્યારે દેવાદાર પૈસા ના ચૂકવી શકે, હત્યારાઓ ત્યાં પહોંચી જાય છે. જો તેઓ સફળ ના થાય તો બેઈઝબોલના બેટ સાથે ઘાતકી માણસો તેનું કામ કરે છે અને આખરે બંદુકનો સહારો લ્યે છે.**

**– જોન પરકીન્સ**



*આપણે ત્યાં પહેલા ધનવાન માણસો મહાજનો કહેવાતા અને ગરીબોની કાળજી રાખતા. પરંતુ હવે તો અબજપતિઓ મોટી મોટી કંપનીઓ સ્થાપીને કરોડો માણસોને લૂંટવાના કામમાં નીતિ, અનીતિનો જરાપણ છોછ રાખતા નથી. સરકારી નોકરશાહીને સાધી લઈને ખેડૂતોને ભયંકર અન્યાય કરીને જમીનો પડાવી લેવામાં આવે છે અને આવી જમીનો ઉપર કરોડપતિઓના કારખાના ઉભા થાય છે. એટલે પાયામાંથી જ અન્યાય હોય છે. છતાં તેઓ દેશનો વિકાસ કરતા હોવાનો દંભ કરે છે અને સમાજમાં માનપાત્ર માણસો ગણાતા હોય છે. આવી રીતે ધાર્મિક અંચળા ઓઢીને અંદરથી ગુંડાગીરી કરનારાઓનો તો આ દેશમાં પાર નથી.*

*– વેલજીભાઈ દેસાઈ*

**(૪૧) દુનિયાએ કદી જાણ્યું નથી એવા શાંત અને અસરકારક રૂપના સામ્રાજ્યવાદને પોષવાની પાપી પધ્ધતિના ભાગરૂપે અમે બધા કામ કરતાં હતાં. દુનિયાની દ્રષ્ટિએ મારો હોદો ચીફ ઈકોનોમીસ્ટનો હતો. મારાં સ્ટાફમાં જુદા જુદા હોદા હતાં. જેમકે ફીનાન્શીયલ એનાલીસ્ટ (નાણાંકીય પૃથ્થકરણકાર), સોશીયોલોજીસ્ટ, અર્થશાસ્ત્રી, અગ્ર અર્થશાસ્ત્રી, અર્થમાપણીકાર, ભાવતાલ નિષ્ણાત અને એવા બધા, આમછતાં વાસ્તવમાં આ બધા આર્થિક હત્યારાઓજ હતાં અને અમેરિકાને વૈશ્વિક સામ્રાજ્ય બનાવવાનાં ધ્યેયના હિતમાં કામ કરતાં હતાં. વળી અમે ફકત પાણીમાં ડૂબેલ હિમશીલાની ઉપલી ટોચ જ હતાં. દરેક મુખ્ય આંતરરાષ્ટ્રીય કંપની–ભલે પછી તે જોડા વેંચતી હોય કે જંગી મશીનરી બનાવતી હોય, તે બધાને પોતપોતાના આર્થિક હત્યારાઓ હતાં જ. આ કૂચમાં દુનિયા આખીને ઝડપથી આવરી લેવામાં આવી હતી. તેમણે પોતાના ચામડાના જેકેટ ફેંકી દીધા હતા અને બિઝનેસ સૂટ પહેરી લીધા હતાં અને આબરૂદાર માણસો બની બેઠાં હતાં. આવા પુરુષો અને સ્ત્રીઓ ન્યુયોર્ક, શીકાગો, સાન્ફ્રાન્સીસ્કો, લંડન, ટોકીયોની હેડ ઓફિસોમાંથી ઉતરીને દુનિયાના એક એક ખંડમાં જઈને ભ્રષ્ટાચારી રાજકારણીઓને સમજાવી દેતા હતાં કે તેમના દેશને હાથકડી પહેરાવીને કોરપોરેટોક્રેસી–કંપનીશાહીને તાબે કરવાની છૂટ આપવામાં આવે તથા અભાગિયા સ્ત્રી પુરુષોને પોતાના શરીર હોટલોમાં કે કારખાનામાં વેંચવા માટે મજબૂર કરવામાં આવે.**

**– જોન પરકીન્સ**

*વિકાસનું કાવતરું કેટલું ઉંડું છે, કેટલું વિશ્વ વ્યાપી છે, કેટલું બીહામણું છે, કેટલું જોખમી છે, તે અહીં જોન પરકીન્સે સમજાવી દીધું છે. તેનું અંતિમ પરીણામ સ્પષ્ટ છે કે ગરીબ સ્ત્રીઓએ વેશ્યા બનવું અને પુરુષોએ કારખાનામાં મજુર બનવું અને અબજપતિઓની ઈચ્છા મુજબ તાબે ન થાવ તો જેલમાં જઈને જીંદગી પૂરી કરવી. આમ જનતા માટે વિકાસનું અંતિમ પરીણામ આ જ છે.*

*– વેલજીભાઈ દેસાઈ*

**(૪૨) ઈકવેડોરમાં થોડાંક કુટુંબોએ દેશ ઉપર રાજ ચલાવ્યું, પણ તેઓ આંતરરાષ્ટ્રીય બેન્કોના હાથા બનીને રહ્યાં. તેઓએ ઈકવેડોરને જંગી દેવામાં ડૂબાડી દીધો અને પેટ્રોલિયમની આવક કંપનીઓ લઈ ગઈ. રસ્તા, ઔદ્યોગિક વસાહતો, હાઈડ્રોઈલેકટ્રીક ડેમ, વીજળીની ટ્રાન્સમીશન લાઈનો અને બીજા પાવર પ્રોજેકટ આખા દેશમાં ફૂટી નીકળ્યા. આંતરરાષ્ટ્રીય ઈજનેરી અને બાંધકામ કંપનીઓએ અઢળક કમાણી કરી.**

**– જોન પરકીન્સ**

*જે ઈકવેડોરમાં બન્યું છે તેનાથી અનેક ગણું ભારતમાં બન્યું છે. અહીં પણ થોડાક જ કુટુંબો ધનકુબેર બની ગયા છે અને તેમની સંપતિ આભને આંબે એટલી વધતી જ જાય છે. આખો દેશ એટલો બધો દેવામાં ડૂબી ગયો છે કે તેમાંથી સેંકડો વરસે પણ બહાર નીકળી ના શકે. મોટા હાઈવે, હજારોની સંખ્યામાં ઔદ્યોગિક વસાહતો થઈ. વીજળીના કારખાના આખા દેશમાં ખૂબ થયા. છતાં ભારતના અર્ધા ઘરો (૧૦ કરોડ ઘરો) માં વીજળીનું કનેકશન પણ નથી. કલ્પનાતીત અસમાનતા વ્યાપી ગઈ. અને દરરોજ હજારો માણસો ભૂખમરાથી જ મૃત્યુ પામે છે. આ બધું જ વિકાસનું પરિણામ છે.*

*– વેલજીભાઈ દેસાઈ*

**(૪૩) જેમ્સ રોલ્દોસે (ઈકવેડોરના પ્રમાણિક દેશપ્રેમી પ્રમુખ જેનું અમેરિકાએ ખૂન કરાવી નાંખ્યું) આક્ષેપ મૂકયો કે સમર ઈન્સ્ટીટયુટ લીંગ્વીસ્ટીક–SIL (ભાષા અંગેની એક સંસ્થા) જે એક અમેરિકાની ખ્રિસ્તી મીશનરી ગ્રૂપની છે તે અમેરિકન ઓઈલ કંપનીઓને સાથે પાપી અને પ્રપંચી સંધીથી જોડાયેલ છે. હું આ SIL સંસ્થાથી સારો પરિચિત હતો જેમ બીજા ઘણાં દેશોમાં આ સંસ્થા ગઈ છે તેમ**



**ઈકવેડોરમાં પણ દેશી ભાષાઓ સમજવા, તેના દસ્તાવેજો તૈયાર કરવા અને તેનું ભાષાંતર કરવાના બહાના નીચે આવી હતી.**

**જ્યારે જ્યારે સીસ્મોલોજીસ્ટોના રીપોર્ટો આવ્યા કે અમુક પ્રદેશમાં નીચે મોટાં પ્રમાણમાં તેલ ભંડાર રહેલા છે ત્યારે તે પ્રદેશમાં આ સંસ્થા SIL પહોંચી જતી અને તે પ્રદેશના લોકો ત્યાંથી ખસી જાય, પ્રદેશ ખાલી કરે અને મીશનરીઓએ આરક્ષિત કરેલી જગ્યામાં જવા માટે પ્રોત્સાહન આપે જ્યાં મફત ખાવાપીવાનું, રહેવાનું, કપડાં, દવા તથા મીશનરી પ્રકારનું શિક્ષણ બધું જ મફત આપવામાં આવે, શરત એ રહેતી કે તેઓએ પોતાની જમીન ઓઈલ કંપનીને લખી દેવી પડતી.**

**એમ કરતાં મોટાં પ્રમાણમાં અફવાઓ ફેલાણી કે સંસ્થાના મીશનરીઓ જાતજાતની કપટ યુકત તરકીબો વાપરીને લોકોને સમજાવતા કે તેમણે તેમની જમીનો અને ઘર છોડી દેવા અને મીશનરીઓનાં કેમ્પમાં આવી જવું. વારંવાર એવી વાત સાંભળવા મળી કે મીશનરીઓ એ એવો મફત ખોરાક લોકોને ખવરાવ્યો કે જેમાં ઝાડા થઈ જાય એવો પદાર્થ નાંખેલો હોય. પછી ઝાડા થઈ જાય પછી તેને દવા આપવામાં આવતી. તે આખા પ્રદેશમાં SIL સંસ્થાએ વિમાન મારફત ખોટાં તળિયાવાળા ખોરાકનાં બાસ્કેટને પ્રદેશમાં ફેંકવામાં આવ્યા, જેમાં નાનકડું રેડિયો ટ્રાન્સમીટર હોય જે અમેરિકન મીલીટરીના સ્ટેશન સાથે જોડાયેલું હોય, જેથી જે કોઈ કાંઈપણ બોલે તે લશ્કરના કેમ્પમાં ચોખ્ખું સાંભળી શકાય. જ્યારે કોઈને ઝેરી સાપ કરડે કે ગંભીર બિમાર પડે, તો SILના માણસો ઓઈલ કંપનીના હેલીકોપ્ટરમાં યોગ્ય દવાઓ લઈને આવી પહોંચતા.**

**તેલ કંપનીઓના શરૂઆતના દિવસોમાં પાંચ SIL કાર્યકરોના શબ મળી આવેલાં. જેને ભાલા શરીર સોંસરવા પરોવીને મારી નાંખવામાં આવેલાં. સ્થાનિક પ્રજાએ એવો દાવો કર્યો કે SILના માણસો અહીંથી જતા રહે એટલા માટે દાખલો બેસાડવા પાંચ જણાને મારી નાંખ્યા છે. SILને રોકફેલર તરફથી દાન મળતું હતું. આ રોકફેલરનું કનેકશન જ એમ બતાવે છે કે સ્થાનિક પ્રજાની જમીનો પડાવી લેવામાં તે અગ્રેસર છે.**

**– જોન પરકીન્સ**

*ઉપરના વર્ણનમાંથી આપણે એમ સમજવાનું છે કે સેવાનું નામ લઈને આવનારા કેટલા દુષ્ટ હોઈ શકે છે. દેશી ભાષાના ઉત્તેજનનો ઉદેશ બતાવીને અંદરથી મોટી કંપનીઓના એજન્ટ તરીકે આમ પ્રજાનું નિકંદન કાઢી નાખવાનું ખતરનાક કામ એસ.આઈ.એલ. સંસ્થાએ કેવી રીતે કર્યું તે જોન પરકીન્સે સમજાવ્યું છે. આપણે ત્યાં પણ સેવાના નામે આવી ખતરનાક સંસ્થાઓ અનેક કામ કરતી હશે.*

*– વેલજીભાઈ દેસાઈ*

**(૪૪) રાજકારણનાં પંડિતોએ એવી આગાહી કરેલી કે મોટી કંપનીઓ અને અમેરિકન સરકાર ઈકવેડોરના પ્રમુખ તરીકે જેમ્સ રોલ્દોસને કદીપણ સહન નહીં કરે અને જો તે ખરેખર ચૂંટાશે તો તેનું નશીબ પણ ગ્વાટેમાલા આરબેન્ઝ અને ચીલેના એલેન્ડે જેવું જ હશે. (એટલે કે આરબેન્ઝ અને એલેન્ડેના જેમ અમેરિકાએ ખૂન કરાવી નાંખેલા તેમજ જેમ્સ રોલ્દોસનું પણ ખૂન થઈ જશે એવી રાજકીય પંડિતોએ આગાહી કરી હતી. એ જ પ્રમાણે બન્યું. અમેરિકાએ તેનું ખુન કરાવી નાંખ્યુ).**

**– જોન પરકીન્સ**

**(૪૫) રોલ્દોસનું ખૂન થવાથી મને ભારે આઘાત લાગ્યો. પરંતુ ખરેખર મને આઘાત લાગવો જોઈતો ન હતો. હું કંઈ ભોળો ન હતો. આરબેન્ઝ, મોસાડેથ, એલેન્ડના શા હાલ થયા તે હું જાણતો હતો. એવા અનેક લોકો જેણે કોર્પોરેટોક્રેસીનો વિરોધ કર્યો તેમના ખૂન થઈ ગયા અને તેમના નામ કદીપણ છાપાને પાને કે ઈતિહાસમાં છપાયા જ નહીં એવા ઘણાં લોકો વિષે હું જાણતો હતો. આમ છતાં રોલ્દોસના ખૂનથી મને આઘાત લાગ્યો. કારણ કે એ એટલું બધું બેશરમપણે કરવામાં આવ્યું હતું. સાઉદી અરેબિયામાં અમે સરકાર ઉથલાવવામાં સફળ થયા પછી હું એમ માનતો હતો કે આવા ખુલ્લં ખુલ્લા ઘાતકી ખૂનો હવે ભૂતકાળ ની વાત બની ગઈ છે. પણ મેં જોયું કે મારી ભૂલ થાય છે. મને જરાપણ શંકા નથી કે રોલ્દોસનું મૃત્યુ અકસ્માતથી થયું ન હતું. અમેરિકન જાસૂસી સંસ્થા CIA પ્રેરિત એ ખૂન હતું. જે દેશો અમેરિકન સામ્રાજ્ય વિરુધ્ધ વર્તતા હોય તેમને દાખલો બેસાડવા માટે આ ખૂન કરવામાં આવ્યું હતું.**

**– જોન પરકીન્સ**



**(૪૬) પરંતુ પનામાના પ્રમુખ તોરીજો એમ નમી જાય એવા ન હતાં. તેણે આ ધમકીની પરવા ના કરી. તેણે સમર ઈન્સ્ટીટયુટ ઓફ લીન્ગ્વીસ્ટીકસ–SIL ને પનામા માંથી કાઢી મૂકી અને અમેરિકન પ્રમુખ રીગનની સાથે પનામા નહેર બાબત વાટાઘાટો કરવાની ચોખ્ખી ના પાડી દીધી. ઈકવેડોરના પ્રમુખ રોલ્દોસના મૃત્યુ પછી ના બે મહિને ઓમાર તોરીજોની પણ એ જ દશા થઈ. વિમાન તૂટી પડતા તે મૃત્યુ પામ્યા! તોરીજો આખી દુનિયામાં પ્રસિધ્ધિ પામ્યા હતા. તોરીજો આખી દુનિયામાં સન્માનપાત્ર વ્યકિત એટલે બન્યા હતાં કે પનામા નહેર તેના ખરાં માલિક પનામા દેશને સોંપવાની અમેરિકાને ફરજ પાડી હતી. પરંતુ CIA એ તેનું ખૂન કરાવી નાખ્યું. આ કરૂણ બનાવથી હું તદન ભાંગી પડયો. મને સતત યાદ આવ્યું કે પનામાના એક રસ્તા ઉપર ઓમાર તોરીજોનું મોટું ચિત્ર હતું ત્યાં લખ્યું હતું કે “ઓમાર તોરીજોનો આદર્શ સ્વરાજ છે. આદર્શને મારી શકે એવા મીસાઈલની હજી શોધ થઈ નથી.”**

**– જોન પરકીન્સ**

*એક પછી એક દેશના પ્રમુખોના પણ કેવા ખૂન થઈ રહયા છે તે સમજ્યા પછી અમેરીકન સરકારની ભયાનકતા વિશે કોઈ શંકા રહેવી જોઈએ નહીં. પણ ખરી વાત એ છે કે અમેરીકન સરકાર પ્રેરિત વિકાસની આખી માયાજાળ એક મોટું ધતીંગ છે એમ સમજીને એ વિકાસને ધુત્કારી કાઢવો જોઈએ અને ગાંધીજીએ સૌનો વિકાસ કેમ થાય, તમામ માણસો કેમ સુખી થાય તેના જે રસ્તા બતાવ્યા છે તે તરફ આગળ વધવું જોઈએ.*

*– વેલજીભાઈ દેસાઈ*

**(૪૭) મનુષ્યની પ્રાથમિક સેવાઓ સરકાર હસ્તક હોય તેને બદલે મોટાં મોટાં પ્રાઈવેટ બિઝનેસ પાસે હોય તે માટે ઉચિત કારણો આપવા પડતાં. પરંતુ પછીથી સરકારને બદલે મોટાં ધનાઢયોના હાથમાં જ મોટાં પ્રોજેકટો હોય એ સ્વાભાવિક મનાવા લાગ્યું. એટલે વિશ્વબેન્ક જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ પાણી પૂરવઠાની, ગંદા નિકાલની, વીજળી અને સંદેશા વ્યવહાર જેવી સમાજસેવાની પ્રવૃત્તિઓ પણ સરકાર હસ્તક ના રહે તે માટે ખાનગીકરણ કરવાની વકીલાત કરવા માંડી. આને લીધે આર્થિક હત્યારાઓનો આખો ખ્યાલ વિશાળ સમુદાયમાં ફેલાવવાનું સાવ સહેલું**

બની ગયું. પહેલાં અમારાં જેવા આર્થિક હત્યારાઓ મારફત જ કામ લેવાતું. હવે અનેક પ્રકારના કામ ધંધાવાળાઓને આવા કામો સોંપાવા લાગ્યા. આવા લોકો સસ્તામાં સસ્તા મજૂરો ગોતીને મોટા બજારો સર કરવા માંડયા. તેઓ અતિ નિર્દયતાથી કામ લેતાં. તેઓ પોતાના અપકૃત્યોને તાર્કિક દલીલો વડે વાજબી ઠરાવવા મંડયા. તેઓએ અમે જે કર્યુ તેમ ઘણાં દેશને પોતાની જાળમાં ફસાવ્યા. તેઓએ પ્રાઈવેટ સેકટરને અપનાવવા માટે એવા વચન આપ્યા કે તેનાથી બધા સમૃધ્ધ થશે અને દેવામાંથી બહાર નીકળશે. તેઓએ સ્કૂલો, હોસ્પિટલો, હાઈવે બાંધ્યા. પરંતુ બીજે કયાંક સસ્તા મજૂરો મળ્યા તો કામ છોડીને ભાગી ગયા અને જે તે સમાજને પાયમાલ કરતા ગયા એમ કરવામાં એમને જરાય સંકોચ ન હતો.

– જોન પરકીન્સ

*ગાંધીજીએ કીધું છે કે જગતમાં ચાલતી તમામ આર્થિક અંધાધુંધી સ્વદેશીના ભંગમાંથી જન્મે છે. આ વાત સતત યાદ રાખવાની જરૂર છે. આપણું પ્રાચીન જીવન સંપૂર્ણ સ્વદેશી હતું. તેથી હિન્દુસ્તાન સૌથી સમૃધ દેશ થયો હતો. સ્વદેશી છોડીને અમેરીકન વિકાસને રવાડે ચડીએ તો કેવું ભયાનક પરીણામ આવે તે જોન પરકીન્સે બહું સુંદર રીતે સમજાવ્યું છે.*

*– વેલજીભાઈ દેસાઈ*

(૪૮) વેશ્યાને જેવી લાગણી થાય તેવી મને થઈ. તેનાથી પણ ખરાબ. મને લાગ્યું કે મેં મારી દીકરીને, મારાં કુટુંબને, મારાં દેશને દગો દીધો, અને છતાં મારાં મનને મેં સમજાવ્યું કે મારી પાસે બીજો કોઈ રસ્તો ન હતો. જો મે લાંચ ન લીધી હોત તો મને ખૂનની ધમકી મળી હોત.

– જોન પરકીન્સ

*જોન પરકીન્સે આ પુસ્તક લખવા ચાર વખત પ્રયાસ કર્યો. પરંતુ દરેક વખતે લાંચ અથવા ધમકી કામ કરી ગઈ. આ પ્રસંગે પુસ્તક ના લખવાની શરતે એક કંપનીએ બહુ મોટો પગાર કાંઈપણ કામ ના કરવા છતાં બાંધી આપ્યો અને પોતાનો આત્મા વેંચાઈ ગયો એવા અફસોસ સાથે તે ઉપરના વાકયો લખે છે.*

*– વેલજીભાઈ દેસાઈ*



(૪૯) ૨૦-૧૨-૧૯૮૯નાં રોજ અમેરિકાએ જરાપણ ઉશ્કેરણી કે વાંક વગર પનામા ઉપર આક્રમણ કર્યુ ત્યારે આખી દુનિયા સ્તબ્ધ બની ગઈ. બીજા વિશ્વયુધ્ધ પછીનો એ મોટામાં મોટો હવાઈ હુમલો હતો, અને તે નિર્દોષ નાગરિકો ઉપર હતો. આવા એકપક્ષી હુમલાની આખી દુનિયામાં નિંદા થઈ. અમેરિકાને તો પનામાના પ્રમુખ નારેગા ખૂબ જ ખૂંચતો હતો, કારણ કે તે અમેરિકાનો કહ્યાગરો ન હતો. પનામાના નિર્દોષ નાગરિકો, હજારો બાળકોને મારી નાંખવા અને તેમના ઘર સળગાવી દેવા માટે કંઈક બહાનું તો જોઈએ. એટલે તેનો પ્રમુખ નારેગા અનિષ્ટ છે, લોકોનો દુશ્મન છે, એ તો ડ્રગ વેંચનારો રાક્ષસ છે એવા જુઠાણા ફેલાવીને ૨૦ લાખ નિર્દોષ માણસો ઉપર આક્રમણ કર્યુ. મને ખબર હતી કે નારેગાની પાસે બોડીગાર્ડ હતાં. એટલે હત્યારા તેમના સુધી પહોંચી જાય એ હું માની શકતો ન હતો. પરંતુ મોટાભાગના તેના બોડીગાર્ડ અમેરિકન મીલીટરીએ જ કેળવેલા હતાં. એટલે મને શંકા છે કે તેમના બોડીગાર્ડ મારફત જ નારેગાનું ખૂન અમેરિકાએ કરાવ્યું હોય એ જ બનવા જોગ છે. આ આક્રમણની ઘણી હકીકતો આપણે કદીપણ જાણી શકીશું નહીં અને થયેલી કત્લેઆમનાં ખરાં આંકડાપણ કદી જાણવા નહીં મળે. નારેગાને પકડવામાં આવ્યો હતો અને ત્યાંથી વિમાનમાં મિયામી લઈ જવાયો અને ૪૦ વરસની જેલની સજામાં ધકેલી દેવાયો. યુધ્ધકેદી તરીકે આ એક માત્ર માણસ અમેરિકામાં હતો.

– જોન પરકીન્સ

*અમેરીકા પોતાના સ્વાર્થ માટે અન્ય દેશો ઉપર કેવા ઘાતકી હુમલા કરે છે અને લાખો નિર્દોષ માણસોને મારી નાખે છે તે આપણે આ પનામાના કિસ્સામાં જોઈ શકીએ છીએ.*

*– વેલજીભાઈ દેસાઈ*

(૫૦) આંતરરાષ્ટ્રીય કાનૂનનો આવો ખૂલ્લો ભંગ કરીને દુનિયાની સૌથી મોટી લશ્કરી સત્તાએ નિર્દોષ નાગરિકો ઉપર સાવ બીનજરૂરી વિનાશ કર્યો અને તેનાંથી દુનિયા ડઘાઈ ગઈ. પરંતુ અમેરિકામાં ભાગ્યે જ કોઈને આની ખબર પડી ! છાપામાં ખાસ કાંઈ સમાચાર ના છપાયા. વ્હાઈટ હાઉસમાંથી બધા પ્રકાશકો અને ટેલીવીઝનના અધિકારીઓને ફોન કરી દેવામાં આવ્યા અને કોંગ્રેસમાં પણ કોઈએ વાંધો લેવાની હિંમત ના કરી.

– જોન પરકીન્સ

*અમેરીકામાં ખુલ્લી લોકશાહીનો દાવો કેટલો પોકળ છે તે આ કિસ્સામાં આપણે જોઈ શકીએ છીએ. પનામામાં જે કંઈ બન્યું તે અમેરીકન પ્રજા કદી જાણી ન શકી એટલું બધું ખાનગી રાખવામાં આવ્યું. દરેક સરકાર અનેક કાળા કામો કરતી હોય છે અને તે ખાનગી રાખવામાં સફળ થતી હોય છે.*

*– વેલજીભાઈ દેસાઈ*

**(૫૧) ગુલામોનો વેપાર કરનારા આજે પણ છે. તેઓએ હવે આફ્રિકાના જંગલોમાં જઈને માણસો ગોતીને એમ વિચારવાની જરૂર નથી કે આ માણસની હરરાજી કરવાથી આટલાં ડોલર મળશે. તેઓ ફકત હત્તભાગી માણસોને કામે રાખે છે અને જાકીટ, બ્લુજીન્સ, ટેનીશ શુઝ, ગાડીઓના સ્પેરપાર્ટસ, કોમ્પ્યુટરના દાગીના અને એવી હજારો ચીજો બનાવવાના કારખાના નાંખે છે. અથવા તો તેમને કારખાના નાંખવાની પણ જરૂર નથી. તેને બદલે સ્થાનિક વેપારી કે ઉદ્યોગપતિને સાધીને આ ગંદુ કામ તેમના મારફત પોતાના માટે કરી આપે એવી ગોઠવણ કરી લ્યે છે. આવા માણસો ફકત પોતાના માટે જ વિચારે છે. તેઓ પ્રાચીન જગ્યાઓ અને જુના નાશ પામેલાં ઐતિહાસિક સ્થળોના ફોટા પોતાના બાળકોને બતાવવા માટે લ્યે છે. તેઓ સેમીનારોમાં જાય છે. એકબીજાને વખાણે છે અને દૂરના દેશોમાં કસ્ટમની વિચિત્ર મુશ્કેલીઓ બાબત સલાહ આપે છે. તેઓ મોટાં વકીલો ભાડે રાખે છે અને તેઓ જે કાંઈ કરે તે બધુ કાયદેસર છે એમ વકીલો ગોઠવી દે છે. તેમની પાસે મનોવૈજ્ઞાનિક માણસો હોય છે જે એવું સાબિત કરી આપે કે તેઓ જે કાંઈ કરે છે તે બધું પેલાં હત્તભાગી માણસોને મદદ કરવા માટે છે. જુનવાણી જમાનાનો ગુલામોનો વેપારી પોતાની જાતને કહે છે કે તે જેને ગુલામ તરીકે પકડે છે તે પૂરો માનવી નથી તે એને ગુલામ બનાવીને ખ્રીસ્તી બનવાની તક આપે છે. એ એમપણ સમજે છે કે આપણે સુખેથી જીવવા માટે ગુલામો તો જોઈએ જ અને અર્થતંત્રનો પાયો જ ગુલામો છે. આધુનિક જમાનાનો ગુલામોનો વેપારી પોતાની જાતને એમ કહે છે કે આ હત્તભાગી લોકોને આપણે રોજનો એક ડોલર આપીએ છીએ તે તેને કાંઈ ના મળે તેનાં કરતાં તો સારું જ છે. અને આપણે તેને વિશ્વ સમુદાય સાથે ગુંથાઈ જવાની તક આપીએ છીએ. એ એમ સમજે છે કે આ હત્તભાગી લોકો પોતાની કંપની ચાલતી રહે તેનો પાયો છે. અને આપણી વૈભવી જીવનપધ્ધતિ જળવાઈ રહે તેનો પાયો આ હત્તભાગી લોકો છે.**

**– જોન પરકીન્સ**

*ગુલામોનો વ્યાપાર લોકપ્રિય અમેરીકન પ્રમુખ અબ્રહામ લીંકને પોતાના જ દેશના સ્થાપિત હિતો સામે યુધ્ધ કરીને પણ બંધ કરાવ્યો. પરંતુ વિધીની કરુણતા એ છે કે આજના અમેરીકન પ્રમુખો આખી દુનિયાને પોતાના ગુલામ તરીકે રાખવા માટે તમામ પ્રકારની ગુંડાગીરી, લૂંટ, ધાડ, ખૂન અને યુધ્ધો સહિત ભુંડામાં ભુંડા કામ કરે છે.*

*– વેલજીભાઈ દેસાઈ*

**(૫૨) હું ૧૯૬૮માં ઈકવેડોરમાં પહેલીવાર ગયેલો. આ ટચુકડો દેશ કોર્પોરેટોક્રેસીનો ભોગ બનનાર ઉત્કૃષ્ટ નમૂનો છે. મેં અને મારાં જેવાં બધાએ તેને સંપૂર્ણ નાદાર કરી નાંખ્યો છે. અમે તેને અબજો ડોલરની લોન આપી. તેનાંથી ઈજનેરી અને બાંધકામના પ્રોજેકટો ઉભા કર્યા, જેણે ફકત અતિધનવાન કુટુંબોને જ ફાયદો કર્યો. પરિણામે છેલ્લાં ૩૦ વરસમાં ગરીબીનું પ્રમાણ ૫૦% હતું તે ૭૦% થયું, બેકારી કે અર્ધબેકારી ૧૫% હતી તે ૭૦% થઈ, જાહેર દેવું ૨૪ કરોડ ડોલર હતું તે ૧૬૦૦ કરોડ ડોલર થઈ ગયું અને રાષ્ટ્રીય સંપત્તિ ગરીબો માટે પહેલા ૨૦% વપરાતી હતી તે હવે ૬% વપરાય છે. આજે ઈકવેડોરના રાષ્ટ્રીય બજેટની ૫૦% ટકા રકમ ફકત દેવું ચુકવવા માટે વપરાય છે. (દેવાનું વ્યાજ ચૂકવવામાં જ વપરાય છે). કાયદેસર રીતે અતિ જોખમી ગરીબો વર્ગીકરણ પામેલાં લાખો નાગરિકોને માટે વાપરવાને બદલે દેવાનું વ્યાજ ચૂકવવામાં જાય છે.**

**આ પરિસ્થિતિ લાવવામાં હજારો માણસોએ પોતાના ખ્યાલ બહાર અથવા છેતરાઈને કે મૂર્ખ બનીને, કોઈ છાના પ્રપંચી કાવત્રામાં ભાગ લીધા વગર દુનિયાએ અગાઉ કદી ન જોયેલ સામ્રાજ્યવાદને ઉત્તેજન આપવાના કામમાં ભાગ લીધો છે. ફકત એક પધ્ધતિમાં સામેલ થઈને આ કામ થયું છે. કોઈએ જઈને કોઈને ધમકાવવાની કે લાંચ આપવાની જરૂર ના પડી. તેઓને તો મોટી કંપનીઓએ બેન્કોએ અને સરકારોએ નોકરીમાં રાખ્યા. મોટાં પગારો, બોનસ, પેન્શન, વીમા પોલીસીઓ એ જ લાંચ હતી. તેમના સંતાનોના શિક્ષણનું અને ભવિષ્યનું શું થશે એ વગર બોલ્યે અપાયેલી ધમકી હતી. આ પધ્ધતિ ભવ્ય રીતે સફળ થઈ.**

**વીસમી સદી પૂરી થતાં સુધીમાં ઈકવેડોર સંપૂર્ણ ફસાઈ ચૂકયું હતું. કોઈ માફીયા ડોન નીચે કામ કરનાર માણસની દીકરીના લગ્ન માટે કે કંઈક ધંધો કરવા માફિયા ડોન તે માણસને જેમ વ્યાજે પૈસા આપે એવો સંબંધ અમેરિકા અને ઈકવેડોરનો થઈ ગયો. અમે ગુલામીને વખોડી કાઢીએ છીએ, પરંતુ અમારું વૈશ્વિક સામ્રાજ્ય, રોમન અને બીજા બધાં સામ્રાજ્યો લોકોને ગુલામ બનાવતા તેનાથી ઘણાં વધારેને ગુલામ બનાવે છે.**

**– જોન પરકીન્સ**

*જે પરિસ્થિતિ ઈકવેડોરમાં થઈ છે તેનાથી સેંકડો ગણી ખરાબ પરિસ્થિતિ આપણા દેશમાં પણ થઈ છે. પરંતુ સતત ખોટા સમાચારોનો મારો ચલાવીને લોકોને મુર્ખ બનાવવામાં આવે છે. આપણે પણ અડધુ બજેટ વ્યાજ ભરવામાં ખર્ચીએ છીએ. આપણે ત્યાં પણ ગરીબી પુષ્કળ વધી છે. દેવું હજારો ગણું વધ્યું છે. કેટલાંક લોકોને મોટી મોટી નોકરીઓ મળે તેને જ વિકાસ કહેવામાં આવે છે. પણ જોન પરકીન્સ કહે છે કે મોટા પગારો એ જ લાંચ છે. કહેવાતા વિકાસનો લાભ નીચેના ૭૦% ને બીલકુલ મળતો નથી. આખી પ્રજા નોકરશાહી અને અબજપતિઓની ગુલામ બનતી જાય છે.*

*– વેલજીભાઈ દેસાઈ*

(૫૩) **૧૯૬૦માં દુનિયાની વસ્તીના સૌથી ધનવાન ૨૦ ટકાની આવક દુનિયાની વસ્તીના સૌથી ગરીબ ૨૦ ટકા કરતાં ૩૦ ગણી હતી તે ૧૯૯૫માં ૭૪ ગણી થઈ થઈ છતાં વિશ્વબેન્ક અને બીજી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ, સરકારો વગેરે એવો દાવો કર્યા કરે છે કે પ્રગત્તિ થઈ રહી છે!**

**– જોન પરકીન્સ**

*આવું ભારતમાં પણ બને છે. ગરીબી વધે છે છતાં વિકાસના ગુણગાન ગવાયા કરે છે.*

*– વેલજીભાઈ દેસાઈ*

(૫૪) **અમે ઈકવેડોર જેવા દેશને સંપૂર્ણભાન સાથે લોન આપીએ છીએ કે આ લોન કદીપણ પાછી આવવાની નથી. વાસ્તવમાં એ પાછી આપી શકે એવું અમે ઈચ્છતા જ નથી. દેશ દેવાદાર થાય અને લોન ભરી ના શકે એ સ્થિતિનો જ અમે પૂરો ફાયદો ઉઠાવી લઈએ. આમ તો કોઈપણ લોન આપનારને ઘણાંબધા દેવાદારો લોન ચૂકવી જ ના શકે**



**એ પોષાય એવું નથી. પરંતુ અમારી પરિસ્થિતિ જુદી જ છે. અમે ડોલરની નોટો છાપીએ છીએ તેની સામે સોનું રાખતાં જ નથી. દુનિયાને અમારાં ચલણમાં વિશ્વાસ છે તેને આધારે જ બધું ચાલ્યાં કરે છે. અમારી નોટો છાપવાની જે શકિત છે તેનાંથી અમને વિશાળ સત્તા મળે છે. એનો અર્થ એ થયો કે કદી પાછી નહીં આવનારી લોનો અમે આપ્યા જ કરીએ અને અમારાં ઉપર પણ પુષ્કળ દેવું ચડી જાય તોય અમને પોષાય. કારણ કે અમે નોટો છાપી લઈએ. ૨૦૦૩ની શરૂઆતમાં અમારું દેવું ૬૦૦૦ અબજ ડોલર હતું તે ૭૦૦૦ અબજ ડોલર થવાની ધારણાં હતી. એટલે કે દરેક અમેરિકન દીઠ ૨૪૦૦૦ ડોલર. જ્યાં સુધી દુનિયા ડોલરને પ્રમાણિત ચલણ તરીકે સ્વકારે છે, ત્યાં સુધી આ વધુ પડતુ દેવું કોર્પોરેટોક્રેસીને કોઈ મુશ્કેલી ઊભી કરી શકે એમ નથી. પરંતુ જો બીજુ કોઈ ચલણ આંતરરાષ્ટ્રીય વેપારમાં આવી જાય અથવા તો જાપાન અને ચીન જેવા લેણદારો પોતાની લેણી રકમની માંગણી કરે તો, પરિસ્થિતિ ભયાનક રીતે બદલી જાય અને અમેરિકા સૌથી વધુ અનિશ્ચિત પરિસ્થિતિમાં ધકેલાઈ જાય.**

**– જોન પરકીન્સ**

*આશાનું કિરણ એ છે કે અમેરીકા પોતે જ કોર્પોરેટોક્રસીના કાવતરામાં સપડાઈ ગયું છે અને તે ભાંગી રહયું છે. જો સાવ ભાંગી જાય તો દુનિયા તેની ગુલામીમાંથી આપમેળે મુકત થઈ જાય. દુનિયાના ઉચ્ચ વિચારકો આગાહી કરે છે કે અમેરીકા ચોકકસ તૂટી પડશે. ૨૦-૨૫ વરસમાં જગતમાં નવા પરિવર્તનો આવશે અને અમેરીકાની દાદાગીરીમાંથી દુનિયા મુકત થશે અને વિકાસની માયાજાળનો પર્દાફાસ થઈ જશે. પછી સાચો વિકાસ, આમ જનતાનો અને ગરીબ લોકોનો સાચો વિકાસ ચાલુ થશે.*

*– વેલજીભાઈ દેસાઈ*

(૫૫) **વૈશ્વિક સામ્રાજ્યની આખી વાર્તા હવે ખુલ્લી પડવા માંડી છે. દુનિયા આખીની સંપતિ લૂંટવા માટે તથા તેમના હૃદય મન અને આત્માને છેતરવા, ગુલામ બનાવવા, શોષણ કરવું, દેવાદાર બનાવવા એ બધાની આ કરૂણ કહાણી છે. આ આધુનિક વિશ્વ સામ્રાજ્ય એટલે કે**

**કોર્પોરેટોક્રેસી અતિશય કચડાયેલા લોકોને જ લૂંટવાનું કામ કરે છે. ઈતિહાસનું આ સૌથી વધુ ઘાતકી, સ્વાર્થી કાર્ય છે અને અંતે પોતાનો પણ નાશ કરનારું કામ કરે છે.**

**– જોન પરકીન્સ**

**(૫૬) કોર્પોરેટોક્રેસીનો આ આખો ખ્યાલ દરેક પ્રકારની ચોરી અને લૂંટને વાજબી ઠરાવવાનું કામ કરે છે. ઈરાન, પનામા, કોલંબીયા, ઈરાક અને બીજા દેશોમાં બળાત્કાર, લૂંટ અને નિર્દોષ માણસોના ખૂન કરવાની તે પૂરી છૂટ આપે છે. આર્થિક હત્યારા, ખૂન કરનારા, અને લશ્કરો વગેરે જ્યાં સુધી આર્થિક વિકાસ થાય છે એવું બતાવી શકાય ત્યાં સુધી વધ્યા જ કરે છે. અને ગમે તેમ કરીને આર્થિક વિકાસ થાય છે એવું હંમેશાં તે બતાવી આપે છે. જો તમે કોઈ શહેર ઉપર બોંબમારો કરો, અને પછી તમે એ શહેરને ફરીથી બાંધો તો ગજબનો આર્થિક વિકાસ થાય એમ આજની વૈજ્ઞાનિક આગાહીઓ, આંકડાશાસ્ત્ર અને આર્થિક માપશાસ્ત્ર વડે સાબિત કરી શકાય છે.**

**સાચી વાત એ છે કે આપણે જૂઠાણાની જીંદગી જીવીએ છીએ. આપણે વિકાસની માયાજાળ ઉપર એવું પડ ચડાવ્યું છે કે નીચે જીવલેણ કેન્સર છે તે ઢંકાયેલું રહે. એ કેન્સર આંકડાશાસ્ત્રના એક્સ-રે ફોટાથી જોવાથી ખુલ્લું થાય, જેમાં આપણી સમક્ષ ઈતિહાસના સૌથી બળવાન અને સમૃધ્ધ સમ્રાજ્યની ભયાનક વાસ્તવિકતાઓ છતી થાય છે. જેમ કે અતિશય મોટાં પ્રમાણમાં આપઘાત, ડ્રગના બંધાણ, છૂટાછેડા, બાળકોના ઉપદ્રવ, બળાત્કાર, ખૂનો જેવાં જીવલેણ કેન્સર જેવા સામાજિક રોગોથી આપણું જીવન ઘેરાઈ ચૂકયું છે. આ રોગો દર વરસે સતત વધતા જ જાય છે. આપણે કોઈ કાવતરાનો ભોગ બની ગયા હોઈએ તો તેને દોષ દઈએ પણ એમ કરી શકીએ તેમ નથી. આ વૈશ્વિક સમ્રાજ્ય મોટી બેન્કો, કોર્પોરેશનો અને સરકારના સામર્થ્ય ઉપર ખડું છે. આ કોર્પોરેટોક્રેસીને આપણે જ ચલાવીએ છીએ. તેથી આપણે તેનો વિરોધ કરી શકતાં નથી. આપણને આના પડછાયામાં રહેલાં કાવતરાખોરોની ઝાંખી થાય છે, કારણ કે આપણામાંના મોટાં ભાગના આ બેંકો, કોર્પોરેશનો અને સરકારમાં કામ કરીએ છીએ અને તેમની પેદા કરેલી ચીજો કે સેવાઓ વાપરીએ છીએ.**

**– જોન પરકીન્સ**



*સંસ્કૃતમાં એક કહેવત છે કે સુવર્ણના પાત્રથી સત્યનું કઢંગુ મોઢું ઢંકાયેલું છે. આજનો વિકાસ આ સુવર્ણ પાત્ર જેવો છે. અંદર જે બેડોળ સત્ય છે તે ઢંકાયેલું રહે છે. આખરે આપણે આ સુવર્ણ પાત્રને ખસેડીને નીચે જે સત્ય રહેલું છે એટલે કે જે ભયાનક ગરીબી દેશભરમાં રહેલી છે તે જોવી જ પડશે અને તેનો ઉકેલ કાઢવો પડશે. યાદ રાખો કે આજનો વિકાસ ગરીબી વધારવાનું જ કામ કરે છે.*

*– વેલજીભાઈ દેસાઈ*

**(૫૭) આ વૈશ્વિક સામ્રાજ્યની પધ્ધતિમાં દરરોજના ૨૪૦૦૦ – ચોવીસ હજાર માણસો ભૂખમરાથી મૃત્યુ પામે છે અને લાખો કરોડો માણસો આ પધ્ધતિને તિરસ્કારે છે અથવા તો આપણે ચૂંટેલા પ્રતિનિધિઓએ બનાવેલી નીતિઓને તિરસ્કારે છે. આ બધું જાણતા હોવાં છતાં આ પધ્ધતિમાંથી જ તમને ખોરાક, કપડાં, વીજળી, આરોગ્યસેવા, ઘર અને કાર મળતા હોય તો તમને એની સામે થવાની હિંમત ના આવે.**

**– જોન પરકીન્સ**

*અમેરીકામાં આખેઆખી પ્રજા મોટા કોર્પોરેશનોમાં નોકરી કરે છે. સ્વતંત્ર ધંધા રોજગાર ત્યાં બીલકુલ બચ્યા નથી. એટલે ત્યાંની પ્રજા વિકાસની ખોટી માયાજાળમાં સંપૂર્ણ ફસાયેલી છે. એટલે વિકાસની પ્રક્રિયામાં આખી પ્રજા સામેલ છે. આપણી પરિસ્થિતિ જુદી છે. સરકાર ૬૦ વરસથી આપણી પ્રજાને ગુલામ બનાવવા માટે જાતજાતના કાયદા કરીને તથા પુષ્કળ કરવેરા નાખીને પ્રજાનું શોષણ કરે છે અને લોકોની સ્વતંત્ર જીવન પધ્ધતિ તોડી પાડવા માટે અને અમેરીકાની જેમ મોટા કોર્પોરેશનોની ગુલામ બનાવવા માટે રાતદિવસ પ્રયત્ન કરે છે. છતાં પણ આપણી ભવ્ય સંસ્કૃતિના કારણે હજી પણ નાના ખેડૂતો, કારીગરો અને સ્વતંત્ર ધંધો કરનારા લગભગ ૭૦% વર્ગ બચી ગયો છે જેને સરકારનો બહુ ભોગ બનવું પડતું નથી. આ ખરું સ્વરાજ છે. આમ છતાં સરકારી શોષણના કારણે ગરીબી અને ભુખમરો ખૂબજ વધ્યો છે. બેકારી ખૂબજ વધી છે. તેથી દરરોજના ૨૪૦૦૦ માણસો દુનિયામાં ભુખમરાથી મરી જાય છે તેમાં હિન્દુસ્તાનનો ફાળો ઘણો મોટો છે. આ પરિસ્થિતિનું નિરાકરણ કરવામાં સરકારને જરાપણ રસ નથી. ઉલ્ટું ગરીબી વધે એવા જ પગલાં લેવાય છે. આ બાબત ખાસ ધ્યાન રાખવી ઘટે છે.*

*– વેલજીભાઈ દેસાઈ*

(૫૮) બ્રિટીશ સામ્રાજ્ય સ્વાર્થી હતું. તે છેતરામણું હતું અને તેણે લોકોને ગુલામ બનાવ્યા હતા. પછી લોકોને સમજાયું કે અંગ્રેજોએ એક એવી પધ્ધતિ ઉપજાવી હતી, જેમાં લોકોને એક જુઠાણું સમજાવી દેવામાં આવેલું કે તેની રાજ્ય પધ્ધતિ દુનિયાની સૌથી સારી છે, લોકોને સુખી કરવા માટે ઈંગ્લાન્ડના રાજાની મારફત જ બધુ કામ થવું જોઈએ અને વેપાર ધંધા અને રાજકારણની નીતિઓ તેમનાં મારફત ઘડાવી જોઈએ. હવે એમાં સત્ય એ હતું કે એ પધ્ધતિમાં ઘણાને ભોગે થોડાંક ને જ ફાયદો થતો હતો. પણ આ જુઠાણું અને તેમાંથી ઊભા થયેલા શોષણ ઘણાં દાયકા સુધી ચાલ્યાં. અંતે થોડાંક વિચારકો, વેપારીઓ, ખેડૂતો, લેખકો વગેરે સત્ય બોલવા માંડયા. તેમાંથી આખરે બ્રિટીશ સામ્રાજ્ય તૂટયું. તો આ કોર્પોરેટોક્રેસી પણ સત્ય બહાર પડવાથી જ તૂટશે. તેથી મેં બધી વાત ખુલ્લી કરી નાંખી છે.

**– જોન પરકીન્સ**

*આપણે સત્ય સમજી લઈએ અને વિકાસની મોટી મોટી વાતોમાં ન ફસાઈએ તો જ હવે શું કરવું તેનો રસ્તો મળશે. આ માટે ગાંધીજીના પુસ્તકોમાં જ સાચો ઉકેલ પડેલો છે. જેના મનમાં દેશદાઝ હોય તેમણે ગાંધીજીના પુસ્તકોનો અભ્યાસ કરવો જોઈએ. ખાસ કરીને હિંદ સ્વરાજ અને ગ્રામ સ્વરાજ નામના બે પુસ્તકો ખાસ વાંચી જવા જોઈએ. જોન પરકીન્સે સત્ય બહાર પાડીને દુનિયાની ખૂબ મોટી સેવા કરી છે. મોટા કોર્પોરેશનોની મોટી નોકરી છોડીને તે નાના નાના સ્વતંત્ર ગૃહ ઉદ્યોગો વિકસાવવાના કામમાં અત્યારે લાગ્યા છે. આમાંથી આપણે બોધપાઠ લેવો જોઈએ.*

*– વેલજીભાઈ દેસાઈ*

(૫૯) **[અલ (સાલ્વાડોર?) ના પ્રમુખ ચૂંટાઈને સત્તા પર આવ્યા પછી બે દિવસમાં જ હું તેમને મળવા ગયો. મેં તેમને અભિનંદન આપ્યા. . . મેં મારો ડાબો હાથ મારા જાકીટના ખીસ્સામાં રાખીને કીધું કે "મિસ્ટર પ્રેસીડેન્ટ, મારા આ ખીસ્સામાં આપને માટે તથા આપના કુટુંબ માટે ૨૦ કરોડ ડોલર છે, જો તમે અમારી રમતમાં શામેલ થાઓ અને અમારી પેટ્રોલિયમ કંપનીઓને કાકા કહીને મનમાની કરવા દો તો." આટલું બોલીને હું થોડાંક નજીક જઈને મારો જમણો હાથ જાકીટના બીજા ખીસ્સામાં ઘાલીને તેમની તરફ નીચે નમીને ધીમેથી બોલ્યો "અને જો તમે ચૂંટણીમાં જે વચનો આપ્યા છે તે પાળવાની કોશીશ કરશો તો મારા આ ખીસ્સામાં રીવોલ્વર અને ગોળી**



**છે." એમ કહીને હું જરા પાછો હટી ગયો અને અમે જે જે રાષ્ટ્રપતિઓના ખૂન કરેલા છે, અથવા હોદા ઉપરથી પછાડયા છે તે બધાના નામ હું બોલી ગયો. મારી ધમકી કામ કરી ગઈ.]**

આ શબ્દો એક બીજા આર્થિક હત્યારા મિ. બ્રેટના છે. એ હજી પણ આર્થિક હત્યારા તરીકે નોકરીમાં ચાલુ છે અને વરસે પાંચ લાખ ડોલરનો ટેકસ ફ્રી પગાર મેળવે છે. પરંતુ અંદરથી તે પણ દુઃખી છે. ચૂંટાયેલા નેતાઓ શું કરી રહયા છે તે પ્રજા જાણે તો કેવું સારું એમ સમજીને આ ખાનગી વાત મારા પુસ્તકમાં જાહેર કરું એવા ઈરાદાથી મને રૂબરૂ મળવા આવેલો. આ માણસ વિશ્વ બેંકમાં, અમેરિકન એમ્બેસીમાં,USAID માં નોકરી કરી ચૂકયો હતો.

આવા જ કામ અંગે મારે જયારે જવાનું થતું ત્યારે બ્રેટ કરતા હું વધારે ચતુરાઈથી કામ લેતો. સરકારી ઓફિસોમાં હંમેશા છૂપા ટેપરેકર્ડર હોય જ એમ માનીને હું ચાલતો. આમ છતાં મારા કહેવાનો અર્થ સાવ સ્પષ્ટ થઈ જતો. 'અમને સહકાર આપો તો સત્તા પર રહો અને ધનવાન બનો, જો સહકાર નહીં આપો તો સત્તા પરથી ફેંકાઈ જશો–જીવતા કે મરેલા.' એટલું પ્રેસિડેન્ટ સ્પષ્ટ સમજી જતા.

**– જોન પરકીન્સ**

*અર્ધા મુંબઈ જેવડા દેશના વડાને જો ૨૦ કરોડ ડોલરની લાંચ મળતી હોય, તો ભારત જેવડા વિશાળ દેશના ચાવીરૂપ અધિકારીઓને, પ્રધાનોને, મુખ્ય મંત્રીઓને કેવડી મોટી લાંચ મળતી હશે? અર્ધા મુંબઈ જેવડા દેશનો પ્રમુખ આપણે ત્યાં એક મ્યુનિસિપલ કમિશનર જેવડો ગણાય. અથવા એમ કહો કે હિન્દુસ્તાનના હાથી પાસે તે નાની બિલાડી ગણાય. અલ સાલ્વાડોર કરતા ભારત ૨૦૦ ગણો મોટો દેશ છે. તો આપણા દેશમાં આર્થિક હત્યારાઓ ૨૦૦ ગણી રકમ એટલે કે ૪૦૦૦ કરોડ ડોલર સહજે ખર્ચી નાખતા હશે. આ તો ફકત લાંચની વાત થઈ. બીજા તો અનેક કારસ્તાનો અને કૌભાંડો આચરતા હશે*

*– વેલજીભાઈ દેસાઈ.*

(૬૦) "સ્કૂલ ઓફ અમેરિકા – SOA " – લેટીન અમેરિકાના સૈનિકોને મારામારી કરવાની, બળવો કરવાની, ત્રાસ આપવાની, જાસૂસી કરવાની અને ખૂનો કરવાની તાલીમ આપે છે. તેના ગ્રેજયુએટોમાંથી અમેરિકા ખંડના વધુમાં વધુ કુખ્યાત લશ્કરના જનરલો અને આપખુદ સરમુખત્યારો પાકયા છે. આ સંસ્થા પનામા વિસ્તારમાં હતી. પનામાના પ્રમુખ ઓમાર તોરીજો પણ

**આ સંસ્થાના ગ્રેજયુએટ હતા. પરંતુ તેમણે આ સંસ્થાને પનામામાંથી કાઢી મૂકી. લોકોમાં તે ખૂબ વગોવાયેલી. તેથી અમેરિકન સરકારે તેનું નામ બદલીને "પશ્ચિમ ગોળાર્ધ સલામતી સહકાર સંસ્થા" રાખ્યું અને તેને જયોર્જિયામાં સ્થળાંતર કર્યું.**

**– જોન પરકીન્સ.**

**(૬૧) ૧૯૫૦–૬૦ ના ગાળામાં ઈરાકના લોકપ્રિય રાષ્ટ્રપતિ અબ્દુલ કરીમ કાસમ અમેરિકાની સામે થયા. તેમણે ઈરાકમાંથી પેટ્રોલિયમ કંપનીઓ જે અઢળક નફો લઈ જતી હતી તેમાં ભાગ માગ્યો, અથવા તેનું રાષ્ટ્રીકરણ કરવાની ધમકી આપી. જયારે કાસમને સીધો કરવાના આર્થિક હત્યારાઓના પ્રયત્નો નિષ્ફળ ગયા ત્યારે અમેરિકન જાસૂસી સંસ્થાએ કાસમનું ખૂન કરવા માટે એક ખૂની ટોળી ભાડે રાખી. એ ટોળીમાં એક છોકરો તો એટલો નાનો હતો કે તેણે સ્કૂલ પણ પૂરી કરી ન હતી. તેનું નામ સદામ હુસેન હતું. આ ટોળીએ કાસમની કાર ઉપર ધાણીફુટ ગોળીબાર કર્યો. કારને ચાળણી જેવી વીંધી નાખી. છતાં કાસમ ફકત ઘાયલ થયા. સદામને પગમાં ગોળી લાગી અને તે સીરીયા ભાગી ગયો.**

**૧૯૬૩ માં પ્રમુખ કેનેડીએ પ્રાણઘાતક નિર્ણય લીધો. તેણે અમેરિકન જાસૂસી સંસ્થા CIA ને હુકમ કર્યો કે કાસમને પતાવી દેવાનું અધૂરું રહેલ કાર્ય પૂરું કરવું. તેથી ઈરાકી ટેલીવીઝન ઉપર કાસમનું ખૂન કરવામાં આવ્યું. પછી પાંચેક હજાર માણસોને પકડીને તેમના ઉપર સામ્યવાદી હોવાના આરોપ મૂકીને બધાને મારી નાખ્યા. થોડાક વરસમાં જ સદામને પાછો બોલાવવામાં આવ્યો અને રાષ્ટ્રીય સલામતી (લશ્કર) ના વડા તરીકે તેની નિમણુંક કરી. તેનો પીતરાઈ ભાઈ પ્રમુખ થયો.**

**– જોન પરકીન્સ.**

*અમેરિકાના કાળા કુકર્મોમાં હવે કંઈ જ ઉમેરવાનું રહેતું નથી. દુનિયા આખીમાંથી પેટ્રોલિયમ મફતમાં લૂંટી લેવું અને અમેરિકાની વેડફાટવાદી જીવન પધ્ધતિમાં વેડફી મારવું. આમાંથી પર્યાવરણને માટે ભયંકર જોખમ ઉભું થયું અને દુનિયા આખીની પરિષદો મળી અને નિર્ણય થયો કે આ વેડફાટવાદી જીવન પધ્ધતિ ટકશે નહીં. તેથી તેમાં ફેરફાર કરવો પડશે એટલું સ્વીકારાયું. પરંતુ અમેરિકન પ્રમુખ બુશે હુંકાર સાથે કીધું કે અમેરિકન જીવન પધ્ધતિ વાટાઘાટને પાત્ર નથી. એટલે કે અમે તો જેમ જીવીએ છીએ એમ જ જીવ્યા કરશું. હવે પેટ્રોલિયમની કટોકટી આવશે ત્યારે અમેરિકા સાવ ટૂટી જશે એવી આગાહી કરનાર ડેવિડ સ્ટ્રોહનના મત મુજબ બુશની કબર ઉપર આ શબ્દો લખાશે " અમેરિકન જીવન પધ્ધતિ વાટાઘાટને પાત્ર નથી."*

*– વેલજીભાઈ દેસાઈ.*

**(૬૨) ચીલી (Chile– દક્ષિણ અમેરિકાનો દેશ) માં અસાધારણ બન્યું. અમેરિકન સરકારના દસ્તાવેજોમાં પહેલા અફવા ગણાતી હતી તેને સમર્થન આપ્યું કે નીકસન તંત્ર, તેનું જાસૂસી તંત્ર અને અમેરિકન કંપનીઓએ ચીલીના લશ્કરની સાથે મળીને, લોકશાહી ધોરણે ચૂંટાયેલા ચીલીના પ્રમુખ શ્રી સાલ્વાડોર એલેન્ડેને ૧૯૭૩ માં સત્તા પરથી ઉથલાવીને તેનું ખૂન કરવામાં આવ્યું હતું. એલેન્ડેનો ગુનો એટલો જ હતો કે તેમણે ચૂંટણી પ્રચારમાં વચનો આપેલા કે ચીલીના કુદરતી સંસાધનો ચીલીની પ્રજા માટે છે અને તેથી ચૂંટણી પછી વિદેશી માલિકીના તાંબુ, કોલસા અને સ્ટીલના ઉદ્યોગો અને ૬૦ ટકા જેટલી બેન્કોનું રાષ્ટ્રીયકરણ કરવાનું જાહેર કર્યું. પછી ઈરાન, ઈરાક, ગ્વાટેમાલા, ઈન્ડોનેસીયામાં અને બીજા ઘણા દેશોમાં બન્યું એમ જ અમેરિકન સરકારે એક લોહી તરસ્યા જુલમી જનરલ ઓગસ્ટો પીનોચેટને ટેકો દઈને એલેન્ડેને પછાડીને પીનોચેટને પ્રમુખ બનાવ્યો. હવે ઘણા વરસો પછી પીનોચેટના વોશીંગ્ટનની બેંકમાં ખાનગી નાણા પણ પકડાયા અને તેની નીચેના લશ્કર અને પોલીસે બે હજાર જેટલા માણસોના ખૂન કર્યા તે બદલ પીનોચેટની સામે હવે કેસ ચાલશે.**

**– જોન પરકીન્સ**

*આજે જગતમાં કુદરતી સંસાધનોની માલિક સરકારો થઈ બેઠી છે એ જ સૌથી મોટુ દુષણ છે. જળ, જમીન, જંગલ, નદી, તળાવ, ખનીજો વગેરે કુદરતી સંસાધનોની માલિકી આમજનતાની એટલે આપણે ત્યાં ગ્રામસભાની અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની જ હોવી જોઈએ. આખા દેશના સંસાધનો સરકાર પાસે હોય તો તે પરદેશી લૂંટારાઓને વેંચી નાખે. તેથી આપણા દેશમાં નદીઓ અને સમુદ્ર કાંઠા પણ મોટી મોટી કંપનીઓ ખરીદવા મંડી છે. લોઢુ બનાવવા માટે અતિ કિંમતી ખનીજ "આયર્ન ઓર" સ્ટીમરો ભરાઈને પરદેશોમાં વરસોથી ચાલ્યું જાય છે. તેમાં વિદેશી લૂંટારા સરકારમાં લાંચ આપીને બધુ ગોઠવી લેતા હોય છે. આ તો અતિશય ભયાનક ગણાય. એ સંસાધનો ગામની જ માલિકીના અને ગામના જ કબજામાં હોવા જોઈએ.*

*તો પરદેશમાં સમૃધ્ધિ તણાઈ જતી બચી જાય. ચીલીના પ્રમુખ એલેન્ડે તમામ સમૃધ્ધિ પરદેશોમાં તણાતી જોઈ ના શકયા. તેથી અમેરિકન લૂંટનો વિરોધ કર્યો. આખરે તે અમેરિકન ગુંડાગીરીનો ભોગ બન્યા.*

*– વેલજીભાઈ દેસાઈ.*

(૬૩) **જાન્યુઆરી ૨૦૦૫ માં બ્રાઝીલમાં ભરાયેલ વર્લ્ડ સોશીયલ ફોરમમાં હાજરી આપવા હું ગયો હતો. એ વખતે અમેરિકન કોર્પોરેટોક્રેસીના વિરોધમાં બ્રાઝીલ, વેનેઝુએલા, આરજેન્ટીના, ચીલી, ઉરુગ્વે વગેરે દેશોમાં અમેરિકાની વિરોધી સરકારો ચૂંટાઈ આવી હતી અને આ દેશોના પ્રમુખોએ ખુલ્લંખુલ્લા અમેરિકાની દાદાગીરીનો વિરોધ કર્યો હતો. આ સંમેલનમાં બ્રાઝીલના પ્રમુખ શ્રી લુલા પણ હાજર રહેલા. અહીં મને બ્રાઝીલના પ્રમુખ શ્રી લુલાનો એક ઉચ્ચ સલાહકાર (નામ મિ. જોસ રાખીએ) ખાનગીમાં મળવા આવેલો. એણે કીધું કે મેં તમારી ચોપડી "આર્થિક હત્યારાની કબૂલાતો" વાંચી છે. તેમાં જણાવેલી હકીકતો હિમશીલાની ટોચ જેવી જ છે. તમને કદાચ તે ખબર હશે. તેમાં હજી ઘણા વાસ્તવિક રહસ્યો ખૂટે છે. તેણે બ્રાઝીલના પ્રમુખ શ્રી લુલા ઉપર જે વીતી રહયું છે તેનું વર્ણન કર્યું. તેના ઉપર અતિ સખત દબાણ આવે છે. લાંચ રુશ્વતની લાલચ, બળવાની અને ખૂનની ધમકીઓ એટલું જ નથી, અમે કદી ચૂકવી ના શકીએ એવી દેવાની ગુલામીમાં અમને ડુબાડી દેવા એટલું જ નથી, તેનાથી ઘણું ઉંડું કાવતરુ છે. એણે વર્ણન કર્યું કે બ્રાઝીલ અને બીજા ઘણા દેશોમાં રાજકીય પક્ષો ઉપર અમેરિકાનો સંપૂર્ણ અંકુશ છે. તે એટલે સુધી કે અમેરિકાનો વિરોધ કરનારા ઉદામ સામ્યવાદી ઉમેદવારે પણ વોશીંગ્ટન સાથે સમાધાન કરવું પડે છે. મેં તેને પૂછ્યું કે તમે આ બધુ કેવી રીતે જાણો છો? ત્યારે તેણે કીધું કે તમારા આર્થિક હત્યારાઓ તમારી કલ્પનાથી ઘણા વધારે હોશિયાર છે, એ બધુ મેં જોયું છે અને અનુભવ્યું છે. વિદ્યાર્થીઓ ભોળા હોય ત્યારથી તેમને કેમ લલચાવવામાં આવે છે, સ્ત્રીઓ, દારુ અને ડ્રગ્સ કેવી રીતે વાપરવામાં આવે છે તેને તમે મોડર્ન ડીપ્લોમેસી કહી શકો છો. પ્રેસીડેન્ટ નોરેગાને કેમ પછાડયા અને અત્યારે તે અમેરિકાની જેલમાં સડે છે એ તમે જાણો છો. અફવા જેવી લાગતી અનેક બાબતો સત્ય ઘટનાઓ છે અને તેનાથી મારું હૃદય ચીરાય જાય છે. મેં તેને પૂછ્યું કે "શું પ્રેસીડેન્ટ લુલાને પણ ભ્રષ્ટાચારમાં સંડોવ્યા છે?" મિ. જોસને જવાબ આપવો ભારે થઈ પડયો. ઘણી વાર લગાડીને તેણે કબૂલ્યું કે "લુલા પણ આ સિસ્ટમનો એક ભાગ બની ગયા છે, પણ તેમ કર્યા વગર તેની પાસે બીજો કોઈ રસ્તો નથી. પણ મને બીક છે કે અમેરિકન સરકાર ગમે ત્યારે તેને ઉતારી પાડશે."**



**– જોન પરકીન્સ.**

*આપણા દેશના રાજકીય પક્ષો ઉપર અમેરિકાનો પૂરો અંકુશ છે એ હવે ખુલ્લુ પડી ગયું છે. ૧૯૯૦ માં લોકસભાની ચૂંટણીઓ બાકી હતી, કયો પક્ષ સત્તા પર આવશે તે નકકી ન હતું. છતાં ફ્રાન્સના છાપામાં મનમોહનસીંગ જ નાણાં પ્રધાન થશે તે અગાઉથી જાહેર થઈ ચૂકયું હતું. ૧૯૯૧ માં તેમ જ બન્યું. એનો અર્થ એ કે બન્ને પક્ષો સાથે અમેરિકાએ ગોઠવણ અગાઉથી કરી લીધી હતી. એટલે લોકો ભોળાભાવે ચૂંટણીમાં ગમે તે પક્ષને કે વ્યકિતને જીતાડે, આખરે અમેરિકા જ આપણા ઉપર પરોક્ષ રીતે રાજ કરે છે. આપણા બજેટ પણ વોશીંગ્ટનમાં મંજૂર થાય પછી જ લોકસભામાં રજુ થાય છે. કયા કરવેરા નાખવા, કયાં રાહત આપવી વગેરે અમેરિકા જ નકકી કરે છે એમાં હવે શંકા રહેતી નથી. દેખીતી રીતે આપણને લૂંટવા માટે જ તે વ્યવસ્થા ગોઠવે છે. આ બધુ વિકાસને નામે ચાલે છે, લોકશાહીને નામે ચાલે છે. પરંતુ આ વ્યવસ્થામાં વિકાસ નથી પણ વિનાશ છે, લોકશાહી નથી પણ લોકશાહીનો માત્ર દંભ છે.*

*– વેલજીભાઈ દેસાઈ.*

•

**હિન્દુસ્તાનનું ભાવિ પશ્ચિમના રક્તમલિન પંથ નથી – પશ્ચિમ જ એથી કંટાળ્યું છે. પણ સાદા અને પવિત્ર જીવનથી જે શાંતિ મળે છે તે શાંતિવાળા રક્તરહિત પંથે છે. હિન્દુસ્તાન આજે પોતાનો આત્મા ખોવાના જોખમમાં છે. એ આત્મા ખોઈને એ જીવી ના શકે.**

**"પશ્ચિમ હુમલાની સામે અમારાથી ન ટકી શકાય" એમ પ્રમાદથી અને લાચારીથી કહેવાને બદલે આપણે પોતાની અને જગતની ખાતર તેની સામે અટકાવ કરવાને કમર કસવી જોઈએ.**

**ગાંધીજી**

# "આ સુધારો એવો છે કે જો આપણે ધીરજ રાખી બેસીશું તો સુધારાની હડફેટમાં આવેલા માણસો પોતે સળગાવેલા અગ્નિમાં બળી મરશે."

ગાંધીજીનું 'હિન્દસ્વરાજ' – ૧૯૦૯



# વિકાસ વિષે ગાંધીજીના વિચારો

મને બીક છે કે ઉદ્યોગવાદ માનવજાતિને શાપરૂપ નીવડવાનો છે. એક પ્રજા બીજી પ્રજાને લૂંટે એ હમેશને માટે ન ચાલી શકે. ઉદ્યોગવાદનો આધાર તમારી લૂંટવાની શકિત પર, પરદેશનાં બજારો તમારે માટે ખુલ્લા થવા પર, અને હરીફોના અભાવ પર છે. હિન્દુસ્તાન જેવો વિશાળ દેશ મોટા પાયા પર ઉદ્યોગો દાખલ કરીને લાભ ખાટવાની આશા ન રાખી શકે. ખરું જોતાં હિન્દુસ્તાન જયારે બીજી પ્રજાઓને લૂંટવા માંડશે – અને જો મોટા પાયા પર ઉદ્યોગો ચલાવે તો તેણે તેમ કર્યો જ છૂટકો – તો તે બીજી પ્રજાઓને શાપરૂપ અને જગતને ત્રાસરૂપ થઈ પડશે.

ઉદ્યોગવાદનું ભાવિ કાળું છે. થોડાં જ વરસમાં પશ્ચિમની પ્રજાઓ જોશે કે તેમનો માલ ઓછા ભાવે વેંચવાનું ધ્વાર બંધ થઈ ગયું છે. અને જો ઉદ્યોગવાદનું ભાવિ પશ્ચિમમાં કાળું હોય તો હિંદને માટે તો એથીયે કાળું ન નીવડે?

ખરે, આજે તો પશ્ચિમ ઉદ્યોગવાદથી અને શોષણવાદથી ઓચાઈ ગયું છે. જો પશ્ચિમને એ રોગોની દવા ન મળતી હોય તો પશ્ચિમની નિશાળે ભણનારા આપણે નવા નિશાળિયા એ રોગનું નિવારણ શી રીતે કરી શકીશું? એ આખો ઔદ્યોગિક સુધારો એક ભારે રોગ છે, કારણ એ અનિષ્ટમય છે, મોટા મોટા નામોથી આપણે રખે ઠગાતા. વરાળ અને વીજળીના ઉપયોગ આપણે જાણીએ છીએ એટલે યોગ્ય પ્રસંગે જ, અને ઉદ્યોગવાદમાં તણાયા વિના, તેનો ઉપયોગ આપણે કરી જાણવો જોઈએ. એટલે ઉદ્યોગવાદનો કોઈ પણ રીતે આપણે નાશ કરવો જ રહયો.

જેને એક છેડે ભૌતિક સમૃધ્ધિ માટેની અતૃપ્ત મહત્વકાંક્ષા છે અને બીજે છેડે તેમાંથી પરિણમતું યુધ્ધ છે એવી આ સંસ્કૃતિ તરફ શંકાની નજરે જોતો અને ઉત્તરોત્તર વધતો જતો એવો એક જાગ્રત વર્ગ છે.

ગરીબીનો નાશ થવો જ જોઈએ. પણ ઉદ્યોગવાદ એનો ઉપાય નથી.

આપણે ગામડાંને સ્વાવલંબી, સ્વયંપૂર્ણ બનાવવામાં બધી શકિત વાપરવાની છે, ને મોટે ભાગે જે ચીજો વાપરવાની હોય તે જ બનાવવાની છે. ગ્રામોદ્યોગનું આ રૂપ જળવાઈ રહે તો ગ્રામવાસીઓ પોતે બનાવીને વાપરી શકે એવાં આધુનિક યંત્રો અને ઓજારો વાપરે એમાં કશો વાંધો નથી. માત્ર એ બીજાને ચૂસવામાં સાધન તરીકે ન વાપરવા જોઈએ.

કોઈ પણ દેશને કોઈ પણ પ્રસંગે યંત્રોદ્યોગો ખીલવવાની જરૂર હોય, એમ હું માનતો નથી. હિંદને તો આ વસ્તુ વિશેષ પ્રમાણમાં લાગુ પડે છે. ખરેખર, ગૃહઉદ્યોગો ધ્વારા પોતાનાં લાખ્ખો ઝૂંપડાંઓની ખિલવણી કરી, સાદું પણ ઉમદા જીવન અપનાવીને તથા દુનિયા જોડે સુલેહશાંતિથી રહીને જ સ્વતંત્ર હિંદ ત્રાહિ ત્રાહિ પોકારી રહેલી દુનિયા પ્રત્યેની પોતાની ફરજ અદા કરી શકશે, એમ હું માનું છું.

લક્ષ્મીની પૂજાએ આપણા પર લાદેલી અતિશય વેગીલી યંત્રશકિત પર રચાયેલા એવા જટિલ ભૌતિક જીવન સાથે ઉચ્ચ વિચારસરણીનો મેળ નથી.

આપણે એની (પશ્ચિમના વિકાસની) નકલ કરવા જઈશું તો તેમાં હિન્દુસ્તાનની પાયમાલી થશે. હું હિંમતભેર કહું છું કે જે ભોગોના તેઓ ગુલામ બની રહયા છે તેના વજન તળે દબાઈને તેમને પાયમાલ થવું ન હોય તો તેમને પોતાને પણ તેમની જીવનદૃષ્ટિને નવું રૂપ આપવું પડશે. એટલું તો હું જાણું છું કે હિંદને માટે સુવર્ણમૃગ પાછળ દોડવું એ અચૂક મોત વહોરવા બરોબર છે.

આપણા ઘણા દેશવાસીઓને મેં એમ કહેતા સાંભળ્યા છે કે આપણે અમેરિકાની જેટલી સમૃધ્ધિ મેળવીશું પણ તેની કાર્યપધ્ધતિઓ આપણે ટાળીશું. હું કહેવાની હિંમત કરું છું કે, એવો પ્રયાસ જો કરવામાં આવશે તો તે ખચીત નિષ્ફળ નીવડવાનો છે.

ઈશ્વર હિંદુસ્તાનને યંત્રયુગથી અને સંસારને યંત્રમય હિંદુસ્તાનથી બચાવો. આજે એક મૂઠી જેટલી કોમ (ઈંગ્લંડ) આર્થિક લૂંટને પંથે ચડી આખા જગતની જંગલી અભણ ગણાતી કોમોના પેટ ઉપર પગ મૂકીને બેઠેલી છે. જો તેંત્રીસ કરોડ લોકોની પ્રજા આ માર્ગે ચડે તો આખા સંસારને વેરાન કરી નાખે.

હિન્દુસ્તાનનું ભાવિ પશ્ચિમના રકમમલિન પંથે નથી – પશ્ચિમ જ એથી કંટાળ્યું છે. હિન્દુસ્તાન આજે પોતાનો આત્મા ખોવાના જોખમમાં છે. એ આત્મા ખોઈને એ જીવી ન શકે.

કોઈ માણસ પોતાની કોઈક અણધારી યાંત્રિક શોધ ધ્વારા હિંદની બધી જમીન ખેડી શકે અને ખેતીની સઘળી પેદાશ પર પોતાનો કાબુ જમાવે તથા કરોડો લોકોને માટે બીજો કશો રોજગાર રહે નહીં તો તેઓ ભૂખે મરશે અને આળસુ રહેવાને કારણે ઠોઠ થઈ જશે.

વ્યકિતની મહેનત બચાવે, અને કરોડો ઝુંપડાંવાસી ગામડિયાઓનો બોજો હલકો કરે એવાં સાદાં હથિયાર અને સાધનને હું જરૂર વધાવી લઉં.

મારો ઝઘડો યંત્રોની ઘેલછા સામે છે, યંત્રોની સામે નથી. મારે સમય અને પરિશ્રમનો બચાવ જરૂર કરવો છે, પણ તે ખોબા જેટલા માણસોને માટે નહીં, પણ સમસ્ત માનવજાતિ માટે. સમય અને પરિશ્રમનો બચાવ થઈ ખોબા જેટલા લોક ધનાઢય થઈને બેસે એ મને અસહ્ય છે. આજે યંત્રોને પરિણામે લાખોની પીઠ ઉપર ખોબા જેટલા લોક સવાર થઈને બેઠા છે અને તેમને રગડે છે, કારણ એ યંત્રો ચલાવવા પાછળ લોભ રહેલો છે, ધનતૃષ્ણા રહેલી છે, જનકલ્યાણ નથી રહેલું. યંત્રો કલ્યાણસાધક હોય તો ભલે હોય એટલે યંત્રોનો સદંતર નાશ નહીં, પણ એની મર્યાદા બંધાય એમ હું ઈચ્છું છું.

– ગાંધીજી



# આર્થિક ગુલામોનો દેશ અમેરિકા

સવારના પાંચ વાગે કે તરત જ અમેરિકાના કરોડો ઘરોમાંથી લગભગ ૧૦ કરોડ જેટલા સ્ત્રી પુરુષો નીકળી પડે છે અને પોતપોતાના ચાર પૈડાના વાહનોમાં પોતાની મરજી વિરુધ્ધ કામની જગ્યાએ પહોંચવા ઝડપભેર વાહન મારી મૂકે છે. આ કરોડો માણસોના મનમાં ફડકો હોય છે, બીક હોય છે કે રખે ને તે મોડા ના પહોંચે, નહીંતર તેનો રોટલો ઝુંટવાઈ જશે. આ દસ કરોડ માણસો એવી જગ્યાએ ગુલામી કરવા જાય છે, જયાં બેસવાનું નથી, બોલવાનું નથી, કોઈને કાંઈ પણ પૂછવાનું નથી, કોઈની સાથે વાત કરવાની નથી, વિચારવાનું નથી, સમજવાનું નથી, અભિપ્રાય આપવાનો નથી, કાંઈ જાણવાનું નથી. બસ ફકત ચીંધેલું કે સોંપેલું નીરસ કામ બની શકે એટલી ઝડપથી સતત કર્યા જ કરવાનું હોય. આપણે આવા કામને ગધ્ધામજૂરી કહીએ છીએ. પોતે શું કામ કરે છે, તેમાંથી આખરે કઈ વસ્તુ બને છે, તેનું શું ખર્ચ આવે છે, તે કેટલી કિંમતે વેંચાય છે, તે કોણ લઈ જાય છે, લોકોના જીવન ઉપર તેની શું અસર પડે છે, પોતે જે કામ કરે છે તે સમાજને લાભકારક છે કે નુકશાનકારક, તે નીતિમય છે કે અનીતિમય એવો કોઈપણ વિચાર તેણે કરવાનો નથી. તેણે પોતાના મગજને કાયમને માટે તાળુ મારેલુ જ રાખવાનું હોય છે. બસ, ઉંધુ ઘાલીને ગધેડાની જેમ સતત કામ કરો અને ટાઈમ પૂરો થાય એટલે ચાલતા થાઓ. ટાઈમ પૂરો થાય પછી કારખાનામાં કે સ્ટોરમાં તેને કાંઈ જ રસ નથી. તેમાં આગ લાગે ને તે સળગી જાય તો પણ એમાં તેને કાંઈ જ રસ નથી. એનો સંબંધ ફકત ગુલામી કરવા પૂરતો જ છે, જેથી એનું ગુજરાન ચાલે.

આ કરોડો ગુલામો ઘરે આવીને શું કરે છે? ઘરે આવ્યા પછી પણ તેઓ સ્વતંત્ર વિચારકો નથી. તેઓએ શું ખાવું, કેવી રીતે રહેવું, કેવું મનોરંજન માણવું, ઘરમાં કેવી ચીજો વસાવવી, કેવા કપડાં પહેરવા, બાળકોને શું અને કેટલું ખવડાવવું વગેરે બાબતોમાં જાહેર ખબરોનો મારો ચલાવીને તથા ટી.વી. ઉપર જાત જાતની ભ્રમણા ફેલાવીને તેઓના મન ભ્રમિત કરેલા હોય છે જેથી તેઓ મોટા તંત્રો ચલાવનારાઓની ઈચ્છા મુજબ જ વર્તતા અને કામ કરતાં ગુલામો બની રહે. દાખલા તરીકે ટી.વી. ઉપર જાહેર ખબરોનો મારો ચલાવીને એવો ભ્રમ ફેલાવી દેવામાં આવે કે એક વર્ષથી નાના બાળકોને દરરોજ ૪૦૦ ગ્રામ ખોરાક આપીએ તો જ બાળક પૂરું તંદુરસ્ત અને શકિતશાળી થાય, તો આવા ભ્રમમાં ફસાયેલી કરોડો માતાઓ પોતાના બાળકોને ૪૦૦ ગ્રામ ખોરાક પરાણે બાળકની ઈચ્છા વિરુધ્ધ, બાળક ખાઈ ન શકે ને ઉલ્ટી કરે તો પણ ધરારથી મોઢામાં

ખોંસ્યા કરે અને પોતે વૈજ્ઞાનિક જ્ઞાન ધરાવે છે એવા ભ્રમમાં રહે. ખરેખર તો ખોરાક બનાવનારી કંપનીના માલીકોએ પોતાનો માલ મોટા જથ્થામાં વેંચાય અને તેને અઢળક નફો મળે એવા દુષ્ટ હેતુથી ખોટા વૈજ્ઞાનિકોને ભાડે રાખીને સાવ ખોટી રીતે બાળકને ૪૦૦ ગ્રામ ખોરાક જોઈએ તેવું તૂત ઉપજાવી કાઢયું હોય છે. આટલું સમજવા જેટલી સ્વતંત્ર વિચાર બુધ્ધિ આખો સમાજ ગુમાવી બેઠો હોય છે.

તો પછી આ મોટા કારખાના, મોટા તંત્રો કોણ ચલાવે છે? તેના નિર્ણયો કોણ કરે છે? અમેરિકામાં તમામ નિર્ણયો ફકત મુઠીભર માણસો જ કરે છે, જેમના હાથમાં આખા વિશ્વની તમામ સંપતિ આવી ગઈ છે અથવા આવી જવી જોઈએ એમ આ મુઠીભર અતિ ધનવાન માણસો માને છે. તેમના મગજ સાવ સડી ગયા હોય છે. તેમને આખી પૃથ્વીની સંપતિ પાતાળમાંથી કાઢીને પણ આખી દુનિયાનું લોહી ચૂસીને પોતે એકલાંએ જ વધુને વધુ ધનવાન બનવાનું ગાંડપણ વળગેલું હોય છે. એમ કરવા માટે દુનિયામાં પથરાયેલા કરોડો ને અબજો માણસોને ચૂસીને તેમને ખાલી ખોખા જેવા કરીને ફેંકી દેવામાં તેમના હૃદયને જરાપણ આંચકો લાગતો નથી એવા નિર્દય, સ્વાર્થી અને નફફટ તેઓ બની ગયા હોય છે. તેઓ ફકત પોતાનો ટૂંકો સ્વાર્થ જ વિચારે છે. લાખો, કરોડો માણસો બરબાદ થઈ જાય તેથી તેમને આંચકો લાગતો નથી. આમાં જો કે બીલગેટ, જોન પરકીન્સ, જેફ નેબેલ, એરિક ફ્રોમ જેવા અતિ ઉચ્ચ કોટીના અમેરિકન વિચારકોનો નાનકડો વર્ગ અપવાદરૂપ છે, જેમણે મોટા પુસ્તકો લખીને અમેરિકાની ઝાટકણી કાઢી નાખી છે. આમાંથી કેટલાક શાણા માણસો તો ત્યાં સુધી કહે છે કે આ નિર્ણય લેનારા મોટા માણસો ખરેખર જ એટલા પાગલ માણસો હોય છે કે તેમને ગાંડાની હોસ્પીટલમાં દાખલ કરવામાં આવે તો તેમનું પાગલપણું વૈજ્ઞાનિક રીતે સાબિત થઈ શકે એવું હોય છે! આ પાગલ માણસોના નિર્ણયોનો અમલ ચૂં કે ચા કર્યા વગર અમેરિકાના ૧૦ કરોડ ગુલામોએ લગનથી કરવાનો હોય છે. તેમની ગુલામીના ફળ સ્વરૂપે જો તેઓ પતિ–પત્ની બન્ને ગુલામી કરે તો ખાઈ પીને ગુલામી સતત કર્યા કરે એવી સ્થિતિમાં તેમને જીવવા મળે છે.

આ દસ કરોડ ગુલામો – સ્ત્રીઓ અને પુરુષો – જયારે ગુલામી કરવા નીકળી પડે ત્યારે તેમના બાળકોનું શું થતું હશે તેવો પ્રશ્ન થાય એ સ્વાભાવિક છે. અતિ નાના બાળકોને ગાઢ નિંદ્રામાંથી ઉઠાડીને, પોતાની કારમાં મુશ્કે ટાઈટ બાંધીને રડતા કકળતા કોઈ ઘોડીયાઘરમાં મૂકી આવે છે, જયાં પોતાની મા વગર દસ કલાક ધાવણા બાળકોને કાઢવા પડે છે. એટલે બાળક ધાવણું હોય ત્યારથી



જ અમેરિકન પ્રજા દુઃખી થાય છે અને થોડાક મોટા બાળકો હોય તો તેમને ગુલામ બનવાની તાલીમ શાળાઓમાં મોકલી આપવામાં આવે છે, જયાં બાળકે કેવા કપડા પહેરવા, કેવા મોજા પહેરવા, કેવા બૂટ પહેરવા, શું નાસ્તો કરવો, શું ખાવું, શું શીખવું, શું ભણાવવું, કેટલું ભણાવવું, વગેરેનો કોઈ પણ નિર્ણય બાળક કરી શકતું નથી, તેની માં કરી શકતી નથી, તેનો બાપ કરી શકતો નથી, તેનો શિક્ષક કે શિક્ષિકા કરી શકતા નથી. આ બધા નિર્ણયો પેલા પાગલ માણસોએ કરેલા હોય છે. સ્વભાવિક રીતે તેમને વધુમાં વધુ ગુલામો જોઈએ છે, જે ચૂં કે ચા કર્યા વગર પોતાના કારખાનાઓમાં ગુલામી કરે. તેથી બાળકોની સ્વતંત્ર વિચાર શકિત, સ્વતંત્ર નિર્ણય શકિત વગેરે પધ્ધતિસર રીતે તોડી પાડીને બીબાઢાળ, ભવિષ્યમાં ચૂં કે ચા ન કરનારા ગુલામો તરીકે જ વર્તે એવા બનાવીને બહાર કાઢવામાં આવે છે, જે પુખ્ત ઉંમરના થયે ગુલામીને સ્વાભાવિક રીતે સ્વીકારીને કામમાં લાગી જાય છે. આને આધુનિક શિક્ષણ કહેવામાં આવે છે.

આ રીતે સાવ પાગલ માણસોના નિર્ણયો મુજબ આખું અમેરિકા ગુલામીનું કામ કરે છે. સાવ પાગલ માણસોના તરંગો પ્રમાણે આખુ અમેરિકા ગુલામીમાં જીવે છે. જે અમેરિકામાં અબ્રાહમ લીંકન જેવા મહાન નેતાએ યુધ્ધ કરીને પણ ગુલામી નાબૂદ કરી હતી એ જ અમેરિકા આખે આખુ જુદા જ પ્રકારની અદશ્ય આર્થિક ગુલામીનું ભોગ બન્યું છે. જે અમેરિકા ૧૫૦ વરસ પહેલા પોતાના ખેતરોમાં સ્વતંત્રપણે કામ કરીને સાદાઈથી, સુખથી અને સંતોષથી જીવતું હતું તે જ અમેરિકા વિકાસને રવાડે ચડીને એક ભોગવાદી વિકૃતિનો ભોગ બનીને અતિ લાચાર અને ગુલામ એવા કરોડો આર્થિક ગુલામોનો દેશ બની ગયો છે.

હવે આખા જગતની કરુણતા એ છે કે અમેરિકાની આ કાળી અને અનિષ્ટકારી બાજુને સમજયા વિના તેણે ઉભી કરેલી ઝાકમઝાળથી અંજાઈ જઈને દુનિયાના કરોડો માણસો અમેરિકા જઈને ત્યાંની આર્થિક ગુલામીના માળખામાં ફીટ બેસી જવામાં જ પોતાના જીવનની ધન્યતા અનુભવે છે. આનાથી પણ મોટી કરુણતા એ છે કે અમેરિકાની ઝાકળઝાળથી અંજાઈ જઈને જરાપણ વાસ્તવિકતા સમજયા વગર ઘણા નેતાઓ પોતાના દેશમાં પણ અમેરિકા જેવી સ્થિતિ ઉભી કરવા માટે અમેરિકાની મોટી મોટી મલ્ટીનેશનલ કંપનીઓને પોતાના દેશમાં બોલાવીને તેમને મનફાવે એમ કરવાની છૂટ આપે છે. આ મલ્ટીનેશનલ કંપનીઓના મુઠીભર માલિક માણસો ગાંડાની હોસ્પીટલમાં ગાંડા સાબિત થઈ શકે એટલા ગાંડા હોય છે. એ મુઠીભર માણસોએ પોતાના દેશમાં કરોડોને ગુલામ બનાવ્યા છે, તો પરદેશોમાં જઈને તેમની પ્રજાને સુખી કરી દેશે? કે તેમને સાવ લૂંટી લેશે? કોઈપણ સ્વસ્થ

બુધ્ધિવાળો માણસ સમજી શકે કે જેના મગજમાં આખી દુનિયાને લૂંટવાનું ગાંડપણ સવાર થયું છે તે કદીપણ સમાજનું ભલું કરે જ નહીં. પણ સાચી વાત એ છે કે ગાંડાની હોસ્પીટલમાં ગાંડા સાબિત કરી શકાય એ વર્ગમાં ઘણા બધા રાજકારણીઓ પણ આવી જતા હશે, કારણ કે તેઓ પોતાની સત્તાના મદમાં સત્તાનો દુરુપયોગ કરીને દુનિયાને લૂંટીને અતિ ધનવાન થવાની હરિફાઈમાં શામેલ હશે? તો જ આજની ખરાબ સ્થિતિ આવી હોય.

આ વૈશ્વિક વિનાશની પરિસ્થિતિમાંથી ઉગરવાનો એક માત્ર ઉકેલ છે આપણી સંસ્કૃતિ તરફ પાછા વળવાનો, જેમાં રોટલો રળવા સિવાય ધનસંપતિ એકઠી કરવાનો કોઈ અવકાશ જ ના હોય. નીતિ સદાચારના બંધનો સાર્વત્રિક હોય જેથી માણસનું મન છાકટુ ના બને. ધર્મ, અધ્યાત્મ, ત્યાગ, તપસ્યાનું શિક્ષણ સાર્વત્રિક હોય જેમાં ઉત્તમ આર્ય સંસ્કારોથી સમાજનું ઘડતર થાય. સ્ત્રીને માતૃપદે સ્થાપીને તેમને નોકરી, કમાણી ના કરવી પડે અને ઘરની સ્વામિની સ્ત્રી હોય અને તેમને પુરુષો તરફથી એટલું માન સન્માન મળતું હોય કે દરેક સ્ત્રીને એમ લાગે કે પોતે ભાગ્યશાળી છે કે તેને ભગવાને સ્ત્રીનો અવતાર આપ્યો છે.

આમ કરવા માટે અમેરિકાના વિકાસના મોડેલને તત્કાળ ધુત્કારી કાઢવું ઘટે છે અને ગૃહઉદ્યોગો મારફત સ્વતંત્ર નાના ધંધાઓ ઉપર જ આખું અર્થતંત્ર ઉભું કરવાની જરૂર છે, જે ફકત ૧૦ વરસમાં આખા હિન્દુસ્તાનને સુખવૈભવથી છલકાતો દેશ બનાવી શકે એમ છે.

– વેલજીભાઈ દેસાઈ

•

**ટીકાકારો કહે છે કે પ્રગતિમાન પશ્ચિમમાં જેમ પાણી, હવા, તેલ અને વીજળીનો પૂરેપૂરો ઉપયોગ થાય છે તેમ આપણે પણ કરવો જોઈએ. તેઓ કહે છે કે આ ગૂઢ કુદરતી શક્તિઓ પર કાબૂ મેળવવાથી દરેક અમેરિકન તેત્રીસ ગુલામો રાખી શકે છે, એટલે કે ૩૩ ગુલામ પાસેથી મળે એટલુ આ શક્તિઓ પાસેથી લઈ શકે છે. એ રસ્તે હિન્દુસ્તાનમાં ચાલીએ તો હું બેધડકપણે કહુ છું કે દરેક માણસને ૩૩ ગુલામ મળવાને બદલે આ દેશના એકે એક માણસની ગુલામી ૩૩ ગણી વધશે.**

**ગાંધીજી**



# અમેરિકાનું પતન નિશ્ચિત છે.

**જે દેશ દુનિયાનો સૌથી સમૃધ્ધ દેશ છે, સૌથી શક્તિશાળી દેશ છે અને જે દેશ આખી દુનિયાના આકર્ષણનું કેન્દ્ર છે તે અમેરિકા પતનને રસ્તે છે એ વાત ઘણાને વાહિયાત લાગશે. પરંતુ મને તલભાર પણ શંકા નથી કે અમેરિકા પોતાનું આખા જગત ઉપરનું વર્ચસ્વ ગુમાવી બેસસે અને રાજકીય દ્રષ્ટિએ અને સામાજિક દ્રષ્ટિએ અને સામાજિક દ્રષ્ટિએ તે છિન્ન ભિન્ન થઇ જશે અને પછી અમેરિકા આકર્ષણનું કેન્દ્ર નહીં રહે. આમ બનશે જ તે ચોક્કસ છે, પરંતુ કેટલાં સમયમાં બનશે તે અનુમાનનો વિષય છે. મને લાગે છે કે ૩૦ થી ૫૦ વર્ષમાં તે છિન્ન ભિન્ન થઇ જશે. આમ થવા માટેના કારણો બહુ જ સ્પષ્ટ છે :-**

(૧) કોઇ પણ દેશ કાયમને માટે અસત્ય, અધર્મ, અત્યાચાર, દગાફટકા, શોષણ જેવા પાપ કાર્યો મારફત જ ટકી ના શકે. અમેરિકા દુનિયા આખીને દબાવે, દુનિયા આખીનું શોષણ કરે, દુનિયા આખીમાં લડાઇઓ કરાવે, શસ્ત્રો વેચીને જ સમૃધ્ધ થાય, પાડોશી દેશો સહિત દુનિયા આખીને પજવે અને દુનિયા આખી સાથે દુશ્મનાવટ કરે, આ બધા પાપ કાર્યો મારફત જ અમેરિકા તાગડધીન્ના કરે છે. જગતમાં જો ઇશ્વર જેવી હસ્તિ હોય-અને છે જ તેમાં તલભાર શંકા નથી – તો આવા પાપ કાર્યો કાયમને માટે ચાલ્યાં જ કરે એ અસંભવ છે. તેથી વહેલા મોડું અમેરિકાનું પતન નિશ્ચિત છે.

(૨) અમેરિકામાં તમામ આર્થિક વ્યવહારોનું સંપૂર્ણ કેન્દ્રીકરણ થઇ ચુક્યું છે. ઉત્પાદન મોટી જંગી કંપનીઓજ કરે, વેપાર પણ જંગી મોટી કંપનીઓજ કરે. ખાવાપીવાની ચીજો પણ જંગી મોટી કંપનીઓ જ વેંચે. પરિણામે અમેરિકાની સ્ત્રીઓને હવે દુધમાંથી દહી બનાવતા પણ આવડતું નથી. એટલે દહીં મેરવવા માટે દુધને ૫૦૦-૭૦૦ કિલોમીટર દુર મોકલવું પડે છે. પ્રજાની તમામ આવડતનો ત્યાં નાશ થઇ ચુક્યો છે. સ્વતંત્ર સ્વદેશી જીવન પધ્ધતિને માટે ત્યાં જરાપણ અવકાશ રહેવા દીધો નથી. જંગી મલ્ટીનેશનલ કંપનીઓના જ હાથમાં આખું અમેરિકા છે. તેથી ત્યાંની પ્રજામાંથી ઓછામાં ઓછાં ૯૫ ટકા માણસો આ મોટી કંપનીઓના ગુલામો છે. તેઓ પોતાની સ્વતંત્રતા અને સ્વતંત્ર વિચારસરણી સંપૂર્ણ પણે ખોઇ બેઠા છે. મોટી મલ્ટીનેશનલ કંપનીઓ બધી જ બાબત નફાની દ્રષ્ટિએ જ જુએ છે. ત્યાં નીતિ, સદાચાર, લોક કલ્યાણ, આમજનતાનું સુખ વગેરેની કાંઇ જ કિંમત નથી. બસ ખુબ કમાઓ અને ખુબ ભોગવો. ખોટી જીવન પધ્ધતિ અને કેન્દ્રિત અર્થ વ્યવસ્થાને કારણે દુનિયાભરની સમૃધ્ધિ ત્યાં તણાયને જાય છે અને જંગી મોટા પ્રમાણમાં તે વેડફાય છે. આ બાબત અમેરિકાના નાશનું કારણ બનશે.

(૩) ત્રીજુ કારણ ગાંધીજીની ભવિષ્યવાણી છે. ''લાખો સ્ત્રીઓને ઘરબાર છોડીને રોટી કમાવા નિકળવું પડતું હોય તો તે અયુગતુ છે... જયાં સ્ત્રીઓને તારમાસ્તરનું કે

ટાઇપીસ્ટનું કે બીબા ગોઠવવાનું કામ કરવું પડે ત્યાં સુવ્યવસ્થાનો ભંગ થયેલો હોવો જોઇએ. તે પ્રજાએ પોતાની શક્તિનું દેવાળું કાઢયું છે. તે પ્રજા પોતાની થાપણ ઉપર રહેવા લાગી છે એવી મારી માન્યતા છે.'' આ રીતે અમેરિકન પ્રજા પોતાની નીતિ સદાચાર રૂપી થાપણ ઉપર જીવે છે, થાપણ ખલાસ થઇ જતાં તે નાશ પામશે. સ્ત્રી પુરૂષ સમાનતાને નામે યુરોપ અમેરિકામાં સ્ત્રી પુરૂષ વચ્ચે તદ્દન અકુદરતી હરિફાઇ ચાલે છે અને તેમાં સ્ત્રીઓને પણ કારખાનામાં કામે જવું પડે છે તેને ગાંધીજીએ ''દુષ્ટ પ્રવૃતિ'' ગણાવીને વખોડી કાઢી છે. અત્યારે યુરોપ અમેરિકામાં કુટુંબ જીવન અસ્ત વ્યસ્ત થઇ ગયું છે. પતિ પત્નિ વચ્ચે ઝગડા, હુંસાતુંસી, ૫૦ ટકા છુટા છેડાનું પ્રમાણ, તેને કારણે બાળકોનાં ઉછેરમાં પડતો વિક્ષેપ, સ્ત્રીઓને કમાવાની ઉપાધિ, સ્ટેટસ, ટેન્શન, જાહેરજીવન વગેરે અકુદરતી અને સ્ત્રી સ્વભાવને પ્રતિકુળ પરિસ્થિતિ વગેરે કારણોથી અમેરિકન સમાજ ચોક્કસ પણે વિનાશને રસ્તે ઝડપથી ઘસી રહ્યો છે. સ્ત્રી પુરૂષ એક બીજાના પુરક છે, એકબીજાના હરિફ નથી, સ્ત્રી પુરૂષ બન્નેના કાર્યક્ષેત્રો જુદા જ છે. સ્ત્રીનું કામ ઘર, બાળકો સંભાળવાનું છે, પુરૂષનું કામ બહાર જઇ કમાઇ લાવવાનું છે. આ કુદરતી રચનાનો સંપૂર્ણ કચ્ચરઘાણ અમેરિકાએ અને યુરોપે વાળી નાખ્યો છે, અને સ્ત્રી અને પુરૂષ સત્તત એક બીજાની સામે મોરચા માંડે એવી અકુદરતી વ્યવસ્થા ઉભી કરી છે. આ અકુદરતી વ્યવસ્થા તેમના નાશનું ખાસ કારણ બનશે એમાં શંકા નથી.

(૪) ચોથું કારણ સંયમહીન વિલાસી જીવન છે. ત્યાં ચારિત્ર્ય જ નથી. ગાંધીજીના કહેવા મુજબ અમેરિકા-યુરોપમાં જે કાંઇ છે તે બધુ એકડા વગરના મીંડા છે. એકડો એ ચારિત્ર્ય છે. એકડા વગર ગમે એટલા મીંડા હોય તે શૂન્ય જ છે. ત્યાં ૧૮ વરસની ઉમરના કે કદાચ તેથી પણ નાના છોકરા છોકરીઓ મર્યાદા વગર નફ્ફટ ભોગવિલાસ માણી શકે તેવી સ્વચ્છંદતાને જ સ્વતંત્રતા ગણવામાં આવે છે અને તે કાયદેસર છે. એટલે ત્યાં સંયમ, એક પત્નીત્વ, પતિવ્રતાપણુ, બ્રહ્મચર્ય વગેરે હાસ્યાસ્પદ ગણાય છે. શકય એટલો વધું ભોગવિલાસ એ જ તેમનું અંતિમ લક્ષ્ય છે. આવો સમાજ કદીપણ કાયમ માટે નભી ના શકે. એટલે નાશ નિશ્ચિત છે.

જે વાત અમેરિકાને લાગું પડે છે તે યુરોપને પણ લાગું પડે છે. એટલે અમેરિકા તુટશે તો યુરોપ પણ તુટશે જ.

નોંધઃ આ લેખ લખ્યો ત્યારે ''આર્થિક હત્યારાની કબૂલાતો'' પુસ્તક વાંચ્યુ ન હતું.

- વેલજીભાઇ દેસાઇ



# અમેરિકાની અગવડો

ભારતના શહેરોમાં રહેતા ઉચ્ચ મધ્યમવર્ગના કુટુંબો નીચેની સગવડો ભોગવે છે.

(૧) ઘરમાં કામવાળી રાખે છે, જે સંજવારી, પોતા, સાફસુફી, કપડા ધોવા, ઠામ વાસણ ઉટકવા વગેરે કાર્યો કરે છે. ઘરની સ્ત્રીઓને રસોઇ બનાવવાથી વિશેષ કામ હોતુ નથી. અમેરિકામાં આવી સગવડ નથી. સ્ત્રીનું અમુક કામ પુરૂષોએ જાતે કરવુ પડે છે.

(૨) અહીં દુધ ઘરે બેઠા આવી જાય છે. મહિના પછી તેનો હિસાબ પણ ઘરે આવીને દુધવાળો લઇ જાય છે. અમેરિકામાં આવી સગવડ નથી. ત્યાં દુધ લેવા માટે મોટા મોલમાં કે પેટ્રોલ પંપે પાંચ દસ કીલોમીટર દુર દરેકે જાતે જવું પડે. દરરોજ દુધ લેવા જવુ ના પોષાય એટલે અઠવાડિયા સુધી ફ્રીજમાં રાખેલું દુધ વાપરવુ પડે છે.

(૩) શાકભાજી દરરોજ રેંકડીમાં ઘરના આંગણા સુધી આવી જાય છે અને રેંકડીવાળો બુમ પાડીને શાકની રેંકડી આવ્યાની જાણ કરે છે. અમેરિકામાં આવી સગવડ નથી. ત્યાં તમારે મોલમાં દુર દુર કાર લઇને શાકભાજી સહિત રોજની ખરીદી કરવા જાતે જવુ પડે.

(૪) અહી ધોબી ઘરે આવીને ઇસ્ત્રીના કપડા લઇ જાય છે અને ઇસ્ત્રી કરીને ફરીથી ઘરે પહોંચતા કરે છે અને મહિને બીલ લઇ જાય છે. અમેરિકામાં આવી સગવડ નથી. લોન્ડ્રી માટે તમારે જાતે જ કપડા આપવા તથા લેવા જવુ પડે.

(૫) અહી બાળકોને સ્કુલે જવા માટે રીક્ષા કે કારની સગવડ છે, જેમાં રીક્ષાવાળો કે કારવાળો તમારે ઘરેથી તમારા બાળકને સ્કુલના સમયે લઇ જાય અને સ્કુલ પુરી થયે બાળકને પાછા ઘરે પહોંચાડી દે. અમેરિકામાં આવી સગવડ નથી. ત્યાં તમારે જાતે જ તમારા બાળકને ૧૦ કી.મી.થી ૫૦ કી.મી. દુર સુધી મુકવા જવુ પડે અને ફરીથી સ્કુલ પુરી થયે લેવા જવુ પડે. બાળકોને લેવા મુકવા માટે ભાડુતી કારની સગવડ નથી. પબ્લીક બસમાં જરૂર મોટા છોકરા જઇ શકે. પરંતુ નાના બાળકો માટે ભારે મુશ્કેલી છે.

(૬) અહીં તમારી કાર કે સ્કુટર તમારા ઘરે આવીને દરરોજ ધોઇને સાફસુફી કરી આપવાની જે સુંદર સગવડ મળે છે તે અમેરિકામાં નથી. ત્યાં દરેક માણસે પોતાની કાર જાતે જ ધોવી પડે, જાતે જ સાફ કરવી પડે. દરરોજ સાફ કરેલી ધોયેલી કારમાં બેસીને સીધા જ ચાલતા થવાનું સુખ ફકત ભારતમાં છે. અમેરિકામાં તેની કલ્પના પણ ના થઇ શકે.

(૭) અહીં ભારતમાં પોતાના કારખાના, ઓફિસ કે વેપાર ધંધાના માલિક તરીકે તમે ઘણી સ્વતંત્રતા ભોગવી શકો છો, તમારી નીચેના સ્ટાફ મારફત કામ લઇ શકો છો, ગમે ત્યારે મોડા આવવુ, વહેલા ઘરે નીકળી જવું, વચ્ચે કોઇના બેસણામાં જઇ આવવુ વગેરે તમામ સ્વતંત્રતાઓ ભોગવી શકાય છે. અમેરિકામાં નાની ફેકટરી કે દુકાનમાં માલિકો આવી સ્વતંત્રતા ભોગવી શકતા નથી. નીચેના માણસોના વિશ્વાસે કામ સોંપી શકતા નથી. સોંપે તો ચોરાઇ જવાનો કે નાણાની ઉચાપતની ઘણી શકયતા રહે છે. એટલે જાતે હાજર રહેવું જ પડે.

(૮) પરંતુ અહીં જે માણસ કારખાનાનો કે ધંધાનો માલિક છે, તે અમેરિકા જાય તો ત્યાં તે અમેરિકન મજુર છે. તેને મજુરી કામમાં પણ ભારતના મજુર જેટલી સ્વતંત્રતા નથી. અમેરિકાના મજુરો ચાલુ કામમાં બે ચાર મીનીટ પણ બેસી ના શકે. સતત ઉભા ઉભા જ સોંપેલુ કામ કરવુ પડે. કોઇની સાથે વાતો કરે તો તેનુ આવી બને. તેને કાઢી જ મુકે. અહીં તો ખેતરમાં કે કારખાનામાં મજુરી કામ કરતા માણસો ઘણા સ્વતંત્ર છે. તેઓ વાતો કરી શકે, સંગીત સાંભળી શકે, ખેતરમાં તો કપાસ વીણતા વાર્તાઓ પણ કરી શકે. કારખાનામાં કોઇ મળવા આવે તો કામ છોડીને થોડીવાર તેની સાથે વાતો કરી શકે. અચાનક કોઇ કામ આવ્યુ તો ચાલુ ફરજે બહાર જઇને તે કામ પતાવી આવે. આવી કોઇપણ સ્વતંત્રતા અમેરિકન મજુરોને નથી.

(૯) અત્રે એ યાદ રાખવુ ઘટે કે અહીથી અમેરિકા જતા મોટાભાગના માણસો મજુરી કરે છે. અમેરિકામાં ૯૦ ટકા માણસો ખરેખર જ મજુરો છે. આ મજુરો ભલે કોટપાટલુન પહેરીને કારમાં બેસીને મજુરીએ જાય છે, પરંતુ તેમની આર્થીક સ્થિતિ હંમેશા દયામણી જ હોય છે. પતિપત્નિ બન્ને મજુરી કરે તો જ પુરૂ થાય. એટલે પત્નિએ મજુરણ બનવુ જ પડે છે. નાના બાળકોને ઘોડીયાઘરમાં મુકીને સ્ત્રીએ મજુરીએ દુર દુર જવુ પડે અને આખો દિવસ કંટાળાજનક કામ કરવુ પડે એ જીવનમાં તલભાર પણ મઝા નથી.

(૧૦) આપણે ત્યાં પાડોશીઓ સાથે મીઠા સંબંધ હોય છે. મુંબઇ જેવા મોટા શહેરોને બાદ કરીએ તો આપણે પાડોશીઓ સાથે હળીમળીને રહીએ છીએ, ઘણી વખત પાડોશીઓ આપણા સુખદુઃખમાં ભાગીદાર બને છે. ખાસ કરીને સ્ત્રીઓ પાડોશી સ્ત્રીઓ સાથે ખુબ આત્મીયતા કેળવી લ્યે છે અને પાડોશીઓ સાથેના મીઠા કૌટુંબિક સંબંધો જીવનને મધુરતાથી ભરી દે છે. અમેરિકા અને યુરોપમાં પાડોશીઓ સાથે ખાસ કાંઇ લેવાદેવા હોતી નથી. એટલુ જ નહી વાયડા પાડોશીથી હેરાન ના થવુ પડે તેની કાળજી રાખવી પડે છે. બહુ જ નાની ક્ષુલ્લક બાબતામાં પણ ઝઘડો કરી બેસે એવુ માનસ ત્યાં સામાન્ય છે. બાળકો રમતા હોય ને ઘોંઘાટ થાય કે દડો



પાડોશીના કમ્પાઉન્ડમાં જતો રહે તો પણ વાંધો લ્યે એવુ વલણ જોવામાં આવે છે. વાતચીતમાં પાડોશી નમ્ર અને વિવેકી લાગે, પરંતુ મળતાવડાપણુ અને સુખદુઃખમાં સાથે રહેવાનું વલણ બહુ જ ઓછુ જોવા મળે. પાડોશીની કનડગતને કારણે મકાન વેંચી દેવુ પડે એવુ પણ ત્યાં બન્યા કરે. એટલે પાડોશીઓનું સુખ ભારત જેવું યુરોપ અમેરિકામાં નથી.

(૧૧) જે સ્થિતિ અમેરિકામાં છે, એ જ સ્થિતિ યુરોપમાં છે. બન્નેમાં જરાપણ ફેર નથી. એટલે અમેરિકા કે યુરોપમાં માણસો ખુબ સુખી છે એ માન્યતા ભ્રામક છે. યુરોપ અમેરિકામાં મોટા શહેરો, વિશાળ રસ્તા, હજારો કાર, મોટામોટા સ્ટોર તેમાં મળતી લોભામણી આકર્ષક ચીજવસ્તુઓ વગેરે સમૃધ્ધિ જોઇને લોકો માની લ્યે છે કે ત્યાં લોકો બહુ સુખી છે. પરંતુ ખરેખર ઉંડો અભ્યાસ કરવામાં આવે તો ત્યાંની ૯૦ ટકા પ્રજા હેરાન પરેશાન છે, સ્ત્રીઓને પણ દુર દુર કારખાનામાં મજુરી કરવા માટે નાના બાળકોને મુકીને જવુ પડે અને ૧૦-૧૧ કલાકે ઘરે પાછી આવે, અતિશય ટેન્શનમાં જીવે એ સામાન્ય છે. એટલે જે સુખ વૈભવની આપણે કલ્પના કરીએ છીએ તે ત્યાં બીલકુલ નથી. અહીંની મધ્યમવર્ગની સ્ત્રીઓને જે સુખ છે તે ત્યાં ૯૦ ટકા પ્રજાને બીલકુલ નથી.

– વેલજીભાઇ દેસાઇ

**મારી દ્રઢ માન્યતા છે કે જગતમાં જે ઉત્પાતો થઈ રહ્યો છે તેનું કારણ મોટા પ્રમાણમાં માલ બનાવવાની ઘેલછા જ છે.**

**ગાંધીજી**

# અમેરિકાએ ઉગરવાનો એકમાત્ર ગાંધીજીનો રસ્તો છે

વેલજીભાઈ દેસાઈનો અમેરિકન પ્રમુખ ઓબામાને પત્ર

આદરણીય પ્રેસીડેન્ટ મિ. ઓબામા,

મને જાણવા મળ્યું કે આપને ગાંધીજીમાં શ્રધ્ધા છે. ગાંધીજી જયાં ઉછર્યા, ભણ્યા, પરણ્યા અને તેનું કુટુંબ ૪૦ વરસ સુધી જયાં રહેતું હતું તે રાજકોટ શહેરમાંથી આપને આ પત્ર લખું છું. મને ગાંધીજીના ઉદ્યોગો અંગેના વિચારોમાં પૂરી શ્રધ્ધા છે. ગાંધીજીએ કીધું છે કે મનુષ્યની પ્રાથમિક જરૂરિયાતોના ઉત્પાદનના તમામ સાધનો આમ જનતાના હાથવગા હોવા જોઈએ. તો જ લોકો સુખી થઈ શકે.

ગાંધીજીના આ વિચારનો મેં સફળતાથી પ્રયોગ કર્યો છે. મેં ગ્રામ્ય કક્ષાની ટચુકડી તેલમીલ વિકસાવી છે, જે આજે ૭૫ દેશોમાં સફળતાથી ચાલે છે. થોડીક અમેરિકામાં પણ ચાલે છે. તો દરેક ઔદ્યોગિક ક્ષેત્રમાં સ્થાનિક સ્વદેશી ઉદ્યોગોને પ્રોત્સાહન આપો. જો આપને લાખો માણસોને માટે ધંધા રોજગાર ઉભા કરવા હોય તો દરેક ઘરની પાછળના વાડામાં ગુહઉદ્યોગો સ્થાપવાને માટે પ્રોત્સાહન આપો. આવા ૪ કરોડ ગૃહઉદ્યોગોને માટે અમેરિકામાં અવકાશ છે, જેમાં ૮ થી ૧૦ કરોડ માણસો પોતાને ઘરે જ પોતાના સ્વતંત્ર ઉદ્યોગના માલિક તરીકે કામ કરશે. મોટી બહુરાષ્ટ્રીય કંપનીઓ ભલે તેના કુદરતી મોતે મરી જાય. સ્ટોક અને શેર માર્કેટ ભલે ભાંગી જાય. શેરબજારનો ઉંચો આંક આર્થિક સ્વાસ્થ્યની નિશાની નથી. એ તો ફકત મોટી કંપનીઓ ફૂલેફાલે છે એટલું જ બતાવે છે. પરંતુ જયાં મોટી કંપનીઓ ફુલેફાલે ત્યાં સામાન્ય માણસો ચૂસાય છે. પરિણામે ૯૦ ટકા અમેરિકનો ઉંચા વ્યાજ ભરનારા દેવાદારો અને મોટી કંપનીઓના આર્થિક ગુલામો થઈ ગયા છે. વાસ્તવમાં અમેરિકન લોકો પોતાના ઘરમાં જ સ્વતંત્ર ધંધા ચલાવનારા પ્રભાવશાળી માણસો હોવા જોઈએ.

હું આપને એક દાખલો આપું છું. ૧૦ લાખની વસ્તીના રાજકોટ શહેરમાં લોટ દળવાની લગભગ ૧૦૦૦ જેટલી ઘંટીઓ છે, જયારે મેં સાંભળ્યું છે કે આખા અમેરિકામાં લોટ દળવાનું કામ ફકત બે રાક્ષસી કંપનીઓ જ કરે છે. આ તો અતિ ભયાનક કહેવાય. આ પ્રવૃતિને વિકેન્દ્રીત કરી નાખો. હજારો ઘંટીઓ ઠેકઠેકાણે કરવા દો. બે મોટી કંપનીઓ ભલે મરી જાય. આવું જ દરેક ઔદ્યોગિક ક્ષેત્રમાં કરો. નાની ડેરીઓ, ખાદ્યા ખોરાકીની ચીજોના નાના ઉદ્યોગો, દુધ, દહીં વગેરે સ્થાનિક કક્ષાએ પાસ્ચ્યુરાઈઝેશન કરવા દો, જેથી સ્થાનિક ઉત્પાદન અને સ્થાનિક વપરાશ થાય. આવી રીતે અમેરિકા એક મજબૂત દેશ બની શકશે. ગાંધીજી આવું જ ઈચ્છતા હતા.

અમેરિકાને વિકેન્દ્રીત ઉદ્યોગીકરણને સાચે રસ્તે વાળવામાં આપ સફળ થાઓ એવી મારી શુભેચ્છા છે. ફકત આ રસ્તે જ અમેરિકા, માનસિક અને શારીરિક રીતે સુખી અને સ્વસ્થ દેશ બની શકશે.

માયાળુ આદર સાથે...

*– વેલજીભાઈ દેસાઈ*



# મેં જોયુ વિકૃતિથી પીડાતુ યરોપ

હમણાં હું ૧૫ દિવસ ફીનલેન્ડ, સ્વીડન, ડેનમાર્ક જઈ આવ્યો. યુરોપ એટલે ભૌતિક સમૃધ્ધિથી છલકાતો ખંડ. વિશાળ રસ્તા, ભવ્ય વાહનો, આલીશાન ઈમારતો, ભવ્ય હોટલો, ઉડીને આંખે વળગે એવી સ્વચ્છતા વગેરેથી કોઈપણ માણસ અંજાયા વગર ના રહે. પરંતુ યુરોપની સાચી પરિસ્થિતિ સમજવા માટે ત્યાનું કૌટુંબિક સામાજીક જીવન સમજવું જોઈએ. મને જે થોડાક અનુભવો થયા તે અહીં આપું છું :–

(૧) મારો આખો કાર્યક્રમ, મોટા માણસો સાથેની મુલાકાનો વગેરે ગોઠવનાર એક ૩૦ વરસનો યુવાન હતો. તેનું નામ ટોની હતું. તે અસાધારણ બુધ્ધિપ્રતિભા ધરાવતો હતો. છતાં તે બેકાર હતો. સરકાર જે કાંઈ બેકારી ભથ્થું આપે તેના ઉપર તે ગરીબીમાં જીવતો હતો. તે અપરિણિત હતો. પરણવું તેને પોષાય એમ ન હતું.

(૨) જે સંસ્થાએ મને આમંત્રણ આપેલું તેના સેક્રેટરી સાથે એક રેસ્ટોરન્ટમાં જમવાનું અને ચર્ચા કરવાનું ગોઠવેલું. તે ૪૬ વરસનો એન્જીનિયર હતો. મેં તેને સંતાનો વિષે પૂછયું તો કીધું કે પોતે એકલો જ છે. પત્ની નથી. (કદાચ છૂટાછેડા થયા હશે).

(૩) બે દિવસ પછી એક સંશોધન વૃત્તિના યુવાન એન્જીનિયરને ઘરે જવાનું થયું હતું. તે ૩૨ વરસનો હતો. પરંતુ પરણેલો ન હતો. ખૂબ બુધ્ધિશાળી હતો. આખુ ઘર પુસ્તકોથી જ ભરેલું હતું. પરંતુ નોકરી મળતી ન હતી. તેથી સરકારના બેકારી ભથ્થા ઉપર તે જીવતો હતો. તે પોતાની માતા સાથે રહેતો હતો. તેને પણ પરણવું પોષાતું ન હતું.

(૪) તેના ઘરે એક ૨૦ વરસની છોકરી રસોડાના એક ખૂણામાં બેઠી હતી. તે કોણ છે એમ મેં પૂછયું ત્યારે તે ઉભી થઈ અને મારી સાથે ઓળખાણ કરાવી. તેના વિષે જાણવા મળ્યું કે તે સ્વીડનથી આવેલી છે. નાનપણથી જ તેના માબાપે તેને તજી દીધી છે. તેથી તે જયાં ત્યાં રખડીને મોટી થઈ છે અને વાંચતા લખતા આવડે એટલું માંડ ભણી શકી છે. તેના મગજમાં માબાપ પ્રત્યે ખૂબ તીરસ્કાર છે.

(૫) ઉપરોકત બધા પ્રસંગો ફીનલેન્ડના છે. સ્વીડનના પાટનગર સ્ટોકહોમમાં મારા એક મિત્રને મળવાનું ગોઠવેલું. તે ભાઈ ૫૪ વરસના  તા. બે ત્રણ કલાક

સાથે રહયા પછી અમને તે સ્ટીમર પર મૂકવા આવતા હતા ત્યારે મેં તેને સંતાનો વિષે પૂછયું. તેણે કીધું કે અમે બે જ છીએ. સંતાનો નથી. હું તરત જ સમજી ગયો કે તેની પત્ની બીજી કે ત્રીજી વારની હશે.

(૬) ફીનલેન્ડમાં લગભગ પંદરેક ટકા પુરુષો સ્ત્રીઓના જેવા લાંબા વાળ રાખે, ચોટલા રાખે કે કોઈક અંબોડા પણ બાંધે ત્યાંની લગભગ ૩૫–૪૦ ટકા સ્ત્રીઓ પુરુષના જેવા સાવ ટૂંકાવાળ રાખે, જેને ઓળવા જ ના પડે. સ્વીડનમાં લાંબા વાળવાળા પુરુષો કયાંય જોવા ના મળ્યાં.

(૭) સ્વીડનમાં સ્ટોક હોમ જતાં પાંચ કલાક ટ્રેઈનમાં મુસાફરી કરી. મારી આજુબાજુમાં દસ પેસેન્જરોમાંથી ૪ પાસે કૂતરા હતા. મારી બાજુની સીટમાં એક છોકરી આવી. તેની પાસે સાવ નાનું ગલુડિયું હતું. તે સંડાસ પેશાબ કરે તેને વ્યવસ્થિત સાફ કરીને ગલુડિયાને ખવરાવતી પણ હતી. એ રીતે બિચારી પોતાની માતૃભાવના સંતોષતી હતી. પરણેલી તો દેખાતી ન હતી. પોષાતું નહીં હોય એક ભાઈનો કૂતરો વારંવાર બધાને ભસતો હતો. કૂતરા, બીલાડા પાળવાનું ત્યાં ખૂબ જ છે.

(૮) ડેનમાર્કના પાટનગર કોપનહેગનના રેલવે સ્ટેશન ઉપર ટ્રેનની રાહ જોતા સાંજના ૮ વાગે ૨૦ મીનીટ સુધી ઉભવાનું થયેલું. ત્યાં જે બીભત્સ દૃશ્યો જોવા પડયા તેનું વર્ણન શકય નથી. હું જયાં ઉભો હતો ત્યાંથી ચારેય બાજુએ ૧૦–૨૦ ફૂટના અંતરમાં ચાર કજોડા (કજોડા એટલા માટે કે તે પતિ પત્ની ન હતા, પણ નોકરીમાંથી ઘરે પાછા જતા અમુક પુરુષ અમુક સ્ત્રી સાથે ગોઠવાઈ ગયા હતા) અતિશય બીભત્સ ચેનચાળા બીલ્કુલ બેશરમપણે એટલી હદે કરતા હતા કે આપણે સામે જોઈ ના શકીએ. પરંતુ નજર ફેરવીએ તો ચારે ય બાજુ ૧૦–૧૫ ફૂટના અંતરે પણ એવા જ દૃશ્યો હતા.

ઉપરના બધા પ્રસંગો મારું કામ કરતા અનાયાસે જોવા મળ્યા છે. હું યુરોપના સામાજિક જીવન તપાસવા ગયો ન હતો. અનાયાસે જે જોવા મળ્યું તે અહીં આપ્યું છે. પરંતુ આટલા ઉપરથી યુરોપનું જીવન કેટલું બધું વિકૃત છે તે જોઈ શકાય છે. યુરોપમાં એવી વિકૃત માન્યતા ઘર કરી ગઈ છે કે ઘરે બાળક હોય તો બહુ મોંઘુ પડે. આર્થિક રીતે ના પોસાય. તેથી સ્થિર કુટુંબ જીવન ધનવાનોને પોષાય. તેથી સામાન્ય માણસોએ લગ્ન કર્યા વગર જેની તેની સાથે કામવાસના સંતોષવી અને જીંદગી કાઢવી.



આ વિકૃતિનું કારણ સમજવા જેવું છે. યુરોપમાં સ્ત્રીના કુદરતી ગુણો ધરાવતી સાચી સ્ત્રીઓનું પ્રમાણ સાવ જ ઘટી ગયું છે. મોટા ભાગની સ્ત્રીઓ પોતાનું સ્ત્રીત્વ ભૂલીને કૃત્રિમ પુરુષ બનવા માંગે છે. અને પુરુષોની હરીફાઈ કરવા મથે છે. તેથી પુરુષના જેવા પહેરવેશ અપનાવ્યા, પુરુષના જેવું ભણી, પુરુષોની બધી કુટેવો અપનાવી, ઘરમાં રહેવાને બદલે નોકરીઓ અપનાવી, પુરુષોના બધા કામમાં સ્ત્રીઓએ હરીફાઈ માંડી. તેથી સ્ત્રીઓ દુઃખી દુઃખી થઈ ગઈ. સ્ત્રી સંપૂર્ણપણે પુરુષ બની ના શકે. અને પુરુષની હરિફાઈ કરવા માટે સ્ત્રીત્વ છોડવું પડે, માતૃત્વ છોડવું પડે. તેથી ઘર, રસોઈ, બાળકોનો ઉછેર એ બધુ તજવું પડે. આમ પુરુષોની હરિફાઈ કરવા જતાં સ્ત્રી ના રહી ઘરની કે ના રહી ઘાટની. પણ કુદરતે તો સ્ત્રીને સ્ત્રી બનવા માટે જ માતૃસ્વભાવ અને સમર્પણભાવ આપ્યા છે. પુરુષોએ તેનો પૂરો દુરુપયોગ કર્યો. સાથે રહે, પણ કાયદેસર પત્ની નહીં. બાળકો થાય તો સ્ત્રીનું સ્ત્રીત્વ બાળક પ્રત્યે વાત્સલ્યથી ખેંચાય. તેથી તે મુકત પુરુષની જેમ બહાર રખડીને નોકરીઓ સતત ના જાળવી શકે. હવે સ્ત્રી પુરુષની હરિફાઈ કરે છે એટલે બન્નેની કમાણી જુદી. પુરુષ પોતાની આવકમાંથી ઘરમાં અર્ધું ખર્ચ જ આપે. સ્ત્રીને બાળક હોવા છતાં અર્ધુ ખર્ચ કમાવાની જવાબદારી છે. તેથી તે હેરાન પરેશાન છે. આનો લાભ પુરુષો પૂરેપૂરો ઉઠાવે. એટલે યુરોપમાં સ્ત્રીઓને જે દુઃખ છે, મન ઉપર ટેન્શન છે, પોતે કમાણી કરવાની જે ચિન્તા છે, તેના પ્રમાણમાં ભારતની સ્ત્રીઓ ઘરમાં જ રહીને, પતિની કમાણી પોતાની જ સમજીને જે આનંદથી રહે છે તેમાં સ્વર્ગનું સુખ છે. આ વાત યુરોપની સ્ત્રીઓ નથી સમજતી. તેથી દુઃખી થાય છે. ગાંધીજીએ ચોખ્ખું કીધું છે કે જે સમાજમાં સ્ત્રીઓએ કમાણી કરવા નોકરીએ જવું પડે તે સમાજ અચૂકપણે તૂટી જશે.

જે વાત યુરોપને લાગુ પડે છે તે તમામ વાત અમેરિકાને વિશેષ પ્રમાણમાં લાગુ પડે છે. કારણ કે યુરોપ અને અમેરિકાની પરિસ્થિતિ એક સરખી જ છે. એટલે અમેરિકામાં પણ સ્ત્રીઓના વધુ ભૂંડા હાલ છે. આપણા દુર્ભાગ્યની વાત એ છે કે આપણે આપણી સંસ્કૃતિ છોડીને યુરોપ અમેરિકાની નકલ કરવા મંડયા છીએ અને અમેરિકા જવા માટે, દીકરીને અમેરિકા પરણાવવા માટે તલપાપડ છીએ. ત્યાં સાચું સુખ નથી તે સમજવું જોઈએ અને તેમાંથી આપણે બચવું જોઈએ.

– વેલજીભાઈ દેસાઈ

# યુરોપનું આંતરિક દર્શન

હું ચાર પાંચ વખત યુરોપ ગયો છું અને ૮–૧૦ દેશોમાં થોડુક ફર્યો છું. તેમાં ખાસ વિશેષતા એ રહી છે કે હું હોટલોમાં ઉતરવાને બદલે યુરોપિયન મિત્રોને ઘરે જ ઉતરેલો. એટલે તેમના કુટુંબના સભ્યની જેમ રહેવાનું મળ્યું. તેથી યુરોપિયન કુટુંબોના રીતરીવાજો એકબીજાના સંબંધો, તેમની ખામીઓ વગેરે હું બહુ સારી રીતે સમજી શકયો. એટલે અહીં જે કાંઈ લખ્યું છે તે મારો સ્વાનુભવ છે. કોઈ પણ કાલ્પનિક વાત નથી.

વળી હું જે કોઈ કુટુંબોના સંપર્કમાં આવ્યો તે ઘણા બધા માનવતાવાદી હતા. તે સૌમાં ગરીબો પ્રત્યે કરુણાભાવ હતો. તે બધા કંઈક સારી માનવતાવાદી પ્રવૃત્તિ સાથે જોડાયેલા હતા. દુનિયામાં મોટા પાયે આર્થિક શોષણ ચાલે છે તે નાબૂદ થવું જોઈએ એવા મતના હતા. તેથી જ અમારો સંપર્ક થયો અને હું તેમના ઘરમાં કેટલાક દિવસ સુધી રહી શકયો. એટલે મારી સાથે સંપર્કમાં આવનારા મિત્રો યુરોપની સામાન્ય પ્રજાથી થોડા ઉંચી કોટિના જરૂર ગણી શકાય એવા હતા. એમની સાથેના સંપર્કથી મને શું અનુભવો થયા તે હવે જોઈએ.

ડેનમાર્ક – પવન ચકકીના અભ્યાસ અર્થે એક બહુ સારા માનવતાવાદી મિત્રે મને યુરોપ આવવાનું આમંત્રણ આપેલું. તેનું નામ જોન ફુર્ઝ. તેની સાથે હું ૨૩ દિવસ હોલેન્ડ, ડેનમાર્ક અને ફીનલેન્ડમાં ફર્યો. તેમાંથી ૯ દિવસ હું તેના ઘરે જ તેની સાથે રહયો હતો. જોન ફુર્ઝની આર્થિક સ્થિતિ ઘણી સારી હતી. તેણે પોતે કયુબા, વીએટનામ વગેરે દેશોમાં રાજકીય સલાહકાર તરીકે કામ કરેલું. તેથી તેણે કોઈ નોકરી કરીને કમાવાની જરૂર ન હતી. તેની ઉંમર ૬૩ વરસની હતી. તેની પત્નીની ઉંમર ૬૧ વરસની હતી. તેનું નામ માર્ગીટ હતું. માર્ગીટ નોકરી કરતી હતી. પોતાના ગામથી ૯૦ કી.મી. દૂર મોટા શહેરની હોસ્પીટલમાં એમ્બ્યુલન્સના ડ્રાઈવર તરીકે માર્ગીટ રાતપાળીમાં સાંજના ૭ થી સવારના ૭ સુધીની નોકરી કરતી હતી. સાંજે ૫–૩૦ વાગે ઘરેથી નીકળે અને સવારના ૮–૩૦ વાગે પાછી ઘરે પહોંચે. પોતાના પતિ પૈસાદાર હોવા છતાં માર્ગીટને નોકરી કરવી પડતી હતી. કારણ કે ઘર ખર્ચમાં તેણે ભાગ આપવો પડતો હતો. ત્યાં પતિના પૈસા, મકાન એ બધું પતિનું જ ગણાય. પતિનું હોય એ પત્નીનું પણ ગણાય એવું ત્યાં નથી. બન્નેના બેન્ક ખાતા અલગ, આવક, સંપત્તિ બધુ અલગ. થોડા દિવસ પછી મને ખબર પડી કે તેઓ કાયદેસરના પતિ પત્ની જ નથી. ફકત મિત્ર છે. ત્યાં કમ્પેનીયન કહેવાય છે. માર્ગીટ જોન ફુર્ઝ સાથે ૨૭ વરસથી રહેતી હતી. છતાં પણ તે કાયદેસરની પત્ની ન હતી. જોન ફુર્ઝ તેને



કાઢી મૂકે તો તરત જ ઘર છોડીને નીકળી જવું પડે. પુરુષ પાસે ઘર, પૈસા હોય છતાં સ્ત્રી બીનસલામતિ અનુભવે. કદાચ કાઢી મૂકે તો શું થાય એ બીકે કમાઈને પોતાનું બેંક બેલેન્સ રાખવું દરેક સ્ત્રી હિતાવહ સમજે. ઘર ખર્ચમાં પણ ભાગ આપવો જ પડે. એટલે બિચારી માર્ગીટ ૬૧ વરસની ઉંમરે ડ્રાઈવર તરીકે રાત આખી નોકરી કરતી હતી. આ સુખી દેશના સુખી કુટુંબની વાત થઈ.

એક દિવસ જોનના એક મિત્રને ઘરે સાંજે જમવા જવાનું થયું. ત્યાં ઘર વિષે ચર્ચા થઈ. તેણે ઘર વેંચવાનું હતું. કારણ કે તેના પાડોશીનો ત્રાસ અસહય હતો. ઘર વેંચી દેવાનું કોઈ બીજુ કારણ ન હતું. તે ભાઈ બીજા ગામમાં કોઈ સારું મકાન શોધતા હતા. મકાન તો મળ્યું. જોયું. ગમ્યું. પરંતુ તપાસ કરતા ખબર પડી કે ત્યાં પણ પોડોશીનો ત્રાસ છે. એટલે લેવા જેવું નથી. જોન ફુર્ઝને પોતાને પણ પાડોશીનો બહુ જ ત્રાસ હતો. એટલે સુધી કે એક વાર પાડોશીએ તેના કૂતરાને ઉશ્કેર્યો અને કૂતરાએ જોન ફુર્ઝને બટકું ભરી લીધું. પરિણામે તેણે ઘણા ઈન્જેકશનો લેવા પડયા. જોનનું ઘર દરિયાકાંઠે હતું અને દિવાનખાનાના બારણામાંથી બહાર નીકળીએ એટલે તરત દરિયાકાંઠાની રેતીમાં ફરવાની કે બેસવાની બહુ મઝા આવે. પરંતુ તેનો પાડોશી કહે કે આ દરિયાકાંઠો મારો છે, તેના ઉપર ચાલવાનો કે ત્યાં બેસવાનો કોઈને અધિકાર નથી! જોન તેની દાદાગીરીથી ત્રાસી ગયો હતો અને મકાન વેંચીને બીજે કયાંક ખરીદવાનું વિચારતો હતો. પાડોશીઓ સાથે આત્મીયતા હોય એવું ત્યાં જોવા ના મળ્યું.

જે મિત્રને ઘરે જમવા ગયા હતા ત્યાં જોન તેના મિત્રની પત્ની સાથે ડેનીશ ભાષામાં કલાકો સુધી વાતો કરતો રહયો. ઠઠ્ઠા મશ્કરી ઠીક ઠીક ચાલતી હતી. રાત્રે ૧૨ વાગી ગયા. હું કંટાળ્યો. પછી મેં કીધું કે હવે આપણે જવું જોઈએ. એટલે અમે નીકળ્યા. પરંતુ જોને મને રસ્તામાં કારમાં કીધું કે તમે અમારું કામ બગાડી માર્યું. તેણે સ્વીકાર્યું કે તેને શરાબ અને સુંદરીમાં બહુ જ રસ છે. જીંદગી એના માટે તો છે. મને આઘાત લાગ્યો. પરંતુ તેને માટે તે સ્વાભાવિક હતું. મને અન્ય સ્ત્રીઓમાં રસ નથી એને માટે એને મારી દયા આવી! આ માણસ એટલો બધો માનવતાવાદી હતો કે તેણે મારા માટે ખુવાર મરવામાં કાંઈ બાકી રાખ્યું ન હતું. ૬૦૦૦ કી.મી. સુધી જાતે રાત દિવસ ડ્રાઈવીંગ કરીને મને હોલેન્ડ, ડેનમાર્ક, ફીનલેન્ડમાં ઠેકઠેકાણે ફેરવ્યો. જરા પણ સ્વાર્થ વગર. ભારતના લોકોને પવન ચકકીઓનો લાભ મળે અને લોકો સુખી થાય એ એક માત્ર ઉદેશ તેનો હતો. પરંતુ ચારિત્ર્યને નામે મીંડુ. જયાં જયાં અમે ગયા ત્યાં મિત્રોને ઘરે જમવાનું કે રહેવાનું હોય જ. લગભગ દરેક જગ્યાએ જોન પારકા ઘરની સ્ત્રી સાથે વાતોએ વળગે અને તેમાં રચ્યો પચ્યો

એટલી હદ સુધી રહે કે રાત્રે ૧૨ વાગી જાય ત્યાં સુધી દારૂ પીધા કરે અને સ્ત્રી સાથે વાતો કર્યા કરે. આમ કરવામાં કોઈને કાંઈ ખરાબ ના લાગે. હું સ્પષ્ટ જોઈ શકું કે એના મનમાં જરા પણ પવિત્રતા નથી. છતાં પણ ત્યાં કાંઈ ખરાબ ના ગણાય. પુરુષ પારકી સ્ત્રીમાં ખૂબ રસ લીધા જ કરે છતાં કેમ વિરોધ નથી કરતી તે મને સમજાયું જ નહીં.

ડેન્માર્કમાં અમે એક પ્રતિષ્ઠિત કંપનીના માલિકને મળવા ગયા હતા. તેની કંપની આંતરરાષ્ટ્રિય ખ્યાતિ ધરાવનારી કંપની હતી. છતાં અમે ગયા તો ત્યાં કોઈ જ નોકર કે સેક્રેટરી પણ ન હતી. કંપનીના માલિકે જાતે જ નાસ્તાની ડીશો તૈયાર કરીને અમને પીરસી. ત્યાં કોઈ નોકર કે સેક્રેટરી પણ ન હતી તેની મને ભારે નવાઈ લાગી. યુરોપની આ સરળતા આપણા દેશમાં કયાંય જોવા ના મળે.

હોલેન્ડ – હું હોલેન્ડ ત્રણ વખત ગયો છું અને જુદા જુદા ૪ કુટુંબોમાં ૪ દિવસથી ૧૫ દિવસ સુધી રહેલો છું. યુરોપમાં રસોઈ કરવાની જવાબદારી સ્ત્રીની છે, પરંતુ વાસણો સાફ કરીને યોગ્ય જગ્યાએ ગોઠવી દેવાની જવાબદારી પુરુષની છે. તેથી મારે પણ પુરુષની સાથે એઠા વાસણ સાફ કરવા માટે ટેવાવું પડયું હતું. પરંતુ સૌથી પહેલાં હું મિસ્ટર લાંગેલારના કુટુંબ સાથે ૧૫ દિવસ રહયો. મિસ્ટર લાંગેલારનું કુટુંબ એટલું સાત્વિક હતું કે તે ભાઈની પત્ની મિસીસ ઈનેકે ભારતીય સ્ત્રી જેવા સ્વભાવની હતી. તે કુટુંબમાં જમીને ખસી જવાનું અને વાસણો વગેરે તેની પત્ની સાફ કરી નાખે. લાંગેલારે અને તેથી મારે પણ વાસણો સાફ ના કરવા પડતા. આ કુટુંબમાં હું ૧૫ દિવસ રોકાયો હતો અને ખૂબ જ હળીમળી ગયો હતો. લાંગેલારને ત્રણ દીકરીઓ હતી. મારો રૂમ ઉપર હતો. સવારે ૮ વાગે હું નીચે ઉતરું ત્યારે દરરોજ ત્રણેય દીકરીઓ સોફા ઉપર બેસીને કંઈક વાંચતી હોય. એક દિવસ મોટી દીકરીને મેં ના જોઈ. મેં પૂછયું કે "મોટી દીકરી કેમ નથી દેખાતી?" તેના બાપે જવાબ આપ્યો કે "તે નોકરી કરવા ગઈ છે. તે હવે ૧૮ વરસની થઈ ગઈ છે. તેથી તેણે લગ્ન કરવાના હોવાથી લગ્ન ખર્ચ માટે પૈસા ભેગા કરવા પડે ને? તેથી શનિ–રવિ નોકરી કરવા જાય છે." બારણું ખોલીએ તો મરી જઈએ તેટલી સખત ઠંડીમાં સાયકલ લઈને ૮ કી.મી. દૂર નોકરી કરવા ગઈ હતી. મેં પૂછયું કે "તમે એના લગ્ન ના કરી આપો?" પરંતુ તે ભાઈ મારી સામે તાડુકયા. "હું એના લગ્ન શાને કરી આપું? મારા ઘડપણમાં એ મને ખર્ચ આપવાની છે?" તે ભાઈ એટલા જોરથી બોલ્યા કે હું ગભરાઈ ગયો. મેં મારી જાતને સંભાળી લીધી અને સમજયો કે આ તો યુરોપમાં હું બેઠો છું. મારો પ્રશ્ન જ એ ભાઈને બહુ ખરાબ લાગ્યો. પછી મેં સમજાવ્યું કે અમે તો દીકરીના લગ્ન ધામધૂમથી કરી આપીએ. એટલું જ નહીં,



કેટલાક લોકો તો મીલ્કત વેંચીને પણ પોતાની દીકરીના લગ્ન ધામધૂમથી કરે. મેં આ બધુ લંબાણથી સમજાવ્યું. તેથી એ ભાઈને ભારે આશ્ચર્ય થયું. થોડા દિવસ પછી એ જ કુટુંબમાં હું સવારે નીચે ઉતર્યો તો એક અજાણ્યા યુવાનને બેઠેલો જોયો. સવારના પહોરમાં આ અજાણ્યો યુવાન અહીં કેમ આવ્યો હશે એવા વિચારથી હું મૂંઝાતો હતો. પરંતુ મિ. લાંગેલાર મારા મોઢાના ભાવ સમજી ગયા અને સામેથી જ ચોખવટ કરી કે આ છોકરો મારી દીકરીનો બોયફ્રેંડ છે. મારી દીકરી ૧૮ વરસની થઈ ગઈ. એટલે એ સ્વતંત્ર જીવન જીવી શકે. એટલે પોતાના રૂમમાં ગમે તે બોયફ્રેડને રાત્રે લાવી શકે. મારાથી કાંઈ બોલાય નહીં. મને બીલકુલ પસંદ ના હોય તો પણ મારાથી કાંઈ પણ બોલી ના શકાય, ના તો ના જ પાડી શકાય એવા અહીંના કાયદા છે. આ સાંભળીને હું ભારે આઘાત પામ્યો. યુરોપની પ્રજામાં ચારિત્ર્ય જેવી કોઈ ચીજ જ ના બચી! મને તરત જ ગાંધીજીનું વાકય યાદ આવ્યું. "યુરોપ ગમે એટલી પ્રગતિ કરે, એ બધા એકડા વગરના મીંડા છે. એકડો ચારિત્ર્ય છે." ઉંમરલાયક દીકરી દરરોજ નવા નવા છોકરાને ઘરે લાવે, રાત્રે પોતાના રૂમમાં જ રાખે તો પણ માબાપથી એક શબ્દ ના બોલી શકાય. આ બાબત આપણી સંસ્કૃતિથી તદન ઉલ્ટી બાબત છે, જે કદી પણ ભારતમાં સ્વીકાર્ય બને એમ નથી. યુરોપને રવાડે ચડવામાં કેટલું જોખમ છે તે મને સ્પષ્ટ દેખાયું. આપણા સર્વસ્વને ભોગે જ આપણે યુરોપને રવાડે ચડી શકીએ.

૧૫ દિવસ પછી હું બીજા કુટુંબ સાથે રહેવા ગયો. તે ભાઈનું નામ જીરાર્ડ રીબેલ્સ હતું અને બાઈનું નામ એરના હતું. જયારે હું તેને ઘરે પહોંચ્યો ત્યારે આખું કુટુંબ તેના દીકરા દીકરી સહિત ખૂબ શોકમગ્ન હતું. તેમણે મને આવકાર્યો અને તરત જ ચોખવટ કરી કે અમે બધા બે દિવસથી ખૂબ જ ચિંતામાં છીએ, જમવાનું પણ ભાવતું નથી. કારણ કે બે દિવસથી અમારી બીલાડી કયાંક ખોવાઈ ગઈ છે. તેનું શું થયું હશે તેની ચિંતામાં છીએ. પરંતુ બન્યું એવું કે હું ગયો પછી અર્ધી કલાકમાં જ બીલાડી આવી ગઈ. તરત જ આખુ કુટુંબ ખુશખુશાલ થઈ ગયું અને બીલાડીને ચોંટી પડયા. મને આ બધુ સાવ અજુગતુ લાગ્યું, વિચિત્ર લાગ્યું અને અહીં હું કેમ રહી શકીશ એમ વિચારવા મંડયો. પરંતુ બીલાડી પાછી આવી ગઈ તેનો યશ આખા કુટુંબે મને આપ્યો. એરના બહું જ ભલી હતી. ખાવાપીવામાં મારી ખૂબ જ કાળજી રાખે. અનેક પ્રશ્નો પૂછીને મને શું ભાવે તે શોધી કાઢે અને તરત જ એવી રસોઈ કરે. ત્યાં બધા માંસાહારી હોય છે. હું શુધ્ધ શાકાહારી. તેથી મને જરાપણ તકલીફ ના પડે તેની પૂરતી કાળજી રાખે. તેની વાત હું ના સમજુ, કે તેને વસ્તુના અંગ્રજી શબ્દો ના આવડે તો તરત જ રસોઈના રંગીન પુસ્તકો કાઢીને

ફોટા બતાવે. પછી હું સમજું કે લીલા વટાણાની વાત કરે છે કે ચોળાની. એરનાને ખબર પડી કે મને કેરી બહુ ભાવે છે એટલે તરત જ દરરોજ તે બાઈ બજારમાંથી આફ્રિકન કેરી ખરીદી લાવે. મેં જોયું કે બધે જ માતૃસ્વભાવ સરખો જ છે. મારી બીક તરત જ નીકળી ગઈ અને હું તેમના કુટુંબમાં પણ ખૂબજ હળીમળી ગયો.

તે ઘરમાં એક દિવસ સવારમાં જ મારા રૂમની બહાર બઘડાટી બોલી ગઈ. મેં તરત જ બારણું બોલ્યું, તો બાપ દીકરો ઝગડતા હતા અને મા છૂટા પાડતી હતી. મને જોઈને ત્રણેય શરમાઈ ગયા અને શાંત થઈ ગયા. મેં પૂછયું કે શું થયું છે? તો બધા શાંત રહયા. પછી એરના બોલી કે આ છોકરો ગોઠણે તથા બેસવાની જગ્યાએ પાછળ ફાટેલા એવા પેન્ટ પહેરવા માગે છે અને અમે રોકવા માગીએ છીએ. એની મા બોલી તેથી છોકરાને હિંમત આવી ગઈ. તેના બાપનું પેન્ટ પકડીને દાંત કચકચાવીને બોલ્યો કે આવા પેન્ટ તો હું જીંદગીમાંય નહીં પહેરું. હું સમજયો કે યુરોપીયન માનસમાં જે વિકૃતિ આવી છે તે તેના વ્યવહારમાં અને પહેરવેશમાં આવી રહી છે. પરંતુ હું ત્યાં કાંઈ સમજાવી ના શકયો. ઉલ્ટું છોકરાના બાપને કીધું કે જનરેશન ગેપ છે. મારી તમારી વાત નહીં ઉભી રહે.

આ કુટુંબમાં વાસણ સાફ કરવાની જવાબદારી પુરુષની હતી. તેથી મારે પણ તેમાં જોડાવું પડયું. સારો એવો ત્રાસ પામ્યો, પરંતુ જો મારે યુરોપની પ્રજાનું આંતરિક દર્શન કરવું હોય તો આવી બાબતોથી ટેવાવું જ પડે તેમ સમજીને શીખી ગયો અને પછી ટેવાઈ ગયો.

આ કુટુંબમાં મિસીસ એરનાનો સ્વભાવ બહુ સારો હતો અને તે મારી ખાસ કાળજી રાખતી હતી. કોઈ વાર એ ખરીદી કરવા જાય તો મને સાથે લઈ જાય. પછી હું એકલો પણ વારંવાર બજારમાં, દુકાનોમાં ફરતો અને કઈ ચીજો શું ભાવે મળે તે જોતો. હું એડે નામના ૯૦ હજારની વસ્તીના શહેરમાં હતો. ત્યાં વ્યકિતગત માલિકીની નાની દુકાનો પણ ખૂબ હતી. મોટા શોપીંગ મોલ પણ હતા. પરંતુ મેં ખાસ જોયું કે નાની દુકાનોમાં કિંમતો સસ્તી હતી. ગ્રાહકો પ્રત્યે વ્યકિતગત ધ્યાન પણ આપતા. બધુ જ મોટા મોલમાંથી ખરીદવાની ઘેલછા વ્યાપક ન હતી.

એક વાર મિસીસ એરનાએ કીધું કે અહીં પડોશમાં એક કુટુંબે ભારતમાંથી અનાથાશ્રમમાંથી એક દીકરીને દત્તક લીધી છે. તેથી અમે તેને ઘરે એક દિવસ બેસવા ગયા. તે છોકરીનું મૂળ નામ પુનમ હતું અને ઔરંગાબાદના કોઈ અનાથાશ્રમમાંથી લીધી છે એમ તેની માએ કીધું. તેને બે દીકરા હતા જ. પરંતુ કોઈ ગરીબ બાળકને પોતાના સંતાનની જેમ આપણે ઉછેરવું જોઈએ એવી ધર્મભાવનાથી તેણે બે દીકરા



હોવા છતાં ત્રીજા સંતાન તરીકે એક વરસની દીકરીને દત્તક લીધેલી. પુનમ હવે લગભગ ૧૦ વરસની હતી. હું ભારતમાંથી આવેલો છું એ જાણીને એ રડવા મંડી. તેને ડચ સિવાયની કોઈ ભાષા આવડતી ન હતી. તેથી મારી સાથે વાત ન કરી શકી. પરંતુ તેની મા પણ રડવા મંડી. તેણે કીધું કે મારા બે દીકરા કરતા પણ વધારે ધ્યાન હું આ દીકરીનું રાખું છું અને તેને કોઈ વાતે ઓછું ના આવે તેની પૂરી કાળજી રાખું છું. છતાં ભણવામાં અને બુધ્ધિના આંકમાં મારા બે દીકરાઓને તે પહોંચી શકતી નથી તેનું મને સતત દુઃખ છે. હું તેની પાછળ ખૂબ જ મહેનત કરું છું. હું એ બહેનના માતૃત્વને જોઈને ગદગદ થઈ ગયો. પછી મને ખબર પડી કે એ મહોલ્લામાં જ ફકત દયા ખાતર ધર્મપ્રેરણાથી જુદા જુદા દેશોમાંથી અનાથ બાળ કોને લાવીને પોતાના દીકરા દીકરી હોવા છતાં વધુ એક સંતાન સમજીને વિશેષ કાળજીથી ઉછેરનારા ૧૦ કુટુંબો હતા.

આ બધુ જાણીને મને ભારતીય સંસ્કૃતિનું ગૌરવ મનમાં હતું તે નીકળી ગયું. ભારતમાં આવી રીતે પોતાના સંતાન હોવા છતાં પારકા સંતાનને ફકત દયાભાવથી પોતાના સંતાન કરતા સારી રીતે રાખનારી મા મળવી મુશ્કેલ છે. મને ગાંધીજીનું એક વાકય યાદ આવી ગયું. "યુરોપમાં સંસ્કૃતિ ખરાબ છે, પણ માણસો સારા છે. ભારતમાં સંસ્કૃતિ સારી છે, પણ માણસો ખરાબ છે."

ઉપરોકત હોલેન્ડના અનુભવો ૧૯૮૭ ના છે. ત્રીજી વાર ૨૦૦૪ માં હોલેન્ડ ગયો ત્યારે એક કુટુંબમાં ચાર દિવસ રોકાયેલો. તે કુટુંબ ખૂબ જ સુખી કુટુંબ હતું. છતાં તેઓ હોલેન્ડ છોડીને કેનેડા જતા રહેવાના હતા. તેનું એકમાત્ર કારણ કુટુંબની સ્ત્રીએ એમ સમજાવ્યું કે મારા છોકરા ટી.વી.થી બગડી જશે, એની મને બીક છે. ટી.વી. ઘરમાંથી કાઢી નાખ્યું તો પડોશમાં જઈને છોકરા ટી.વી. જુએ છે. તેથી કેનેડામાં એવી જગ્યાએ જંગલ વિસ્તારમાં જઈએ છીએ કે છોકરાઓને કયાંય પણ ટી.વી. જોવા ન મળે. ટી.વી.થી થતા નુકશાનને આ બાઈ એટલી સમજી શકી તેટલું આપણે કયારે સમજશું?

જર્મની ૧૯૮૭ માં હોલેન્ડથી જર્મની એક દિવસ માટે એક મિત્રને મળવા ગયો હતો. કયાંય હોટલ ન મળી, તેથી ન છુટકે તે મિત્રએ પોતાની પત્નીને કાકલુંદી કરીને મને ઘરે ઉતારો આપવા મનાવી. સાંજે મારા માટે જમવાનું પણ કર્યુ. વાસણ સાફ કરતી વખતે મિત્રએ મને કીધું કે વાસણ સાફ કરવા મારો શોખનો વિષય છે. તમે ખુશીથી બેસો. એ ભારત વારંવાર આવેલા અને ભારતની કૌટુંબિક સ્થિતિ બરાબર જાણે. તેથી મારે વાસણસાફ ન કરવા પડે તે દૃષ્ટિથી મને બેસી રહેવાનું કીધું. પરંતુ

તેની પત્ની ઉકળી ઉઠી. તેણે કીધું કે પુરુષની જવાબદારી છે, બેસી કેમ રહે? મિત્ર શરમાયા. પણ હું તેને મદદ કરવા વળગી ગયો. એમ કહીને કે હું હોલેન્ડમાં ટેવાઈ ગયો છું. એટલે મને કોઈ મુશ્કેલી નથી.

ત્યાર પછી જર્મની ગયેલો ત્યારે પ્રસિધ્ધ વૈજ્ઞાનિક વોલ્ફગેંગ શેફલરને ઘરે રોકાયો હતો. તે દૂરદૂર ખેડૂતોના નાના ગામમાં રહેતા હતા. ત્યાં મને કોઈ યુરોપના દૂષણો જોવા મળ્યા ન હતા.

– વેલજીભાઈ દેસાઈ

**યુરોપના લોકો જે ભોગોના ગુલામ બની રહ્યાં છે તેના વજન તળે દબાઈને તેમને પાયમાલ થવું ન હોય તો તેમને પોતાને તેમની જીવનદષ્ટિને નવું રૂપ આપવું પડશે.**

**ગાંધીજી**

**હું ચોક્કસ માનું છું કે હિંદ પાસે દુનિયાને આપવા માટે એક મિશન છે–સંદેશો છે. તેણે યુરોપની આંધળી નકલ કરવાની ન હોય.**

**ગાંધીજી**

**ભારત સ્વાભાવે કર્મભૂમિ છે, ભોગભૂમિ નથી. ભારતની દરેક વસ્તુ મને આકર્ષે છે. ઉંચામાં ઉંચી મહત્વકાંક્ષા રાખનાર માણસને જોઈએ તે બધુ ભારત પાસે છે.**

**ગાંધીજી**



# અનર્થશાસ્ત્રીઓનો વિકાસ અને કેળવણી

આજનું રાજયતંત્ર સંપૂર્ણપણે અનર્થશાસ્ત્રીઓના હાથમાં આવી ગયું છે. આ અનર્થશાસ્ત્રીઓને પહેલેથી જ એવું ભણાવવામાં આવ્યું હોય છે કે જેમ ઉત્પાદનનું કેન્દ્રીકરણ કરો એમ સારું. એટલે આખા દેશના રોટલા રોટલી દિલ્હીમાં જ પકાવવામાં આવે અને ત્યાંથી ટ્રાન્સપોર્ટના સાધનો મારફત – વિમાનોમાં, ટ્રેઈનોમાં, ટ્રકોમાં ગામેગામ તેની વહેંચણી થાય તો વિકાસ બહુ જ થયો ગણાય. સામાન્ય માણસ સમજી શકે છે કે તેનાથી તો અનર્થ થાય. પરંતુ અનર્થશાસ્ત્રીઓને એવું જ ભણાવવામાં આવે છે. એમને મન એને જ વિકાસ કહેવાય. વિકાસ એટલે જંગી પ્રમાણમાં કેન્દ્રીકરણ અને કેન્દ્રિત ઉત્પાદન. તેથી નાના નાના ખેડૂતો નાબૂદ કરીને મોટી મોટી કંપનીઓ મારફત હજારો એકરના મોટા ખેતરોમાં ખેતી થાય તેને આજના અનર્થશાસ્ત્રીઓ વિકાસ ગણે છે. એવી જ રીતે એક જ જગ્યાએ સેંકડો ગાયોને એક જ માણસની માલિકી નીચે દુધ ઉત્પાદનના મશીનો તરીકે નિભાવીને તેમાંથી નીકળેલા દુધને હજારો કીલોમીટર દૂરની ડેરીમાં મોકલાય, ત્યાં કરોડો રૂપિયાના મશીનો લગાડીને દુધ ગરમ કરીને પછી લાખો પેકેટમાં ભરવામાં આવે અને પછી ટ્રકો મારફત શહેરોમાં અને ફરી ગામડાઓમાં મોકલવામાં આવે એવી વેડફાટવાદી વ્યવસ્થાને આજના અનર્થશાસ્ત્રીઓ વિકાસ ગણે છે. દરેક ખેડૂત પોતાની ગાય રાખે, ગાય તેના કુટુંબ સાથે આત્મીયતા અનુભવે, તેનું તાજુ દુધ ઘરના બધા ખાય, વધે તે ગામના પાડોશીઓ ખરીદી જાય એ વ્યવસ્થા સામાન્ય માણસને વધારે સારી, સાચી અને સુખદાયી લાગે છે. પરંતુ આજના અનર્થશાસ્ત્રીઓ તેને પછાતપણું ગણે છે અને વિકાસનું વિરોધી ગણે છે.

એવી જ રીતે આખા દેશનો કપાસ ફકત એક જ જગ્યાએ અમદાવાદમાં ભેગો કરીને તેમાંથી કાપડ બનાવીને આખા દેશમાં ટ્રકો મારફત ગામેગામ વેંચવા માટે જાય તેને આજના અનર્થશાસ્ત્રીઓ વિકાસ ગણે છે. તેથી તેઓ એવી નીતિઓ બનાવે છે કે જંગી મોટા કારખાનાને જ મદદ કરવી, જેથી મોટા મોટા કારખાના જ ટકે અને નાના ભાંગી જાય. સામાન્ય માણસની બુધ્ધિ સમજી શકે છે કે કપાસ જયાં પાકે છે ત્યાં જ જીનીંગ થાય, ત્યાં જ કાપડ બને અને ત્યાં જ પહેરાય તો ઉત્પાદન સસ્તુ પડે. ટ્રાન્સપોર્ટનું ખર્ચ ના ચડે અને બધાને કાપડ મળી રહે, રોજગારી મળી રહે, બેકારી ના રહે. પરંતુ અનર્થશાસ્ત્રીઓની બુધ્ધિ અવળી જ ચાલે. તેમને મતે સાદા સાધનોથી ગામે ગામે કાપડ બનાવી લેવું તે પછાતપણની નીશાની ગણાય અને વિકાસનું વિરોધી ગણાય. તેથી તેઓ જંગી

ટેક્ષટાઈલ મીલોને અબજો રૂપિયા આપીને મોટી ટેક્ષટાઈલ મીલો મારફત આખા દેશને થોડાક અબજપતિઓ ચૂસ્યા કરે અને કરોડો માણસો ગરીબ અને બેકાર થાય તેને વિકાસ ગણે છે. પહેલા આપણે ગામેગામ નાના ખેડૂતો શેરડી પીલીને પૌષ્ટિક ગોળ બનાવી લેતા. પરંતુ આજના અનર્થશાસ્ત્રીઓ તેને પછાતપણાની નીશાની ગણે છે. તેથી તેમણે અબજો રૂપિયા મોટી ખાંડની ફેકટરીઓ સ્થાપવા અને ચલાવવા થોડાક કરોડપતિઓને આપ્યા અને તેમાં મોટા પ્રમાણમાં આરોગ્યને નુકશાનકારક સફેદ ઝેર એટલે ખાંડ બનીને આખા દેશમાં ટ્રકો મારફત વેંચવા જાય એ ગેરવ્યવસ્થાને આજના અનર્થશાસ્ત્રીઓ વિકાસ ગણે છે. આવી રીતે ગામેગામ પાકતા મગફળી, રાયડો, તલ, ટોપરા, અળશી જેવા તેલિબિયા ગામની જ ઘાણીમાં પીલાય અને ગામમાં જ લોકોને તાજુ, શુધ્ધ તેલ મળી રહે એ સ્વદેશી વ્યવસ્થાને અનર્થશાસ્ત્રીઓએ જુનવાણી અને પછાત વ્યવસ્થા ગણીને ધૂત્કારી કાઢી અને તેને તોડી પાડવા માટે, મોટી જંગી ઓઈલ મીલો સ્થાપવા અને ચલાવવા માટે કરોડો, અબજો રૂપિયા ધનવાનોને આપ્યા. પરિણામે મોટી ઓઈલ મિલોમાં જંગી પ્રમાણમાં ભેળસેળ થઈને આરોગ્યને નુકશાનકારક ભેળસેળિયું તેલ આખી પ્રજાને અત્યારે ખાવું પડે છે. પરંતુ અનર્થશાસ્ત્રીઓ એને જ વિકાસ ગણે છે.

આ રીતે દવા, ચંપલથી સીમેન્ટ સુધીની તમામ ચીજ વસ્તુનું ઉત્પાદન જંગી રાક્ષસી કારખાનામાં અટપટા યંત્રો મારફત જ કરવું અને પછી ટ્રકો, ટ્રાન્સપોર્ટ મારફત આખા દેશમાં વેંચવા મોકલવું એ વ્યવસ્થાને જ વિકાસ કહેવામાં આવે છે. આ આખી વ્યવસ્થા અતિશય કેન્દ્રિત છે. તેથી તેને જંગી પ્રમાણમાં ટ્રાન્સપોર્ટની જરૂર પડે છે. તેથી મોટા મોટા હાઈવે, રસ્તા, રેલવે, પુલો, વિમાનો, એરપોર્ટ, બંદરો, રીફાઈનરીઓ, પેટ્રોલના ટેન્કરો, પેટ્રોલ પંપો વગેરેની જંગી પ્રમાણમાં જરૂર ઉભી થાય છે અને તેને જ આજના અનર્થશાસ્ત્રીઓ વિકાસ ગણે છે. ટ્રાન્સપોર્ટ જેમ વધે તે વિકાસ એ આજના અનર્થશાસ્ત્રીઓનું મુખ્ય સૂત્ર છે. આ રીતે દેશમાં જેટલી વીજળીનું ઉત્પાદન થઈ શકે તે વધુ એક જ જગ્યાએ જંગી રાક્ષસી પાવરહાઉસમાં કરવું અને પછી ટ્રાન્સમીશન લાઈનો નાખીને જાડા દોરડા મારફત જુદા જુદા શહેરોમાં અને ગામડામાં લઈ જવું તે આધુનિક વિકાસ ગણાય. જો કોઈ માણસ પોતાને જોઈતી વીજળી પોતે જ પેદા કરી લ્યે, પોતાને જોઈતું કાપડ ગામે ગામ પોતાની વ્યવસ્થા મારફત કરી લ્યે, પોતાને જોઈતું દુધ પોતાની ગાય રાખીને માણસો મેળવી લ્યે એ બધી વ્યવસ્થા વિકાસની વિરોધી છે, એમ દુનિયાના બધા જ અનર્થશાસ્ત્રીઓ માને છે, કારણકે તેમને એવું જ ભણાવવામાં આવ્યું છે અને તેમના મન ખોટા ભણતરથી ભમાવી દેવામાં આવ્યા છે.



વિકાસની આ આખી વ્યવસ્થા શોષણખોર છે, થોડાક અબજપતિઓના લાભ માટે જ છે અને આમ પ્રજાના અસ્તિત્વ માટે અતિશય જોખમી છે. વિકાસની આ આખી વ્યવસ્થા મૂઠીભર માણસોના હાથમાં ધન અને સત્તાનું કેન્દ્રિકરણ કરે છે અને કરોડો, અબજો માણસોને બેકાર બનાવીને ગરીબી અને ભૂખમરામાં ધકેલી દે છે. આ અન્યાયી વ્યવસ્થા નીચે પાંચ દસ વીઘાના ખેડૂતોએ જીવતા રહેવું એ જ જાણે ગેરકાયદેસર ગણાવા માડયું છે.

સૌથી જોખમી બાબત એ છે કે આજની તમામ કેળવણી, સ્કૂલો, કોલેજો, એન્જિનિયરીંગ કોલેજો તમામ મેનેજમેન્ટ સ્કૂલો વગેરે વિકાસની આ ગેરવ્યવસ્થાને વાજબી ઠેરવવા માટે, તેના ગુણગાન ગાવા માટે, તેના હિમાયતીઓ પેદા કરવા માટે અને વિકાસની આ ભયાનક વ્યવસ્થા ચલાવવા માટે જરૂરી અનર્થશાસ્ત્રીઓ પેદા કરવા માટે જ છે. એટલે આજે સમાજમાં લાખો ને લાખો માણસો આજના વિકાસની વ્યવસ્થાના હિમાયતીઓ છે અને લાખો ને લાખો માણસો આ અન્યાયી વ્યવસ્થા નિભાવી રાખવા માટે કામ કરે છે. એટલે જો તમને આજના વિકાસનું દુષ્ટરૂપ સમજાય જાય અને તમે તેનો વિરોધ કરો તો તમારો વિરોધ કરનારા લાખો ભણેલા માણસો નીકળી પડશે અને તમને જુનવાણી, વિકાસ વિરોધી ગણીને ધુત્કારી કાઢશે. કારણ કે આજની કેળવણી અનર્થશાસ્ત્રીઓ પેદા કરવાનું જ કામ કરે છે. એટલે જો આ દેશને યોગ્ય માર્ગે વાળવો હોય તો સૌથી પહેલાં કેળવણીને યોગ્ય માર્ગે વાળવી જરૂરી છે. એટલે કે આજની કેળવણી તાત્કાલીક બંધ કરવી જરૂરી છે, અને દેશના ગામડા કેમ વિકસે, સમતોલ અને સાચો વિકાસ ગૃહઉદ્યોગો અને ગ્રામઉદ્યોગો મારફત કેમ થાય, ટ્રાન્સપોર્ટની જરૂરિયાત ઓછામાં ઓછી કેમ થાય, બધાને સ્વતંત્ર ધંધા રોજગાર મારફત કમાણી કેમ મળે, કરોડપતિઓ અને અબજોપતિઓ કેમ નાબૂદ થાય, આમ જનતાની શકિત કેમ વધે, સ્વતંત્રતા કેમ સચવાય, ધર્મ, અધ્યાત્મ અને સંસ્કૃતિ કેમ સચવાય એ અંગેનું વ્યવહારું જ્ઞાન આવરી લેતી નવી જ કેળવણી ઉભી કરવી પડશે. જેમાં અર્થશાસ્ત્ર આજના અનર્થશાસ્ત્રથી સાવ જ ઉલ્ટું હશે. કેળવણીની નવી રચના ગાંધીજીના વિચારો પ્રમાણે જ કરવી પડશે, જેમાં નીચેના બે વાકયો ધ્રુવવાકયો રહેશે.

(૧) 'મનુષ્યની પ્રાથમિક જરૂરિયાતના ઉત્પાદનના તમામ સાધનો આમ પ્રજાના હાથમાં હોવા જોઈએ. તો જ પ્રજા સુખી થઈ શકે.' એટલે કેળવણીમાં નાના ગૃહઉદ્યોગોને જ પ્રાધાન્ય મળે અને વીજળીનું ઉત્પાદન પણ સાવ નાના પાયે ગામેગામ થાય તે પ્રમાણેની કેળવણી નવેસરથી રચવી પડશે.

(૨) 'જગતમાં ચાલતી તમામ આર્થિક અંધાધુંધી સ્વદેશીના ભંગમાંથી જન્મે છે.'

એટલે સ્વદેશીના પાયા ઉપર આખી અર્થવ્યવસ્થા ગોઠવવી પડશે જેથી અબજો રૂપિયા કયાંય ભેગા કરવાના રહે જ નહીં અને કૌભાંડો અને આર્થિક અંધાધુંધીની શકયતા જ ના રહે.

ઉપર મુજબની કેળવણી કેવી હોય અને તે કેવી રીતે અપાવી જોઈએ અને તેમાંથી કેવા સુંદર પરિણામો આવી શકે અને દેશનો ઉધાર કરનારા કેવા માણસો પેદા થઈ શકે તે ગાંધીજીએ અનેક લેખો અને ભાષણોમાં સમજાવ્યું છે જેની વિગત ગાંધીજીના કેળવણીના ચાર પુસ્તકોમાં સંઘરાયેલી છે. (૧) ખરી કેળવણી (૨) પાયાની કેળવણી (૩) કેળવણીનો કાયડો (૪) ગાંધીજીનું શિક્ષણ દર્શન

આપણા દેશનું દુર્ભાગ્ય છે કે આજની યુનિવર્સિટીઓમાંથી જે ગ્રેજયુએટો, વિજ્ઞાનીઓ, એન્જિનીયરો, ડોકટરો, વકીલો, સમાજશાસ્ત્રીઓ વગેરે નીકળે છે તે બધા જ દેશની આમ પ્રજાને નીચોવીને અબજપતિઓના ઘર ભરવાના એજન્ટો તરીકે કામ કરે છે. જે યુવતીઓ ભણીને નીકળે છે તે પોતાનું સ્ત્રીત્વ અને પોતાનો સ્વધર્મ ભૂલીને જીન્સની વિકૃતિથી પીડાતી યુરોપીયન મેડમોની નકલ કરવામાં અને કૃત્રિમ પુરુષ બનીને લૂટારું કંપનીઓમાં ગુલામી કરવામાં સાર્થકતા અને ગૌરવ અનુભવે છે અને ભારતીય સંસ્કૃતિની કતલ કરવાનું પાપ વહોરી લ્યે છે. છેલ્લા ૬૦ વરસની કેળવણીએ આર્થિક અને સાંસ્કૃતિક ગુલામી આ દેશ પર ઠોકી બેસાડવામાં મુખ્ય ભાગ ભજવ્યો છે. જો આજની કેળવણી હજી પણ ચાલુ રહેશે તો હિન્દુસ્તાનની પ્રજાનો તેમાં નિશ્ચિત વિનાશ રહેલો છે. પછી ગુલામી એટલી વધશે કે આ દેશનો કબજો કરી કાયમી વસવાટ માટે આપણાં દેશમાં યુરોપીયનોના ધાડા ઉતરી આવશે અને તેના ગુલામો તરીકે દેશના માણસો કામ કરવામાં ગૌરવ અનુભવશે. આમ, હિન્દુસ્તાન પોતાનો આત્મા ખોઈ બેસશે.

તો આ દેશની જરાક પણ ચિંતા હૃદયમાં હોય તેમણે આજની ગુલામીની કેળવણી તત્કાળ બંધ કરીને સ્વરાજની કેળવણીની એટલે કે ગાંધીજીની કલ્પના મુજબની કેળવણીની માંગણી કરવી જોઈએ. ગાંધીજી કહી ગયા છે કે "ખરી કેળવણી વિના સર્વ પ્રયાસ મિથ્યા છે." આ વાકય ૬૦ વરસમાં સાર્થક થઈ ચૂકયું છે. નઈ તાલીમને નામે જે કાંઈ ચાલ્યું તેમાં ગાંધીજીના વિચારો પ્રમાણે ખાસ કાંઈ થયું જ નથી. ગુજરાત વિદ્યાપીઠ જેવી સંસ્થા સુદર્શન આયંગર જેવા ૠષિ જેવા પુરુષના હાથમાં હોવા છતાં તે યુનીવર્સીટી ગ્રાન્ટ કમીશનની કહ્યાગરી ગુલામડી બની ગઈ છે. ત્યાં ગાંધીજી પ્રેરિત નરહરિ અમીનનું માનવ અર્થશાસ્ત્ર ભણાવી શકાતુ નથી અને લૂંટારાઓના ભાડૂતી માણસોએ લખેલુ અર્થશાસ્ત્ર (ખરેખર અનર્થશાસ્ત્ર) ભણાવવું પડે છે. એટલે નવેસરથી ગાંધીજીના કેળવણીના વિચારો સમજીને ઉદ્યોગ ધ્વારા જ કેળવણી આપવાની શરુઆત કરવી ઘટે છે.

– વેલજીભાઈ દેસાઈ



# વિકાસ–ગુલામી ગરીબી અને ગુનાખોરીનો

આપણો દેશ વિકાસના પંથે છે. પરંતુ વિકાસ કોનો? વિકાસ કેવો અને કોના માટે છે? આ બરાબર સમજી લેવું જોઈએ. વિકાસ એટલે વિકસતા જવું, વધતા જવું. તો શું વધતું જાય છે એ બરાબર સમજી લઈએ.

(૧) અમલદારશાહી સતત વધતી જાય છે. જનતા ઉપર તેનો ત્રાસ વધતો જાય છે. આમ જનતાની પજવણી વધતી જાય છે. લોકોની લાચારી વધતી જાય છે. લોકોની, વેપારીઓની કનડગતના કાયદા વધતા જ જાય છે. સરકારી અધિકારીઓ વધતા જ જાય છે, પરિણામે લાંચરૂશ્વત અને ભ્રષ્ટાચાર વધતા જ જાય છે. લોકોની હાલાકી વધતી જ જાય છે. સરકારી નોકરોના પગાર, સુખ સગવડો, પેન્શન વગેરે ખૂબ ઝડપે વધતાં જ જાય છે. એમના ખર્ચા બેફામ વધતા જાય છે. એ બધાનો જનતા ઉપરનો ભાર સતત વધતો જાય છે, જનતાનું આર્થિક અને માનસિક શોષણ ભયજનક ઝડપે વધતું જાય છે. જનતા ઉપર લદાયેલી ગુલામી તીવ્ર વેગે વધતી જાય છે. તો વિકાસ ફકત અમદારશાહીનો છે.

(૨) સરકારના બજેટો મોટા ને મોટા થતાં જાય છે. કરવેરા સતત વધતા જાય છે. પરિણામે મોંઘવારી વધતી જાય છે. સરકારની આવક અનેક ગણી વધતી જાય છે અને તેમાંથી વેડફાટ વધતો જાય છે. લાખોના નહી, કરોડોના હિસાબે કૌભાંડો વધતાં જ જાય છે. સતત મોટા થતા બજેટોના વધુને વધુ ખર્ચ સરકારી નોકરો માટે અને અતિ ધનાઢય માણસો અને બહુરાષ્ટ્રીય કંપનીઓને કાજે વધતા જ જાય છે. તો વિકાસનું આ સાચું સ્વરૂપ છે, જેમાં આમજનતાનો વિનાશ નિશ્ચિત છે.

(૩) દેશમાં અબજપતિઓ ભયજનક ઝડપે વધતા જાય છે. દેશમાંથી ચૂસાયેલી તેમની સંપતિ અનેક ગણી વધતી જાય છે. તે સંપતિની મદદથી તેઓ વિકાસના નામે મોટા મોટા કારખાના સ્થાપતા જાય છે. આવા એક એક પ્રોજેકટ માટે ૨૦–૨૫ ગામ ખાલી કરાવે છે. ખેડૂતોની જમીનો ખૂંચવી લઈને તેમને ખદેડી મૂકવામાં આવે છે. આવો અમાનુષી ત્રાસ અને અન્યાય વધતો જાય છે. છતાં સરકાર તેને વિકાસ ગણે છે.

(૪) નેતાઓની નફટાઈ વધતી જાય છે. તેમના અંગત સ્વાર્થ, સત્તાલાલસા અને મહત્વાકાંક્ષીઓ વધતા જ જાય છે. જનતાને મૂર્ખ બનાવવાનો તેમનો વિશ્વાસ સતત વધતો જાય છે. તેમના પોલા વચનોમાં રહેલા દંભ અને અસત્ય વધતા જાય છે. તેમના વૈભવ–વિલાસ વધતા જાય છે. દેશની જનતા પ્રત્યેની તેમની

બેજવાબદારી સતત વધતી જાય છે. પ્રમોદ મહાજનો તથા રાહુલ મહાજનો બધા પક્ષોમાં વધતા જાય છે. તો વિકાસ આ બધા નેતાઓનો થાય છે, કરોડોની આમજનતાને ભોગે.

(૫) દેશમાં અન્યાય અને ત્રાસનું સામ્રાજય વધતું જાય છે. દેશની કોર્ટોમાં કેસ વધતા જાય છે. એમ કરતા અત્યારે અઢી કરોડ કેસ વિવિધ અદાલતોમાં પડતર છે. જેના નિકાલ માટેનો સમય લાંબો અને લાંબો થતો જાય છે. એક અંદાજ મુજબ આ બધા કેસોની પતાવટ થતા ૩૦૦ વરસ લાગશે. એટલે ન્યાયના નામે આ દેશમાં મીંડું છે. એટલે કે સરકાર કે અબજપતિઓ કે ગુનાહિત તત્વો લોકોને ગમે એટલો અન્યાય કરે, મિલ્કતો ખૂંચવી લ્યે, માણસોને મારી નાખે, તો પણ કયાંય ન્યાય મળતો નથી. કોર્ટો ફકત અબજપતિઓ અને ધનવાન માટે જ કામ કરે છે. આવી અરાજકતા દુનિયાના કોઈ દેશમાં નથી. છતાં લોકશાહી અને વિકાસના ભરપૂર ગુણગાન ગવાય છે. તો વિકાસ ફકત અન્યાય, અસત્ય અને દંભનો છે.

(૬) કાયદો અને વ્યવસ્થા સરકાર પૂરતી સખત બનતી જાય છે. પરિણામે આમજનતાના જાનમાલની સલામતી જોખમાતી જાય છે. આમજનતાની સ્વતંત્રતા તો કયારની નાશ પામી છે. ગરીબી અને બેકારીમાંથી જન્મતી ગુનાખોરી વધતી જાય છે. ખૂન, લૂંટ, ધાડ, બળાત્કાર, આપઘાત વગેરેની સંખ્યા ઝડપથી વધતી જાય છે. અસુરક્ષા વધતી જાય છે. ગુંડાગીરી, ભય, આતંક વધતા જાય છે. આ દૂષણો ડામવાને બહાને સરકાર પોતાની સત્તા વધારતી જાય છે, જે ઘણે અંશે વધારે નિદોર્ષ માણસોને હેરાન કરવામાં પરિણમે છે. જેલો વધતી જાય છે. જેલોમાં રહેલા કેદીઓની સંખ્યા વધતી જાય છે. વગર વાંકે જેલમાં વરસો વિતાવનાર નિદોર્ષ કેદીઓની ટકાવારી વધતી જાય છે. તેથી કોર્ટોમાં કેસ વધતા જાય છે. તેથી સરકાર પ્રત્યેનો અવિશ્વાસ સતત વધતો જાય છે. આ રીતે સર્વત્ર અંધકાર અને અરાજકતા વધતા જાય છે. તો આ વિકાસ છે કે વિનાશ?

(૭) મોંઘવારી સતત વધતી જાય છે. તમામ ચીજોના ભાવો આસમાને જતા જાય છે. સતત વધતા જતા કરવેરાને કારણે તથા સટ્ટાખોરીને સરકારે આપેલી સગવડને લીધે ચીજવસ્તુના ભાવો ભડકે બળે છે. તેથી ગરીબી, ભૂખમરી અને બેકારી સતત વધતા જાય છે. મધ્યમવર્ગ વધુને વધુ ભીંસાતો જાય છે અને ઝડપથી ગરીબી તરફ ધકેલાતો જાય છે. ૩ થી ૪ કરોડ નાના દુકાનદારો અને વેપારીઓનો કચ્ચરઘાણ કાઢનારી અબજોપતિઓના મોલોની વ્યવસ્થા પૂર ઝડપે અમલમાં મૂકાઈ રહી છે, છતાં આ કરોડો વેપારીઓ પોતાના મોતના મોલ બંધાતા સાવ



નિર્લેપ ભાવે ફાટી આંખે જોઈ રહયા છે. તેમની લાચારી અને ગુલામી વધીને પરાકાષ્ઠાએ પહોંચી ગઈ છે.

(૮) શિક્ષણમાં અંધેર વધતું જ જાય છે. સ્કૂલોમાં ફી મોંઘી થતી જાય છે. પુસ્તકો વધતા જાય છે. દફતરનો ભાર બાળકના ગજા બહાર વધી ગયો છે. ટયૂશનનો ભાર અને માર વધતો જાય છે. અંગ્રેજી માધ્યમની માયાજાળ વધતી જાય છે. બાળકો ઉપર ભણતરનો અને માબાપનો ત્રાસ વધતો જાય છે. કોલેજો અને યુનિવર્સિટીઓના પ્રોફેસરોના પગાર અનહદ વધતા જાય છે. તેમના ધ્વારા અપાતું શિક્ષણ વધુ ને વધુ બિનઉપયોગી અને નિરર્થક સાબિત થતું જાય છે. ભણેલા બેકારોની વણઝાર સતત વધતી જાય છે. કોલેજના છોકરા-છોકરીઓ છાકટા અને બેજવાબદાર બનતા જાય છે. ચારિત્ર્ય અને નીતિ સદાચારનો લોપ ઝડપથી વધતો જાય છે. વિમલાતાઈનું વાકય "આપણી તમામ શિક્ષણ સંસ્થાઓ આપણી સંસ્કૃતિના કતલખાના છે" એ વધુને વધુ સાર્થક પૂરવાર થતું જાય છે. વિકાસનું આ શિક્ષણ આખા સમાજને ઝડપથી વિનાશ તરફ ધકેલી રહયું છે.

(૯) સંસ્કૃતિનો નાશ ઝડપથી થઈ રહયો છે. ટીવીમાં નગ્ન અને બિભત્સ દ્રશ્યો સતત વધતા જાય છે. નાગી થઈને નાચનારી વેશ્યાઓના માનપાન વધતા જાય છે. હિંસક દ્રશ્યો સતત વધતા જાય છે. તેનો ભોગ આમ જનતા બની રહી છે. અશ્લિલતા, હિંસા, ગુંડાગીરીનું શિક્ષણ ટીવી મારફત ભયાનક વેગે વધી રહયું છે. તેથી સમગ્ર સમાજનો વિનિપાત વધી રહયો છે. આ વિકાસ છે કે વિનાશ?

(૧૦) ગરીબી વધવાથી આરોગ્ય જોખમાયું છે. ગરીબવર્ગમાં રોગો વધતા જ જાય છે. દવાઓ અને ડોકટરો સતત મોંઘા થતા જાય છે. તેથી ગરીબવર્ગ અને અમીરવર્ગમાં પણ આરોગ્ય જોખમાયું છે. બેઠાડુ જીવનના રોગો-ડાયાબીટીસ, હૃદયરોગ, ટેન્શન, બ્લડપ્રેસરથી માંડી અનેક જોખમી રોગો સતત વધી રહયા છે. તેથી તેમના માટે અનેક ડોકટરો અને હોસ્પિટલોની માયાજાળ વધી રહી છે. રોગી શરીરમાં મન પણ રોગી હોય છે. સ્વસ્થ શરીર અને સ્વસ્થ મન વગર સ્વસ્થ વિચારો કયાંથી આવે? તો આપણો વિકાસ આપણને કયાં લઈ જઈ રહયો છે?

(૧૧) શહેરોની વસ્તી વધતી જ જાય છે. તેમની ઝાકમજાળ વધતી જ જાય છે. તેમાં ધનાઢય માણસોના બંગલા વધતા જાય છે. તેનાથી વધારે ઝડપે ઝુંપડપટ્ટીઓ વધતી જાય છે. રસ્તાઓ ઉપર મોંઘીદાટ મોટરકારો વધતી જાય છે. પરિણામે ગરીબ માણસોને રસ્તા ઉપર ઉભીને કે બેસીને પેટિયું રળવાનો ત્રાસ વધતો જાય છે અને પોલીસ તેમનું સર્વસ્વ ઝૂંટવી લ્યે અને ખદેડી મૂકે તેવા કિસ્સા વધતા જાય છે. બિલકુલ બીનજરૂરી હેલ્મેટનો ત્રાસ ખૂબ જ વધી ગયો છે અને તેના બહાને

લાંચરૂશ્વત ખૂબ વધતી જાય છે. જમીનોના ભાવો વધતા જ જાય છે. ભાવ વધવાનો વેગ અતિ ઝડપે વધતો જાય છે. તેથી મધ્યવર્ગને ઘરનું ઘર બનાવવાનું સ્વપ્ન દૂર ને દૂર ધકેલાતું જાય છે. શહેરોમાં ધનવાનોના વૈભવ વિલાસની સગવડો વધતી જાય છે. સાથે સાથે સામાન્ય પ્રજાની હતાશા અને નિરાશા વધતા જાય છે. આ તે વિકાસ છે કે વિનાશ?

(૧૨) ક્રિકેટ જેવી બાબતોમાં કરોડો રૂપિયાના ખર્ચા વધતા જાય છે. તેને રવાડે આખા દેશના યુવાનોને ચડાવીને દેશનું તેજ હણવાનાં કાવતરા વધતા જાય છે. બહુરાષ્ટ્રીય કંપનીઓના એજન્ટો એવા દેશદ્રોહી ક્રિકેટરો જ દેશના સાચા ઉધ્ધારકો હોય તેવાં તેમના માનપાન વધતા જાય છે. તેમની કરોડોની આવક વધતી જાય છે. ક્રિકેટરોનો ઉપયોગ જાહેરખબરોમાં કરીને બહુરાષ્ટ્રીય કંપનીઓ લૂંટ વધારતી જ જાય છે. અને દેશનું ધન વધુ ને વધુ વિદેશોમાં ઢસડાતું જાય છે. આવી ઉઘાડી લૂંટને પણ આપણે વિકાસ કયાં સુધી ગણ્યા કરીશું?

તો હે ભારતવાસી ભાઈબહેનો જાગો અને બીજાને જગાડો, સંગઠિત બનો, મંડળો રચો, વિરોધ કરો, છાપાને લખો, સરકારને લખો, ઠરાવો કરો, નિર્ણયો કરો, મોરચા કાઢો, રેલી કાઢો, પ્રદર્શન કરો, નેતા તથા કાર્યકરોને મળો, તમારી લાગણી અને માગણી સમજાવો. અહિંસક સંઘર્ષ માટે તૈયાર થાઓ. જો આ નહીં કરો તો ખોવાઈ જશો, ખલાસ થઈ જશો. ખરેખર તો ૭૦ ટકા વસ્તી ખલાસ થઈ ચૂકી છે. તમે અંધારામાં છો.

આપણને સતત ૬૨ વરસથી મૂર્ખ બનાવવામાં આવ્યા છે, છેતરવામાં આવ્યા છે, વિકાસનું મૃગજળ બતાવીને લૂંટવામાં આવ્યા છે, ગુલામ બનાવવામાં આવ્યાં છે. આમ જનતા માટે વિકાસ છે ફકત ગુલામીનો, ગરીબીનો અને ગુનાખોરીનો. આ વિકાસને નગ્ન સ્વરૂપમાં ઓળખી લ્યો. નેતાઓના જુઠ્ઠાણાઓથી દોરવાવાનું બંધ કરો. તેમને સાચું કહેતા શીખો. વિકાસના ખોટા ખ્યાલ ફેંકી દો. આ વિકાસ નથી પણ ગુલામી છે. ગુલામીમાંથી બહાર નીકળવાનો સંકલ્પ કરો. સ્વરાજ આપણો જન્મસિધ્ધ અધિકાર છે.

– વેલજીભાઈ દેસાઈ

**જગતમાં ચાલતી તમામ આર્થિક અંધાધૂંધી સ્વદેશીના ભંગમાંથી જન્મે છે.**

**ગાંધીજી**



# પેટ્રોલિયમ ખૂટયુ જાણજો

પેટ્રોલિયમનો યુગ આથમવાની તૈયારીમાં છે. આ બાબતમાં ડેવીડ સ્ટ્રેહાન નામના લંડનના નિષ્ણાંત માણસે વરસો સુધી પેટ્રોલિયમ કંપનીઓનો અભ્યાસ કરીને હમણા THE LAST OIL SHOCK – પેટ્રોલિયમનો છેલ્લે ઝટકો – નામનું પુસ્તક લખ્યું છે. પુસ્તકમાં પેટ્રોલિયમના શારકામ અને વપરાશ બાબતમાં પ્રચુર માહિતી આપવામાં આવી છે. તેનો થોડોક સાર આપણે જોઈ જઈએ.

(૧) આજે દૈનિક ૮ કરોડ બેરલથી થોડુક વધારે પેટ્રોલિયમ ધરતીમાંથી નીકળે છે.

(૨) હવે પેટ્રોલિયમનું ઉત્પાદન વધી શકે એવી કોઈ શકયતા રહી નથી. મોટા ભાગની કંપનીઓ ઉત્પાદનની ટોચે પહોંચી ગઈ છે અને આ બધી કંપનીઓના ઉત્પાદનો ઘટવાની તૈયારીમાં છે. ૧૯૫૦ પછી ઝડપથી પેટ્રોલિયમનું શારકામ (ડ્રીલીંગ) વધ્યું. ત્યારે એવી સ્થિતિ હતી કે પૃથ્વીનું પેટાળ વિંધો કે તરત જ પેટ્રોલિયમનો ફૂવારો ઉડે. ખૂબ દબાણથી પેટ્રોલિયમ આવતું અને વરસો સુધી ફૂવારો ચાલુ જ રહેતો. પછી ઘણું પેટ્રોલિયમ ઉલેચાયા પછી પંપ ચલાવીને કાઢવું પડે એવી સ્થિતિ આવી. હવે ખૂબ ઉંડે સુધી બોરીંગ કરવું પડે છે ત્યારે પેટ્રોલ મળે છે. પહેલા દરેક કૂવો ૨૦ વરસ સુધી ચાલતો. હવેના કૂવા પાંચ વરસમાં ડૂકી જાય છે. તેથી નવી જગ્યાએ બોરીંગ કરવું પડે છે. આ રીતે સતત ખર્ચ વધતો જાય છે, છતાં પૂરતું પેટ્રોલિયમ મળતું નથી. એટલે નિષ્ણાંતો સમજે છે કે પેટ્રોલિયમનું ઉત્પાદન હવે સતત ઘટાડા તરફ જઈ રહયું છે.

(૩) પેટ્રોલિયમનો વપરાશ સતત વધતો જ જાય છે. અત્યારે દૈનિક વપરાશ ૮ કરોડ બેરલથી થોડોક વધારે છે. આ વપરાશ ઘટી શકે એવી કોઈ શકયતા નથી. એટલું જ નહીં, વપરાશમાં જે વધારો થઈ રહયો છે તે વધારો અટકાવી શકાય કે ઘટાડી શકાય એવી પણ કોઈ શકયતા નથી. દરેક દેશને વિકાસની ધૂન છે અને આ ધૂનનું પરિણામ પેટ્રોલિયમના વપરાશના વધારામાં જ પરિણમે છે. પેટ્રોલિયમનો ૯૦ ટકા વપરાશ ફકત ટ્રાન્સપોર્ટ માટે જ છે. એટલે કાર, ટ્રક, રેલવે, વિમાનો ચલાવવા માટે જ છે. કારખાના, વીજળી ઉત્પાદન વગેરેમાં પાંચ–દસ ટકાથી વધારે વપરાશ નથી.

(૪) આ સત્ય હકીકત દરેક પેટ્રોલિયમ કંપની સમજે છે. છતાં બધી કંપનીઓ ખોટુ બોલે છે. જો સત્ય જાહેર કરે તો તેમની કંપનીઓના શેરના ભાવ તરત જ ટૂટી જાય. એટલે કંપનીઓ વાર્ષિક સાધારણ સભામાં અને વૈશ્વિક પરિષદોમાં પણ ખોટા આંકડા આપીને દુનિયાને મૂર્ખ બનાવે છે. એ જ રીતે મોટા ભાગની

સરકારો પણ આ સત્ય હકીકત સમજે છે. પણ તમામ સરકારો પણ સત્ય કહેવા તૈયાર નથી. પોતાના દેશમાં અસ્થિરતા સર્જાય તો પોતાની રાજકીય સ્થિતિ જોખમાય. તેથી જેમ ચાલે છે એમ ચાલવા દેવું એ જ અભિગમ દરેક સરકારનો છે.

(૫) પરંતુ વાસ્તવિકતા વિકરાળ પરિસ્થિતિ તરફ ઝડપથી ધસી રહી છે. વપરાશ સતત વધે જ છે અને ઉત્પાદન સતત ઘટાડા તરફ જઈ રહયું છે. એટલે પેટ્રોલિયમની તંગી સર્જાયા વગર રહેશે જ નહીં. ઉત્પાદન કરતા વપરાશ પાંચ ટકા જેટલું વધી જશે કે તરત જ એકાએક પેટ્રોલિયમનો ઝટકો દુનિયા અનુભવશે. જેવી જરાક પણ પેટ્રોલની તંગી ઉભી થઈ કે તરત જ લોકો બેબાકળા થઈને પેટ્રોલ સંઘરવા તરફ વળશે. એટલે એકાએક બજારમાં માંગ દોઢી બમણી થઈ જશે. તેને પહોંચવું અશકય થઈ પડશે. એટલે પેટ્રોલ પંપો ઉપર લાઈનો લાગશે, ૫-૭ કીલોમીટર લાંબી લાઈનમાં કારના માલિકે ઉભવુ પડશે. કીડી વેગે આગળ ચાલતી લાઈનમાં છ કલાકે વારો આવશે ત્યારે પેટ્રોલ પંપનો માણસ કહેશે "પાંચ લીટરથી વધારે કોઈને નહીં મળે."

(૬) પેટ્રોલિયમનો આ ઝટકો ૨૦૧૨ થી ૨૦૨૦ સુધીમાં ગમે ત્યારે આકસ્મિક આવવાની ડેવીડ સ્ટ્રેહાનની ગણતરી છે. આ પેટ્રોલિયમનો ઝટકો છેલ્લો હશે. એટલે કે અમેરિકાનો તેમાં નાશ થઈ જશે. તરત જ અવ્યવસ્થા સર્જાશે. રોટી રમખાણો ફાટી નીકળશે (અમેરિકાના કોઈ ઘરમાં એક અઠવાડિયાનું અનાજ હોતું નથી). લૂંટ, મારામારી, ખૂનોની પરંપરા સર્જાશે અને અમેરિકા તેનું સૌથી ખરાબ ભોગ બનશે.

(૭) વિજ્ઞાન અને ટેકનોલોજીમાં આંધળાભીત થયેલા લોકો દલીલો કરે છે પેટ્રોલ ખૂટશે ત્યાં તો અનેક નવી શોધો થશે. પાણીથી જ કાર ચાલશે! બાયોડીઝલથી વાહનો ચાલશે વગેરે. ડેવીડ સ્ટ્રેહાને આ બધી શકયતાઓ ખૂબ ઉંડાણથી તપાસીને દુનિયાભરના આંકડાકીય દસતાવેજો ટાંકીને પૂરવાર કર્યુ છે કે કોઈપણ વિકલ્પ શકય નથી. બાયોડીઝલ, ઈલેકટ્રીક કાર, સૂર્યશકિત, પવન ઉર્જા વગેરેની તલસ્પર્શી છણાવટ કરીને એ એવા નિષ્કર્ષ પર પહોંચ્યા છે કે પેટ્રોલિયમનો કોઈ જ વિકલ્પ શકય જ નથી. ટ્રાન્સપોર્ટ બંધ થાય કે સાવ ઓછુ થાય એ જ એનો ઉકેલ. આના ઉપરથી મને ગાંધીજીની એક ટીકા યાદ આવી. તેમણે કીધું છે કે સુધારાનું આ વાવાઝોડુ ૧૦૦-૧૫૦ વરસમાં જગત ઉપરથી પસાર થઈ જશે. ત્યાર પછી પહેલાની જેમ જ ખેડૂત પોતાના હળ અને બળદથી ખેતી કરતો હશે. ગાંધીજીએ



આ આગાહી કર્યાને ૧૦૦ વરસ થયા છે. હવે પચીસેક વરસમાં જ તે સાચી સાબિત થશે, એવું લાગે છે.

અમેરિકાના વિકાસને રવાડે ચડીને જે વિકાસશીલ દેશોએ મોટા મોટા શહેરો વિકસાવ્યા છે તેની દશા પણ વધતે ઓછે અંશે અમેરિકા જેવી જ થશે. જો કે આપણા દેશમાં આખા વરસનું અનાજ, કઠોળ, કરિયાણું સંઘરી રાખવાનો રિવાજ છે, એટલે રાંધણગેસ તથા પાણી મળતું હશે ત્યાં સુધી શહેરો જીવતા રહી જશે. પરંતુ અર્થ વ્યવસ્થા તૂટી પડવાથી લાખો માણસો ગુજરાનનું સાધન-નોકરી, ધંધા વગેરે ગુમાવશે અને અનેક નવા ધંધા નવી પરિસ્થિતિમાંથી પેદા પણ થશે.

આપણા ગામડાને જરાપણ અવળી અસર નહીં થાય. ઉલ્ટુ ટ્રાન્સપોર્ટને કારણે બધી સમૃધ્ધિ શહેરોમાં ખેંચાઈ જાય છે તે બચી જશે. તેથી ગામડામાં સોંઘવારી ઉત્પન્ન થશે. અનાજ, કઠોળ, દૂધ સહેલાઈથી મળતા થશે. કાપડ જેથી ચીજો શહેરોમાંથી આવતી હશે તેની તંગી સર્જાશે અથવા મોંઘી થશે. જે ગામ આ સમજે તેમણે ગાંધીજીની સલાહ પ્રમાણે સ્વદેશી આર્થિક વ્યવસ્થાઓ મજબૂત કરવા તરફ આજથી જ લાગી જવું જોઈએ.

વેલજીભાઈ દેસાઈ

**મારો દ્ઢ મત છે કે આપણી સંસ્કૃતિ પાસે જેટલા સમૃધ્ધ ભંડારો છે તેટલા બીજી કોઇ સંસ્કૃતિ પાસે નથી. આપણને તેના અભ્યાસ પ્રત્યે સૂગ કેળવવાનું અને તેની કિંમત ઓછી આંકવાનું શીખવવામાં આવ્યું છે. આપણી સંસ્કૃતિ અનુસાર ન જીવીએ તો એક સમાજ તરીકે આપણે આપઘાત વહોરી લઇશું.**

**ગાંધીજી**

# સાચો વિકાસ આવો હોઈ શકે?

આજનો વિકાસ આમ પ્રજાને માટે વિનાશકારી છે. મૂઠીભર અબજપતિઓ માટે જ તે છે. વળી, પેટ્રોલીયમનો યુગ આથમવાની તૈયારીમાં જ છે. તો આજના વિકાસનો વિકલ્પ શું હોઈ શકે તે સ્વાભાવિક સવાલ છે. આ બાબતમાં ઘણા જુદા જુદા મત હોઈ શકે. મારી સમજ પ્રમાણે સાચો વિકાસ નીચે પ્રમાણે હોઈ શકે.

(૧) જે ચીજ ગૃહઉદ્યોગ કે ગ્રામ ઉદ્યોગથી બની શકે તે મોટી કંપનીઓ દ્વારા બનાવવા પર પ્રતિબંધ હોવો જોઈએ. એટલે ઉત્પાદનના કેન્દ્રો ગામડામાં જ હોવા જોઈએ. ગામડા સ્વાવલંબી, તેજસ્વી અને આર્થિક રીતે સધ્ધર હોવા જોઈએ. ગામડા યુરોપના જેવા આકર્ષક અને નંદનવન બનવા જોઈએ.

(૨) જમીન, જંગલ, પાણી, નદી વગેરે કુદરતી મિલકતો ગામની માલિકીની ગણાશે, સરકારની નહીં હોવી જોઈએ. તેથી કોઈ પણ કારણસર સરકાર ફરજીયાત પણે ખેડૂતની જમીન આંચકી શકશે નહીં. જમીન સંપાદનનો કાયદો જ નાબુદ થવો જોઈએ.

(૩) ગાંધીજીની ઈચ્છા પ્રમાણે દરેક ગામ સંપૂર્ણ પ્રજાસત્તાક હોવું જોઈએ. ગામડા ઉપર સરકારનો કોઈ જ અંકુશ ના હોવો જોઈએ. ગ્રામસભાને લોકસભાની કાયદા ઘડવાની સત્તા તથા સુપ્રિમ કોર્ટની ન્યાયની તમામ સત્તા આપી દેવી જોઈએ.

(૪) જીવન જરૂરિયાતની ચીજો ઉપરના તમામ કરવેરા કાઢી નાખવા જોઈએ. ધનવાનો પાસેથી સીધા જ કરવેરા લેવા જોઈએ. તે સિવાયના તમામ કરવેરા નાબૂદ થવા જોઈએ.

(૫) સરકારી બજેટ વસ્તીના પ્રમાણમાં ગામ સુધી તથા શહેરની શેરીઓ સુધી વહેંચી દેવું જોઈએ. તેમાંથી લોકોએ જાતે જ પોતાના વિકાસ કાર્યો કરવા જોઈએ.

(૬) વિદેશી કંપનીઓ ઉપર તત્કાળ પ્રતિબંધ અને દેશ નિકાલ થવી જોઈએ.

(૭) જીવન જરૂરી ચીજોના ઉત્પાદન, વેચાણ માટે મોટી કંપનીઓ ઉપર પ્રતિબંધ હોવો જોઈએ.

(૮) ઔદ્યોગિક રાહતો કે સબસીડીઓ પર સંપૂર્ણ પ્રતિબંધ થવો જોઈએ.

(૯) સંપતિની ટોચ મર્યાદા હોવી જોઈએ. પાંચ કરોડથી વધારાની સંપતિ ગરીબોના ઘર બાંધવા વાપરવી જોઈએ.

(૧૦) શહેરના ધનવાનો ગામડામાં ખેતીની જમીન ખરીદી શકે નહીં. ખેડે તેની જમીનના કાયદા કડક થવા જોઈએ.



(૧૧) આખા દેશમાં સંપૂર્ણ દારૂબંધી થવી જોઈએ. તેનો ભંગ કરનારને બહેનોના મંડળો સજા ફરમાવે.

(૧૨) ગાય બળદની કતલ તથા માંસની નિકાસ ઉપર સંપૂર્ણ પ્રતિબંધ થવો જોઈએ.

(૧૩) લોટરી, જુગાર, ગુટખા, ક્રિકેટ ઉપર પ્રતિબંધ થવો જોઈએ.

(૧૪) ટીવી ઉપર જાહેર ખબરો પર પ્રતિબંધ. ભારતીય સંસ્કૃતિ વિરુધ્ધના દ્રશ્ય માટે ફાંસીની સજા. ટીવી, સીનેમા, ક્રિકેટ જેવી હાનીકારક બાબતોને સરકારનું કોઈપણ પ્રોત્સાહન ના મળવું જોઈએ.

(૧૫) શિક્ષણમાં સરકારી દખલગીરીની મનાઈ થવી જોઈએ. શું ભણાવવું, કેમ ભણાવવું તે લોકો તથા શિક્ષકો જ નકકી કરે. શિક્ષકો પોતાની સ્કૂલ કાઢી શકે. ઘરશાળા સ્થાપવાની છૂટ દરેકને હોવી જોઈએ. રૂા.૫૦૦૦/– થી વધુ ફી લેતી સ્કૂલોએ પોતાની સ્કૂલમાં ૫૦ ટકા બાળકો ગરીબો, હરિજનોનાં મફત ભણાવવા જોઈએ.

(૧૬) અંગ્રેજી ભાષાને તત્કાળ હટાવીને દેશમાં હિન્દી તથા રાજયોમાં પ્રાન્તીય ભાષાઓમાં જ તમામ વ્યવહારો થવા જોઈએ. શિક્ષણનું માધ્યમ એન્જિનીયરીંગ અને મેડીકલ કોલેજો સહિત તમામ જગ્યાએ માતૃભાષા જ હોવું જોઈએ. (દુનિયાના કોઈ પણ વિકસિત દેશમાં અંગ્રેજી માધ્યમની એક પણ સ્કૂલ નથી.)

(૧૭) સુપ્રિમ કોર્ટ સુધીની તમામ કોર્ટો નાબુદ થવી જોઈએ. પંચ પ્રથાથી તમામ ન્યાય. ગુનેગારને તત્કાળ સજા, નિર્દોષને કોઈ હેરાન ન કરી શકે. પોલીસ ઉપર પ્રજાનો અંકુશ હોવો જોઈએ.

(૧૮) ભ્રષ્ટાચારના અને લાંચરૂશ્વતના કેસ પ્રજા પંચ નીમીને ચલાવી શકાય અને પંચના ચુકાદાથી જ સરકારી કર્મચારી, અધિકારીની નોકરી જવી જોઈએ.

(૧૯) બળાત્કાર માટે ૨૪ કલાકમાં ફાંસીની સજા પંચ દ્વારા થવી જોઈએ.

(૨૦) ગુંડાઓને મારી નાખવાની લોકોને છૂટ આપવી જોઈએ.

(૨૧) આખા દેશમાં કોઈપણ નોકરી ૩ વરસથી વધુ સમય માટે નહીં. કાયમી નોકરી અને પેન્શન નાબૂદ થવું જોઈએ.

(૨૨) જાહેર જનતાનો લોકમત લીધા વિના સરકારી કર્મચારીના પગાર વધારી શકાશે નહીં.

(૨૩) ધારાસભ્યો, સંસદસભ્યોને એક રૂપિયાનો પણ પગાર, ભથ્થા મળવા ન જોઈએ.

(૨૪) સરકારી કાયદો અન્યાયી લાગે તો સમૂહ ઠરાવ કરીને તેનો ભંગ કરવો કાયદેસર થવો જોઈએ.

(૨૫) વિદેશી દેવુ કરવાની સરકારને મનાઈ હોવી જોઈએ.

(૨૬) કોઈપણ આંતરરાષ્ટ્રીય કરાર કરતા પહેલા પ્રબુધ્ધ વ્યકિતઓનો લોકમત લેવો ફરજીયાત હોવો જોઈએ.

(૨૭) સરકારી ગોડાઉનોમાં રહેલું તમામ અનાજ ગરીબોને મફત અપાવું જોઈએ.

(૨૮) આપણા ગામમાં આપણી સરકાર આપણા શહેરની શેરીમાં પણ આપણી સરકાર એ ધોરણે તમામ સત્તા ગાંધીજીની ઈચ્છા પ્રમાણે વિકેન્દ્રિત થવી જોઈએ. તેથી સરકારી અધિકારીઓના હાથમાં કાંઈ જ સત્તા ના હોવી જોઈએ. ફકત લોકો પાસે જ સત્તા રહે.

(૨૯) રૂપિયાનું અવમૂલ્યન કરનારને ફાંસીની સજા થવી જોઈએ.

(૩૦) સરકારના ખોટ કરતા તમામ સાહસો બંધ થવા જોઈએ.

આ યાદી લંબાવી શકાય. અહીં નમૂના પૂરતી આછી ઝલક આપી છે. જો વિકાસ સાચી દિશાનો હોય તો શહેરોની ૭૫ ટકા વસ્તી સ્વેચ્છાએ ગામડા રહેવા જતી રહે, એટલા ગામડા આકર્ષક બને અને શહેરોમાં ઝૂંપડપટીઓ આપોઆપ નાબૂદ થઈ જાય.

રાજકોટ

**– વેલજીભાઈ દેસાઈ**

**હિંદુસ્તાન તેની કોટિ કોટિ પ્રજાની આર્થિક સ્થિતિ સુધારી શકશે એવી મારી શ્રધ્ધા, કદાપિ નહોતી એટલી આજ ઉજ્જવળ છે.**

**ગાંધીજી**



# હૃદયમાં કોતરાઈ ગયેલી મારી આર્થિક માન્યતાઓ

ઉદ્યોગો અને મશીનરી વિષે મહાત્મા ગાંધીજીના દિવ્ય વિચારો વાંચ્યા પછી અને મીકેનીકલ એન્જીનીયર તરીકેના મારા વરસોના અનુભવ પછી નીચેની 'તારી પાયાની માન્યતાઓ હૃદયમાં કોતરાઈ ચૂકેલી છે, જે મારા મૃત્યુ પછી શરીર સાથે બળવાની નથી પરંતુ મારા આત્મા સાથે અતુટપણે જોડાઈને બીજા અવતારમાં સાથે આવવાની છે એવી પાકી શ્રદ્ધા છે.

(૧) ગરીબી, બેકારી, ભૂખમરો, શોષણ, અસમાનતા, શહેરીકરણ, પ્રદુષણ, યુદ્ધો જેવી તમામ વિશ્વવ્યાપી ભયાનક સમસ્યાઓ મોટા કેન્દ્રિત ઉદ્યોગોમાંથી જ જન્મે છે. (એટલે મોટા ઉદ્યોગો ના હોવા જોઈએ.)

(૨) કુદરતી સંપતિના ભયાનક વેડફાટ ઉપર રચાયેલી આજની આધુનિક સંસ્કૃતિનો નજીકના ભવિષ્યમાં અંત આવવાનો છે. (એટલે કરકસરયુકત સ્વદેશી જીવન પદ્ધતિ અપનાવવી જોઈએ.)

(૩) એકવીસમી સદી મોટા કેન્દ્રિત ઉદ્યોગોના હાથમાં નથી. વિકેન્દ્રીકરણની શરૂઆત થઈ ચૂકી છે અને થોડા જ વરસોમાં ઉદ્યોગવાદને લોકો ફેંકી દેવાના છે. (એટલે સમજે તેણે આજથી જ શરૂઆત કરવી.)

(૪) એક છાપરા નીચે જંગી ઉત્પાદનનો ખ્યાલ જુનવાણી થઈ ચૂકયો છે. બધી જગ્યાએ મોટી ફેકટરીઓ તૂટવા માંડી છે. (અમેરિકા અને યુરોપના દેશોમાં પણ મોટી કંપનીઓ તૂટવા માંડી છે.)

(૫) મોટે પાયે ઉત્પાદન સસ્તુ પડે તે એક મોટો ભ્રમ છે. વાસ્તવમાં મોટા કારખાના નાનાને કદી હરાવી ના શકે. (મોટી કંપનીઓ બેંકો અને સરકાર સાથે સાંઠગાંઠ કરીને પોતાની મોનોપોલી સ્થાપીને નભી શકે છે. ખુલ્લી પ્રામાણિક હરિફાઈમાં તે કદી નભી શકે નહી.)

(૬) જટીલ અને જંગી ટેકનોલોજીથી જટિલ જીવન પદ્ધતિઓ જન્મી છે, જેનાથી મનુષ્યના મન, લોભ, સ્વાર્થ અને તૃષ્ણાથી ભરાઈ ગયા છે અને આપણે સુખનો રસ્તો ચૂકી ગયા છીએ. (આપણું રાજકારણ, વહીવટ, શિક્ષણ, ન્યાય વ્યવસ્થા તથા જીવનના તમામ ક્ષેત્રો ગંધાઈ ઊઠયા છે.)

(૭) સાચું સુખ સાદા જીવનથી શકય છે. અને સાદુ જીવન સાદી, નાની ટેકનોલોજી દ્વારા જ શકય છે. જટિલ મશીનો સાદી ચીજને પણ જટિલ બનાવી દે છે. (ગામમાં જ અનાજ, તેલ, કાપડ, ગોળ, ખાંડ, બુટ, ચંપલ તૈયાર થાય અને વીજળી પણ ગામમાં જ પેદા થાય એમાં જ સાચુ સુખ છે.)

(૮) સ્વાવલંબી ગામડા અને સ્વાવલંબી સમાજો ઊભા કરીને જ જગત સુખશાંતિથી જીવી શકે. (હજારો માઈલ દૂરથી પાણી, દુધ, શાકથી માંડી સાબુ, ચંપલ જેવી ચીજો વેચવા આવે તે ભયંકર છે.)

(૯) ઉત્પાદન બજારને માટે નહીં, પરંતુ વપરાશને માટે હોય ત્યારે પ્રચલિત અર્થશાસ્ત્રના તમામ સિદ્ધાંતો ખોટા પડે છે. (ઘરેઘરમાં રસોઈ થાય તે અર્થશાસ્ત્રની દ્રષ્ટિએ મોંઘુ પડે વધુ બળતણ વપરાય, દરેક સ્ત્રીને હેરાનગતી, તેને બદલે હોટલ સસ્તી પડે એમ અર્થશાસ્ત્રી સમજાવે. પણ સુખ શેમાં છે તે બધા સમજે છે.)

(૧૦) દરેક દેશમાં, દરેક ક્ષેત્રમાં કોઈપણ કક્ષાએ નાના ઉદ્યોગો જ લાભદાયી છે. લોકોની જીવન જરૂરી ચીજોના ઉદ્યોગોમાં તો નાનું જ અનિવાર્ય છે. (અમેરિકા હોય કે ઓરિસ્સા હોય, ઘરેઘર અને ગામેગામમાં પોતાને જોઈતી ચીજો બને તે જ આખરે સસ્તુ પડે. એના વગર સુખ સંભવ નથી.)

(૧૧) આજની ભયંકર અન્યાયી કરવેરા પદ્ધતિઓ મોટા કેન્દ્રિત ઉદ્યોગોને લીધે જ ટકે છે. સરકાર દ્વારા આમ પ્રજાની આ કાયદેસરની લૂંટ મોટા કેન્દ્રિત ઉદ્યોગો દ્વારા જ વધતી જાય છે. (માણસ દીઠ રૂા. ૧૫૦૦૦/- સરકાર લૂંટી જાય છે. ૪ માણસનું કુટુંબ રૂા. ૬૦૦૦૦/- ભરે છે. ૩ હજારની વસતીના ગામડામાંથી સરકાર દર વરસે સાડા ચાર કરોડ રૂ. પડાવી લે છે.)

(૧૨) ટ્રાન્સપોર્ટ માનવજાતિને શાપરૂપ છે. વિશ્વવ્યાપી ટ્રાન્સપોર્ટ વિશ્વવ્યાપી શોષણ ઊભું કરે છે. (કરોડો માણસોને ખાવાના સાંસા, થોડાક માણસો ફકત ફોન કરીને લાખો કમાઈ લ્યે. આ શાને આધારે ટકે છે ? ટ્રાન્સપોર્ટને આધારે જ.)

**મારો ગભરાટ :** હું જયારે કોઈ જંગી ઉદ્યોગ કે કારખાનું જોઉ છું ત્યારે હું ગભરાઉ છું. કારણ કે મને તે આમ પ્રજાની સ્વતંત્રતા, સંસ્કૃતિ અને માનવતાનું નિકંદન કાઢનારા દૈત્યરૂપે જ દેખાય છે.

**મારુ સાંત્વન :** જયારે જયારે હું કોઈ કુટિર કે ગૃહઉદ્યોગ જોઉં છું ત્યારે મને સાંત્વન મળે છે. કારણ કે મને તે લોકોની સ્વતંત્રતા, સ્વરાજ, સંસ્કૃતિ અને જીવનને સમૃદ્ધ કરતા ઈશ્વરના આશીર્વાદરૂપ દેખાય છે.

**હું કોણ છું :** હું આ પૃથ્વી ઉપરનું માટીનું રજકણ માત્ર છું. હું કોઈપણ વિશેષતા વગરનો સાવ સામાન્ય માણસ છું. પરંતુ મને ઊંડી શ્રદ્ધા છે કે મોટા કારખાનાની માયાજાળનાં મોટામાં મોટા અનિષ્ટથી માનવજાતને બચાવી લેવાનું શકય છે.

**વેલજીભાઈ દેસાઈ**



## પ્રેરણાદાયક ગાંધીજીના પુસ્તકો

*(૧) આત્મકથા (સત્યના પ્રયોગો)*
*(૨) દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ*
*(૩) આરોગ્યની ચાવી*
*(૪) હિંદ સ્વરાજ*
*(૫) નીતિનાશને માર્ગે*
*(૬) ગ્રામ સ્વરાજ*
*(૭) સત્ય એ જ ઈશ્વર છે.*
*(૮) રામનામ*
*(૯) ગીતાબોધ*
*(૧૦) મંગળ પ્રભાત*
*(૧૧) મારા સ્વપ્નનું ભારત*
*(૧૨) ખરી કેળવણી*
*(૧૩) મારા જેલના અનુભવો*
*(૧૪) ગાંધીજીનો અક્ષરદેહ ૧થી ૧૦૦ ભાગ*
*(૧૫) મહાદેવભાઈની ડાયરી ૧થી ૨૨ ભાગ*

*પુસ્તકો પડતર કિંમતે મેળવવાનું સરનામું*

**નવજીવન પ્રકાશન**

*અમદાવાદ-૧૪*

**ગોપાલભાઈ દેસાઈ**
*ટાઈનીટેક પ્લાન્ટસ, ટાગોર રોડ,*
*ભક્તિનગર સ્ટેશન પાસે, રાજકોટ -૩૬૦ ૦૦૨.*
*ફોન નં. :- ૯૨ ૨૭ ૬૦ ૬૨ ૬૪*